RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 359 Dt. 04-07-2026 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

ગુજરાત અને મધ્યપ્રદેશમાં ATSનું મેગા ઓપરેશન

જૈશ-એ-મોહમ્મદના ૮ આતંકીઓ ઝડપાયા

યુવાનોના બ્રેઈનવોશનું ઘાતક ષડયંત્ર નિષ્ફળ : બંને રાજ્યોમાં સુરક્ષા વ્યવસ્થા હાઈ-એલર્ટ પર

નવી દિલ્હી, તા.૩

દેશની આંતરિક સુરક્ષાને ડહોળવા અને ગુજરાતની શાંતિનો ભંગ કરવા માટે રચાયેલા એક અત્યંત મોટા અને ભયાનક આતંકી ષડયંત્રનો પર્દાફાશ થયો છે. ગુજરાત આતંકવાદ વિરોધી દળ (અઝજ) દ્વારા સ્થાનિક પોલીસની મદદથી એક સંયુક્ત 'મેગા ઓપરેશન' હાથ ધરીને ગુજરાત અને મધ્યપ્રદેશના વિવિધ જિલ્લાઓમાંથી આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિબંધિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ (JeM) સાથે સંકળાયેલા ૮ જેટલા સક્રિય આતંકીઓની ધરપકડ કરવામાં આવી છે. આ હાઈ-પ્રોફાઈલ અને અત્યંત ગુપ્ત ઓપરેશન બાદ બંને રાજ્યોમાં સુરક્ષા વ્યવસ્થાને હાઈ-એલર્ટ પર મૂકી દેવામાં આવી છે.

પ્રાપ્ત અહેવાલો અનુસાર, પકડાયેલા તમામ આરોપીઓ પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદના સક્રિય સભ્યો છે અને લાંબા સમયથી સંગઠન વતી 'સ્લીપર સેલ' તરીકે ગુપ્ત રીતે કામ કરી રહ્યા હતા. આ શખ્સો વિદેશી હેન્ડલર્સના સતત સંપર્કમાં રહીને ગુજરાત રાજ્યમાં સંગઠનના નેટવર્કને મજબૂત કરવા તેમજ મોટા આતંકવાદી કૃત્યો અને દેશવિરોધી પ્રવૃત્તિઓને અંજામ આપવા માટે સક્રિય હતા. ગુજરાત અઝજ્ને હ્યુમન અને ટેકનિકલ ઇન્ટેલિજન્સના આધારે આ મોડ્યુલ અંગે સચોટ બાતમી મળી હતી. જેના પગલે ઉચ્ચ અધિકારીઓ દ્વારા તાત્કાલિક ૫ અલગ-અલગ વિશેષ ટીમોની રચના કરવામાં આવી હતી અને અત્યંત ગોપનીય રીતે ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું.

બાતમીના આધારે ટેકનિકલ સર્વેલન્સ ગોઠવીને ગુજરાતના બનાસકાંઠા, મહેસાણા, નવસારી અને પાટણ તેમજ મધ્યપ્રદેશના દેવાસ જિલ્લામાં શંકાસ્પદ ઠેકાણાઓ પર એકસાથે દરોડા પાડવામાં આવ્યા હતા. આ સફળ ઓપરેશન દરમિયાન તમામ ૮ આરોપીઓને ઝડપી લેવાયા હતા. હાલ તમામને સઘન પૂછપરછ માટે અઝજ કચેરી ખાતે લાવવામાં આવ્યા છે અને કોર્ટમાં રજૂ કરીને તેમના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. પ્રાથમિક પૂછપરછમાં એવા ચોંકાવનારા તથ્યો સામે આવ્યા છે કે જે સુરક્ષા એજન્સીઓ માટે પણ ચિંતાનો વિષય બન્યા છે. પકડાયેલા આરોપીઓએ ગુજરાતમાં આતંકી પ્રવૃત્તિઓ ચલાવવા માટે 'દારૂલ ઇસ્લામ ગુજરાત જૈશ-એ-મોહમ્મદ' નામનું એક ચોક્કસ ગ્રુપ બનાવ્યું હતું. આ શખ્સો પાકિસ્તાની હેન્ડલર 'અબ્દુલ્લાહ' અને 'મોહમ્મદ ઉમર'ના સીધા સંપર્કમાં હતા. ગુજરાતમાં બોમ્બ બ્લાસ્ટ કે અન્ય મોટા આતંકવાદી કૃત્યો પાર પાડવાના ષડયંત્રના ભાગરૂપે તેઓએ અંદાજે ૩ લાખ રૂપિયાનું ટેરર

ફંડિંગ પણ મેળવ્યું હતું. આ ફંડમાંથી તેઓએ એક જૂની કાર ખરીદી હતી, પરંતુ કાયદાકીય પકડથી અને પોલીસની નજરથી બચવા માટે તેનું રજીસ્ટ્રેશન હજુ સુધી પોતાના નામે કરાવ્યું ન હતું. હાલમાં આરોપીઓના નાપાક ઈરાદા અને તેમની પાસેથી મળી આવેલા સક્ષ્ડ ડિજિટલ પુરાવાઓને ધ્યાનમાં રાખીને ગુજરાત અઝજ દ્વારા કડક કલમો હેઠળ ગુનો દાખલ કરી તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે. આ આતંકી નેટવર્કના મૂળ સુધી પહોંચવા તેમજ અન્ય કયા સ્થાનિક મદદગારો સંકળાયેલા છે તે જાણવા માટે એજન્સીઓ દ્વારા રાત-દિવસ એક કરવામાં આવી રહ્યા છે.

મસૂદ અઝહરના પુસ્તકનું ગુજરાતીમાં ભાષાંતર!

તપાસ દરમિયાન આરોપીઓ પાસેથી મોટા પ્રમાણમાં જેહાદી ડિજિટલ અને પ્રિન્ટ સાહિત્ય મળી આવ્યું છે. મુખ્ય આરોપી ઇબ્રાહિમ મોહમ્મદ હુસેન ઘઘાના મોબાઇલમાં રહેલી 'નોર્ડ લોકર' (Nord Locker) નામની સિક્યોર એપમાંથી ૨૫૪ જેટલા જેહાદી પુસ્તકો, ઉશ્કેરણીજનક ઓડિયો-વિડિયો ફાઇલો અને જૈશના ઝંડાના ફોટા મળી આવ્યા છે. આ ઉપરાંત, જૈશ-એ-મોહમ્મદના વડા અને મોસ્ટ વોન્ટેડ આતંકી મસૂદ અઝહરને સંબોધીને ઉર્દૂમાં લખેલા ૮ પત્રો પણ કબ્જે લેવાયા છે.પરંતુ, સૌથી ચિંતાજનક બાબત એ છે કે, આ આરોપીઓએ મસૂદ અઝહરના પ્રખ્યાત જેહાદી પુસ્તક 'દર્સ-એ-જેહાદ'નું ઉર્દૂમાંથી સીધું 'ગુજરાતી'માં ભાષાંતર કર્યું હતું! આ પાછળનો તેમનો મુખ્ય મનસૂબો ગુજરાતના સ્થાનિક યુવાનોને સરળતાથી કટ્ટરપંથી વિચારધારા તરફ વાળીને, તેમનું બ્રેઈનવોશ કરી આતંકી સંગઠનમાં ભરતી કરવાનો હતો.

કરોડો રામભક્તોની આસ્થા પર કુઠારાઘાત કરનારા દોષિતોને સજા કરો. RSS

મંદિર મેનેજમેન્ટે વ્યવસ્થા અને સંચાલનની તમામ ખામીઓને દૂર કરવા માટે અસરકારક પગલાં ભરવા જોઈએ

નવી દિલ્હી, તા.૩

અયોધ્યામાં રામલલા મંદિરનો ચઢાવો ચોરી થવાની ઘટના પર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘએ કડક નિવેદન જાહેર કર્યું છે. સંઘે કહ્યું કે, આ ઘટના માત્ર ચોરીનો મામલો નથી, પરંતુ આનાથી કરોડો રામ ભક્તોની આસ્થા અને શ્રદ્ધાને ઊંડો કુઠારાઘાત પહોંચ્યો છે.

સંઘે દોષિતો સામે કડક કાર્યવાહીની માંગ કરવાની સાથે મંદિર મેનેજમેન્ટ અને વ્યવસ્થામાં સુધારાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો છે.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરકાર્યવાહ દત્તાત્રેય હોસબોલેએ જાહેર કરેલા નિવેદનમાં જણાવ્યું કે, શ્રી રામ જન્મભૂમિ પર બનેલું ભવ્ય મંદિર પેઢીઓના સંઘર્ષ, કરોડો રામ ભક્તોના સમર્પણ, ત્યાગ અને બલિદાનનું પ્રતીક છે. આ જ કારણ છે કે, આ મંદિર સમગ્ર હિંદુ સમાજની આસ્થા, શ્રદ્ધા અને ભક્તિનું પ્રમુખ કેન્દ્ર છે. આવા સમયમાં અયોધ્યા સ્થિત શ્રી રામલલા મંદિરના દાન પાત્રોમાં જમા થયેલી ધનરાશિની ચોરીની ઘટના અત્યંત કમનસીબ છે. સંઘે કહ્યું કે, આ ઘટનાથી સમગ્ર સમાજ અને રામ ભક્તોની લાગણીઓ દુભાઈ છે. તેથી આ મામલાને સામાન્ય ગુનાની જેમ નહીં, પરંતુ કરોડો લોકોની આસ્થા સાથે જોડાયેલા ગંભીર વિષય તરીકે જોવો જોઈએ.

સંઘે પોતાના નિવેદનમાં જણાવ્યું છે કે, શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ન્યાસ(ટ્રસ્ટ)ના આગ્રહ પર ઉત્તર પ્રદેશ સરકારે આ મામલાની તપાસ માટે વિશેષ તપાસ ટીમ(જ્ઈઝ)ની રચના કરી છે. તપાસ ટીમની ભલામણના આધારે કાનૂની પ્રક્રિયા પણ શરૂ કરી દેવામાં આવી છે. સંઘે સ્પષ્ટ કહ્યું કે, તપાસમાં જે પણ વ્યક્તિ દોષિત સાબિત થાય, તેની સામે કડકમાં કડક કાર્યવાહી સુનિશ્ચિત થવી જોઈએ. સાથે જ એવું પણ કહેવામાં આવ્યું કે, ન્યાય ત્યારે જ પૂરો થયેલો ગણાશે, જ્યારે દોષિતોને કાયદા મુજબ સખત સજા મળશે અને ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન નહીં થાય.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે કહ્યું કે, આ ઘટનાને અસાધારણ ગણીને મંદિર મેનેજમેન્ટે વ્યવસ્થા અને સંચાલનની તમામ ખામીઓને દૂર કરવા માટે અસરકારક પગલાં ભરવા જોઈએ. સંઘના જણાવ્યા અનુસાર વર્તમાન સમયમાં જે ભ્રમ અને મૂંઝવણની સ્થિતિ ઊભી થઈ છે, તેને વહેલી તકે સમાપ્ત કરવી જરૂરી છે. આ માટે મંદિર મેનેજમેન્ટ અને તંત્ર દ્વારા ગઠિત વિશેષ તપાસ ટીમ જરૂરી પહેલ કરે. સંઘે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, સુદૃઢ નાણાકીય સંચાલન, સંપૂર્ણ પારદર્શિતા, મજબૂત દેખરેખ વ્યવસ્થા અને ધાર્મિક પવિત્રતાના વાતાવરણ દ્વારા શ્રી રામજન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ કરોડો શ્રદ્ધાળુઓનો વિશ્વાસ વધુ મજબૂત કરશે.

પોતાના નિવેદનના અંતમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે સમગ્ર હિંદુ સમાજને ધૈર્ય અને સંયમ જાળવી રાખવાની અપીલ કરી છે. સંઘે કહ્યું કે, આ મુશ્કેલ સમયમાં સમાજે ભાવનાઓમાં વહી જવાને બદલે જવાબદારીનો પરિચય આપવો જોઈએ.

સાથે જ એવું પણ કહ્યું કે, આ કમનસીબ ઘટનાનો લાભ ઉઠાવીને હિંદુ વિરોધી અને રાષ્ટ્ર વિરોધી શક્તિઓ હિંદુ ધર્મ તથા સમાજને બદનામ કરવાનો પ્રયાસ કરી શકે છે. આવા કોઈપણ ષડયંત્રને નિષ્ફળ બનાવવું એ સમગ્ર સમાજની જવાબદારી છે. સંઘે ભરોસો વ્યક્ત કર્યો કે, નિષ્પક્ષ તપાસ, પારદર્શી વ્યવસ્થા અને અસરકારક સુધારાઓ દ્વારા મંદિરની ગરિમા, પવિત્રતા અને કરોડો રામ ભક્તોની આસ્થા પહેલાની જેમ જ અખંડ રહેશે.

ઈ-રિક્ષા બેટરી મામલે ગુગલ, એપ્પલને ૭ એપ્સ બંધ કરવા નોટિસ

જોકે, હજુ સુધી આ બંને કંપનીઓ તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી

નવી દિલ્હી, તા.૩

સરકારે ઈ-રિક્ષા ચાલકો સાથે થતા સોશિયલ મીડિયા પ્રેન્ક અટકાવવા મોટો નિર્ણય લીધો છે. ગુગલ અને એપ્પલને BAT-BMS સહિતની ૭ એપ્સ પ્લેટફોર્મ પરથી હટાવવા નોટિસ અપાઈ છે. આ એપ્સનો દુરુપયોગ કરી ઈ-રિક્ષાની બેટરી રસ્તા વચ્ચે બંધ કરી વીડિયો વાયરલ થતા હતા. આનાથી ગરીબ ડ્રાઈવરોની રોજીરોટી પર અસર થતી હતી, તેમજ મુસાફરોની સુરક્ષા જોખમાતી હતી.ઈ-રિક્ષા ચાલકો સાથે સોશિયલ મીડિયા પર થતા ખોટા 'પ્રેન્ક' બંધ કરાવવા માટે સરકારે મોટું પગલું ભર્યું છે. સરકારે ગુગલ એન્ડ્રોઇડ અને એપ્પલને BAT ઇખજ સહિતની લગભગ ૭ એપ્સને પોતાના પ્લેટફોર્મ પરથી હટાવવા માટે નોટિસ આપી છે. આ એપ્સનો ખોટો ઉપયોગ કરીને ચાલુ ઈ-રિક્ષાની બેટરીઓ રસ્તા વચ્ચે જ બંધ કરી દેવામાં આવતી હતી.

છેલ્લા થોડા દિવસોથી ઇન્સ્ટાગ્રામ પર કેટલાક લોકો ઈ-રિક્ષા ચાલકો સાથે પ્રેન્ક કરીને વીડિયો બનાવતા હતા. આ લોકો BAT BMS જેવી એપ્સની મદદથી ચાલુ ઈ-રિક્ષાને રસ્તા વચ્ચે જ બંધ કરી દેતા હતા અને તેના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરીને વ્યુઝ કમાતા હતા. આ વીડિયો વાયરલ થયા પછી સરકાર એક્શનમાં આવી છે. આજકાલની આધુનિક ઈ-રિક્ષામાં લિથિયમ આયન બેટરી આવે છે, જેમાં બ્લૂટૂથ કનેક્ટિવિટી હોય છે. મિકેનિક કે ટેકનિશિયન બેટરીની હેલ્થ અને ચાર્જિંગ ચેક કરવા માટે ઇખજ એટલે કે બેટરી મેનેજમેન્ટ સિસ્ટમનો ઉપયોગ કરે છે. આ એપ્સમાં બેટરીને બંધ કરવાનો ઓપ્શન પણ હોય છે. જે ઈ-રિક્ષામાં બ્લૂટૂથ ઓપન રાખવામાં આવ્યું હોય, તેને લોકો આ એપ્સની મદદથી ફોન દ્વારા જ બંધ કરી દેતા હતા. આ બ્લૂટૂથનું કંટ્રોલ બિચારા રિક્ષા ચાલકો પાસે હોતું નથી. આ પ્રેન્કના કારણે રિક્ષા ચાલકોની રોજીરોટી પર અસર પડી રહી છે. સોશિયલ મીડિયા પર એવા પણ વીડિયો સામે આવ્યા છે જેમાં ગરીબ ડ્રાઇવરો પોતાની રિક્ષા ચાલુ કરવા માટે લોકો સામે કરગરી રહ્યા છે.

આતંકવાદ બંધ ન થાય ત્યાં સુધી ચર્ચા નહીં

૫૬૪.૫૭ કિલોમીટર લંબાઈમાં વાઈડનીંગ, સ્ટ્રેન્ધનીંગ, રીસર્ફેસિંગ અને સ્ટ્રક્ચરના વિવધ કામો હાથ ધરાશે

નવી દિલ્હી, તા.૩

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે પાકિસ્તાનને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, સરહદ પારનો આતંકવાદ ખતમ ન થાય ત્યાં સુધી સિંધુ જળ સમજૂતી પર વાતચીત શક્ય નથી. આતંકવાદ અને ચર્ચા એકસાથે ન ચાલી શકે. ભારતે પાકિસ્તાન દ્વારા અફઘાનિસ્તાન પર કરાયેલા હુમલાની પણ સખત નિંદા કરી છે, જેમાં ૨૮ નિર્દોષોના મોત થયા હતા. ભારતે અફઘાનિસ્તાનને સમર્થન અને માનવીય સહાય ચાલુ રાખવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. ભારતે સિંધુ જળ સમજૂતી સસ્પેન્ડ કર્યા બાદ પાકિસ્તાન ભારે તરફડિયા મારી રહ્યું છે, આ જ કારણે પાકિસ્તાની નેતાઓ અને તેમની આરમી અવાર-નવાર ભારત વિરુદ્ધ ઝેર ઓંકી રહ્યું છે. તાજેતરમાં જ પાકિસ્તાન તરફથી ભારત વિરુદ્ધ ભડકાઉ નિવેદન કરવામાં આવ્યું હતું, જેનો ભારત સરકારે જડબાતોડ જવાબ આપ્યો છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે પાકિસ્તાનને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું છે કે, જ્યાં સુધી સરહદ પાર ચાલી રહેલો આતંકવાદ સંપૂર્ણ ખતમ નહીં થાય, ત્યાં સુધી સિંધુ જળ સમજૂતીને લગતી વાતચીત પણ નહીં થાય અને સ્થિતિ રાબેતા મુજબ કે ફરીથી પહેલા જેવી કરવામાં પણ નહીં આવે. ભારતે સ્પષ્ટ કહી દીધું છે કે, આતંકવાદ અને ચર્ચા બંને એક સાથે ન ચાલી શકે. ભારત રાષ્ટ્રીય સુરક્ષા સાથે કોઈપણ સમજૂતી નહીં કરે.આ સાથે ચીન-મ્યાંમાર-બાંગ્લાદેશ વચ્ચે આર્થિક કોરિડોર બનાવવાના પ્રસ્તાવ પર પણ ભારતે કડક વલણ અપાવ્યું છે. વિદેશ મંત્રાલયે કહ્યું છે કે, ભારત આ કોરિડોરને લગતા તમામ ઘટનાક્રમ અને અહેવાલો પર, તેની વ્યૂહાત્મક ગતિવિધિઓ પર ખાસ નજર રાખી રહ્યું છે. મંત્રાલયે કહ્યું કે, 'અમે આવા તમામ મુદ્દાઓ અને ઘટનાક્રમો પર સતત નજર રાખીએ છીએ. જ્યારે પણ આપણા રાષ્ટ્રીય હિતો અને સુરક્ષાની રક્ષા માટે પગલા ભરવાની જરૂર અનુભવાય છે, ત્યારે અમે કોઈપણ વિલંબ વગર જરૂરી પગલા ભરીએ છીએ.'

સિંધુ જળ કરાર પર ભારતનો પાકિસ્તાનને જવાબ

પાકિસ્તાને તાજેતરમાં જ અફઘાનિસ્તાનના સરહદી વિસ્તારો એરસ્ટ્રાઈક કરીને ૨૮ નિર્દોષોને મારી નાખ્યા હતા, ત્યારે ભારતે પાકિસ્તાની એરસ્ટ્રાઈકની કડક શબ્દોમાં ટીકા કરી છે. રણધીર જયસ્વાલે કહ્યું કે, 'પાકિસ્તાનના હુમલામાં મહિલાઓ અને બાળકો સહિત અનેક નિર્દોષોના મોત થયા, જેની અમે સંપૂર્ણ નિંદા કરીએ છીએ. ભારત સરકાર મૃત્યુ પામેલા નાગરિકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરે છે. ભારત અફઘાનિસ્તાનના સમર્થનમાં છે.' આ સાથે ભારતે અફઘાન પ્રજા માટેની માનવીય સહાય અને વિકાસ પ્રોજેક્ટ હંમેશા ચાલુ રાખવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે.

ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે ઘણા મહિલાઓથી સંઘર્ષ ચાલી રહ્યો છે. પાકિસ્તાન અફઘાન પર અવાર-નવાર હુમલા કરતું રહે છે, ત્યારે ભારતે અફઘાનિસ્તાનને સમર્થન આપીને અને માનવીય સહાય કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી વિશ્વમાં માનવતાનું ઉદાહરણ પાડ્યું છે. સંયુક્ત રાષ્ટ્રના નિવેદન મુજબ, તાજેતરમાં જ પાકિસ્તાને અફઘાન પર કરેલા હુમલામાં ૨૮ નાગરિકોના મોત અને ૪૯ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. બીજીતરફ પાકિસ્તાનને પણ વળતો જવાબ આપ્યો હોવાનો તાલિબાન સરકારે દાવો કર્યો હતો.

વડાપ્રધાન સાણંદમાં : કરોડોના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ

રાજસ્થાન, ગુજરાતની મુલાકાત લેશે, ૧.૦૬ લાખ કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટ્સ કરશે લોન્ચ : એક જાહેર સભાને પણ કરશે સંબોધન

નવી દિલ્હી, તા.૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે તા.૪ના રોજ રાજસ્થાન અને ગુજરાતની મુલાકાત લેવાના છે. જ્યાં તેઓ મુખ્ય માળખાગત પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે, સંશોધિત ઉડાન યોજનાનો પ્રારંભ કરશે, આશરે ૧.૦૬ લાખ કરોડ રૂપિયાના વિકાસ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને શિલાન્યાસ કરશે અને ગુજરાતમાં સેમિકન્ડક્ટર સુવિધાનું ઉદ્ઘાટન કરવાના છે.

સવારે લગભગ ૧૦-૪૫ વાગ્યે, વડાપ્રધાન જોધપુર એરપોર્ટના ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન કરશે અને જોધપુરમાં સંશોધિત ઉડાન યોજનાનો શુભારંભ કરાવશે. ત્યારબાદ, ૧૨.૧૫ વાગ્યે, તેઓ આશરે ૧.૦૬ લાખ કરોડ રૂપિયાના વિકાસ પ્રોજેક્ટ્સનું સમર્પિત, ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરવા માટે બાલોત્રા જશે. તેઓ આ પ્રસંગે એક જાહેર સભાને પણ સંબોધિત કરશે. ત્યારબાદ, વડાપ્રધાન ગુજરાતની મુલાકાત લેશે. સાંજે લગભગ ૪:૩૦ વાગ્યે, વડાપ્રધાન અમદાવાદના સાણંદમાં સીજી સેમી આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી અને ટેસ્ટ (ઓએસએટી) સુવિધાનું ઉદ્ઘાટન કરશે. તેઓ આ પ્રસંગે સભાને પણ સંબોધિત કરશે.પ્રાદેશિક જોડાણ પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરીને, ઉડ્યન ક્ષેત્રને એક મોટા પ્રોત્સાહન તરીકે, વડાપ્રધાન જોધપુરમાં સંશોધિત ઉડાન યોજનાનો શુભારંભ કરાવનાર હોવાનું જાહેર કરાયું છે.

ભારતના નાગરિક ઉડ્યન ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ છલાંગ છે અને ''ઉડે દેશ કા આમ નાગરિક'' ના વિઝનને વધુ આગળ વધારશે. આગામી ૧૦ વર્ષોમાં ૨૮,૮૪૦ કરોડની ફાળવણી સાથે, યોજના ઉડ્યન-આગેવાની હેઠળના વિકાસના આગામી તબક્કાને વેગ આપવાનો હેતુ ધરાવે છે. દેશભરમાં ઉડ્યન માળખાગત સુવિધાઓનો વિસ્તાર કરવા માટે, હાલના બિન-સેવાવાળા હવાઈ પટ્ટાઓમાંથી ૧૦૦ એરોડ્રોમના વિકાસ પર મુખ્ય ભાર મૂકવામાં આવી રહ્યો છે, જે ૧૨ હજાર કરોડથી વધુના ખર્ચે સમર્થિત છે. આ ઉપરાંત, પ્રાદેશિક એરપોર્ટના સંચાલનના શરૂઆતના વર્ષો દરમિયાન તેમની કાર્યક્ષમતા સુનિશ્ચિત કરવા માટે કામગીરી અને જાળવણી (ઓ એન્ડ એમ) સપોર્ટ માટે ૨,૫૦૦ કરોડથી વધુની ફાળવણી કરવામાં આવી છે. દૂરસ્થ અને મુશ્કેલ ભૂપ્રદેશોમાં સુલભતાના પડકારોને સંબોધવા માટે, આ યોજનામાં૨૦૦ આધુનિક હેલિપેડના વિકાસનો પણ પ્રસ્તાવ છે. યોજના એરલાઇન્સ માટે ૧૦,૦૦૦ કરોડથી વધુના વાયેબિલિટી ગેપ ફંડિંગ (વીજીએફ) સપોર્ટને પણ ચાલુ રાખે છે, જે ધીમે ધીમે વ્યાપારી સધ્ધરતાને પ્રોત્સાહન આપતી વખતે પ્રાદેશિક કામગીરીને ટકાઉ બનાવે છે. આત્મનિર્ભર ભારતના વિઝનને વધુ મજબૂત બનાવતા, આ પહેલમાં સ્વદેશી વિમાનો અને હેલિકોપ્ટર, જેમ કે ઇંઅક ધ્રુવ અને ડોર્નિયર પ્લેટફોર્મની ખરીદીનો સમાવેશ થાય છે, જેથી પછાત વિસ્તારોમાં કનેક્ટિવિટી અને કામગીરીમાં વધારો થાય તેવું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

આ કાર્યક્રમ દરમિયાન, વડાપ્રધાન જોધપુર એરપોર્ટ પર નવા ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન પણ કરશે. આ પ્રોજેક્ટ ૪૮૦ કરોડના ખર્ચે વિકસાવવામાં આવ્યો છે. ૨૩ હજાર ચોરસ મીટરથી વધુ વિસ્તારમાં ફેલાયેલું, નવું ટર્મિનલ બિલ્ડિંગ વાર્ષિક ૨૦ લાખ મુસાફરોને સંભાળવા માટે ડિઝાઇન કરવામાં આવ્યું છે. તે આધુનિક મુસાફરોની સુવિધાઓથી સજ્જ છે જેથી સરળ અને આરામદાયક મુસાફરીનો અનુભવ સુનિશ્ચિત થાય.રાજસ્થાનના શાહી વારસાથી પ્રેરિત, આ ટર્મિનલ કમાનો અને ઝારોખા જેવા પરંપરાગત તત્વોને સમકાલીન ડિઝાઇન સાથે એકીકૃત રીતે મિશ્રિત કરે છે. ટર્મિનલની ડિઝાઇનમાં ટકાઉપણું અભિન્ન અંગ રહ્યું છે, જેમાં ઊર્જા-કાર્યક્ષમ પ્રણાલીઓ, પાણી સંરક્ષણ પગલાં અને ૫-સ્ટાર GRIHA રેટિંગ પ્રાપ્ત કરવાના હેતુથી ગ્રીન બિલ્ડિંગ પ્રેક્ટિસ જેવી સુવિધાઓનો સમાવેશ થાય છે, એમ પ્રકાશનમાં જણાવાયું છે. જોધપુર એરપોર્ટ પર નવા ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન આ પ્રદેશમાં પ્રવાસન, વેપાર અને રોજગાર સર્જનને નોંધપાત્ર પ્રોત્સાહન આપશે.પ્રકાશન અનુસાર, વડાપ્રધાન બાલોત્રામાં લગભગ ૧.૦૬ લાખ કરોડ રૂપિયાના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કરશે. આ પ્રોજેક્ટ્સ પેટ્રોકેમિકલ્સ, શહેરી પરિવહન, રેલ્વે, રસ્તાઓ, નવીનીકરણીય ઉર્જા અને પાવર ટ્રાન્સમિશન સહિત અનેક ક્ષેત્રોને આવરી લે છે.

વડાપ્રધાન બાલોત્રાના પચપદ્રા ખાતે ભારતનું પ્રથમ ગ્રીનફિલ્ડ ઇન્ટિગ્રેટેડ રિફાઇનરી-કમ-પેટ્રોકેમિકલ કોમ્પ્લેક્સ રાષ્ટ્રને સમર્પિત કરશે, જે દેશના ઊર્જા અને પેટ્રોકેમિકલ ક્ષેત્રમાં એક સીમાચિહ્નરૂપ સિદ્ધિ હશે.હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL) અને રાજસ્થાન સરકાર વચ્ચેના સંયુક્ત સાહસ તરીકે વિકસિત, ૯ મિલિયન મેટ્રિક ટન પ્રતિ વર્ષ (MMTPA) ગ્રીનફિલ્ડ રિફાઇનરી-કમ-પેટ્રોકેમિકલ કોમ્પ્લેક્સ રૂ. ૭૯,૪૫૦ કરોડથી વધુના રોકાણ સાથે સ્થાપિત કરવામાં આવ્યું છે.

આ અત્યાધુનિક સંકુલ રિફાઇનિંગ અને પેટ્રોકેમિકલ ઉત્પાદનને એકીકૃત કરે છે, જેની પેટ્રોકેમિકલ ક્ષમતા ૨.૪ MMTPA છે. રિફાઇનરીમાં ૧૭.૦ નો ઉચ્ચ નેલ્સન કોમ્પ્લેક્સિટી ઇન્ડેક્સ અને પેટ્રોકેમિકલ ઉપજ ૨૬% થી વધુ છે, જે કાર્યક્ષમતા અને ટકાઉપણું માટેના વૈશ્વિક બેન્ચમાર્ક સાથે સુસંગત છે. આ પ્રોજેક્ટ ભારતની ઉર્જા સુરક્ષાને મજબૂત બનાવવામાં, પેટ્રોકેમિકલ સ્વનિર્ભરતા વધારવામાં અને ઔદ્યોગિક વિકાસને વેગ આપવામાં મુખ્ય ભૂમિકા ભજવશે તેવી અપેક્ષા છે. તે પ્રદેશમાં પેટ્રોકેમિકલ અને પ્લાસ્ટિક પાર્કના વિકાસ માટે એક મુખ્ય ઉદ્યોગ તરીકે સેવા આપશે, જે ડાઉનસ્ટ્રીમ ઉદ્યોગો અને આનુષંગિક ક્ષેત્રોને પ્રોત્સાહન આપશે. વધુમાં, રિફાઇનરી નોંધપાત્ર રોજગારીની તકો ઉત્પન્ન કરવા માટે તૈયાર છે, જે પ્રદેશના સામાજિક-આર્થિક વિકાસમાં ફાળો આપે છે.

વડાપ્રધાન જયપુર મેટ્રો રેલ પ્રોજેક્ટના બીજા તબક્કાનો શિલાન્યાસ કરશે, જેનો કુલ ખર્ચ ૧૩,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ છે. બીજા તબક્કા હેઠળ, પ્રહલાદપુરાથી ટોડી મોડ સુધી ૪૧ કિમીનો ઉત્તર-દક્ષિણ મેટ્રો કોરિડોર વિકસાવવામાં આવશે, જે સીતાપુરા અને વિશ્વકર્મા ઔદ્યોગિક વિસ્તાર (VKI) ના ઔદ્યોગિક અને રહેણાંક વિસ્તારોને ૩૬ સ્ટેશનો દ્વારા જોડશે.આ કોરિડોર સીતાપુરા ઔદ્યોગિક વિસ્તાર, VKI, જયપુર એરપોર્ટ, ટોંક રોડ, SMS હોસ્પિટલ, જબજ સ્ટેડિયમ, અંબાબારી અને વિદ્યાધર નગર સહિતના મુખ્ય સ્થળોને સીમલેસ કનેક્ટિવિટી પ્રદાન કરશે. આ પ્રોજેક્ટ જયપુરના મુખ્ય ઔદ્યોગિક અને રહેણાંક વિસ્તારો સાથે કનેક્ટિવિટીમાં નોંધપાત્ર સુધારો કરશે, જેનાથી રહેવાસીઓને ઝડપી, સુરક્ષિત અને વધુ અનુકૂળ જાહેર પરિવહન મળશે. ફેઝ ૧ હેઠળ, ૧૧ સ્ટેશનો સાથે ૧૧.૬૪ કિમીનો મેટ્રો કોરિડોર પહેલેથી જ કાર્યરત છે.

વડાપ્રધાન ચુરુ-સાદુલપુર (૫૮ કિમી) અને ચુરુ-રતનગઢ (૪૬ કિમી) રેલ ડબલિંગ પ્રોજેક્ટ્સ રાષ્ટ્રને સમર્પિત કરશે, જે લગભગ ૯૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવ્યા છે. ૧૦૪ કિમીની કુલ લંબાઈ ધરાવતા આ પ્રોજેક્ટ્સ ઉત્તર-પશ્ચિમ રાજસ્થાનમાં રેલ કનેક્ટિવિટીને મજબૂત બનાવશે. તેઓ રેલ લાઇન ક્ષમતામાં વધારો કરશે, જેનાથી પેસેન્જર અને માલવાહક ટ્રેનો બંનેનું સરળ, સુરક્ષિત અને વધુ સમયસર સંચાલન શક્ય બનશે, સાથે સાથે રેલ નેટવર્ક પર ભીડ ઓછી થશે. આ પ્રોજેક્ટ્સ પ્રદેશમાં રોકાણ, રોજગાર સર્જન અને ઔદ્યોગિક વિકાસને પણ પ્રોત્સાહન આપશે.પ્રકાશન અનુસાર, વડાપ્રધાન NH-125A, જોધપુર રિંગ રોડ સેક્શન-૨ (કારવાર-ડાંગિયાવાસ) ના ચાર-માર્ગીય બાંધકામનું ઉદ્ઘાટન પણ કરશે. લગભગ ૭૪૦ કરોડ રૂપિયાના ખર્ચે વિકસિત, આ પ્રોજેક્ટ જોધપુરની આસપાસ પ્રાદેશિક જોડાણમાં સુધારો કરશે અને મુસાફરીને સરળ અને સુરક્ષિત બનાવશે

વડાપ્રધાન SJVN લિમિટેડના ૧,૦૦૦ ખઠ બિકાનેર સૌર ઉર્જા પ્રોજેક્ટને રાષ્ટ્રને સમર્પિત કરશે, જે લગભગ ૫,૫૦૦ કરોડ રૂપિયાના રોકાણ સાથે વિકસાવવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટમાં ૨૪.૨૨ લાખ સ્થાનિક રીતે ઉત્પાદિત સૌર મોડ્યુલનો ઉપયોગ થાય છે. વડાપ્રધાન NHPC"p 300 MW કરણીસર બિકાનેર સૌર ઉર્જા પ્લાન્ટને પણ સમર્પિત કરશે. આ પ્રોજેક્ટમાં લગભગ ૭.૭૫ લાખ સ્થાનિક રીતે ઉત્પાદિત સૌર પીવી સેલ અને મોડ્યુલનો ઉપયોગ થાય છે.વડાપ્રધાન રાજસ્થાન રિન્યુએબલ એનર્જી ઝોન (REZ) માંથી વીજળી ખાલી કરાવવા માટે રૂ. ૧,૯૦૦ કરોડથી વધુના ખર્ચે બાંધવામાં આવેલી ટ્રાન્સમિશન લાઇનનું ઉદ્ઘાટન પણ કરશે અને રાજસ્થાન છીણ માટે ૫૩૦ કિમી લાંબી પાવર ટ્રાન્સમિશન સિસ્ટમનો શિલાન્યાસ કરશે. આ ટ્રાન્સમિશન સિસ્ટમ્સ રાજસ્થાનમાં ઉત્પન્ન થતી નવીનીકરણીય ઊર્જાના ખાલી કરાવવાની સુવિધા આપશે અને રાજ્યમાં અવિરત વીજ પુરવઠો સુનિશ્ચિત કરવામાં મદદ કરશે, એમ પ્રકાશનમાં જણાવાયું છે.

વડાપ્રધાન રાજસ્થાન સરકારના વિવિધ વિભાગોમાં ભરતી કરાયેલા લગભગ ૫૪,૦૦૦ યુવાનોને નિમણૂક પત્રો પણ સોંપશે. ભરતીઓમાં શિક્ષણ, ઉર્જા, ગૃહ, પંચાયતી રાજ, પરિવહન, ઉચ્ચ શિક્ષણ, કૌશલ્ય વિકાસ, આયોજન, કૃષિ, માહિતી ટેકનોલોજી અને વહીવટી સુધારા વિભાગના કર્મચારીઓનો સમાવેશ થાય છે. વડાપ્રધાન ગુજરાતના સાણંદમાં CG સેમી આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી અને ટેસ્ટ (OSAT) સુવિધાનું ઉદ્ઘાટન કરશે. આ ઉદ્ઘાટન સુવિધામાં વાણિજ્યિક ઉત્પાદનની શરૂઆત સાથે ભારતની સેમિકન્ડક્ટર ઉત્પાદન યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે.આ વૈશ્વિક સેમિકન્ડક્ટર મૂલ્ય શૃંખલામાં ભારતની સ્થિતિને મજબૂત બનાવવા તરફ એક મોટું પગલું છે. આ પ્રોજેક્ટ ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન (ISM) હેઠળ મંજૂર કરાયેલા પ્રથમ ચાર પ્રોજેક્ટ્સમાંથી એક છે અને તેને કુલ રૂ. ૭,૫૦૦ કરોડથી વધુના રોકાણ સાથે વિકસાવવામાં આવ્યો છે.રિલીઝ મુજબ, એકવાર સંપૂર્ણ રીતે મજબૂત થયા પછી, આ સુવિધામાં વાર્ષિક ૫ અબજ સેમિકન્ડક્ટર ચિપ્સનું ઉત્પાદન ક્ષમતા હશે અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) અને ઉચ્ચ-પ્રદર્શન કમ્પ્યુટિંગમાં ઝડપી પ્રગતિને કારણે મેમરી અને સ્ટોરેજ સોલ્યુશન્સની વધતી જતી વૈશ્વિક માંગને સંબોધવામાં મદદ કરશે. આ સુવિધા ઓટોમોટિવ, ઔદ્યોગિક, ટેલિકોમ્યુનિકેશન, 5G અને ઇન્ટરનેટ ઓફ થિંગ્સ (IoT) ક્ષેત્રોના ગ્રાહકોને સેવા આપશે તેવું મનાય છે. સીજી સેમી સુવિધા એન્ડ-ટુ-એન્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી અને પરીક્ષણ સેવાઓ પ્રદાન કરે છે, જેમાં વેફર સોર્ટિંગ, એસેમ્બલી, પરીક્ષણ, પેકેજ ડિઝાઇન, નિષ્ફળતા વિશ્લેષણ, પરીક્ષણ કાર્યક્રમ વિકાસ, ઉત્પાદન લાક્ષણિકતા અને લોજિસ્ટિક્સ સપોર્ટનો સમાવેશ થાય છે. આ સુવિધાનું સંચાલન ભારતને એક વિશ્વસનીય અને આત્મનિર્ભર સેમિકન્ડક્ટર ઉત્પાદન સ્થળ તરીકે ઉભરી રહ્યું છે તે દર્શાવે છે અને દેશમાં એક સ્થિતિસ્થાપક અને આત્મનિર્ભર ટેકનોલોજી ઇકોસિસ્ટમ બનાવવાના વડાપ્રધાનના વિઝન સાથે સુસંગત છે.

મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના' હેઠળ આઈ-ખેડૂત પોર્ટલ ૨.૦ પર અરજી કરો

પ્રથમ તબક્કાની સહાય માટે તા.૧૫ સુધીમાં અરજી કરવા તાકીદ

રાજકોટ, તા.૩

ગુજરાત રાજ્યના પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ માન્ય પાંજરાપોળ 'મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના' અન્વયે વર્ષ ૨૦૨૬-'૨૭ અંતર્ગત એપ્રિલથી જૂનના પ્રથમ તબક્કાની સહાય માટે ૧૫ જુલાઈ સુધીમાં આઈ-ખેડૂત પોર્ટલ ૨.૦ પર અરજી કરી શકશે.

નોંધનીય છે કે, જે તબક્કા માટે આઈ-ખેડૂત પોર્ટલ ૨.૦ પર અરજી ન કરેલી હોય તે તબક્કાની સહાય લાભાર્થી સંસ્થાને મળવાપાત્ર રહેશે નહીં. લાભાર્થીએ લોગ-ઇન કરીને, વિગત ભર્યા બાદ અરજીને સબમિટ કરવાની રહેશે. ત્યારબાદ અરજીની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. પોર્ટલ પર અરજી ડ્રાફ્ટ/પેન્ડિંગ રાખવી નહીં અન્યથા આવી ડ્રાફ્ટ/પેન્ડિંગ અરજીની પ્રિન્ટ નહીં કરી શકાય તેમજ આવી અધૂરી અરજી માન્ય પણ ગણાશે નહીં. તેમજ અરજીની પ્રિન્ટ સાથે જરૂરી સાધનિક કાગળોનું બિડાણ કરીને અરજી કર્યાના ૨૧ દિવસમાં નાયબ પશુપાલન નિયામકશ્રી, જિલ્લા પંચાયતની કચેરી - સાતમો માળ, હોસ્પિટલ ચોક, રાજકોટ ખાતે અરજી રજૂ કરવાની રહેશે. નિયત સમયમર્યાદા દરમિયાન રજૂ ન કરેલી અરજી રદ કરવા પાત્ર રહેશે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત રાજ્યના પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ જે સંસ્થાની નોંધણી તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી થયેલી હોય અને આ નોંધણીનું પ્રમાણપત્ર મેળવેલું હોય, તેવી ગૌશાળા-પાંજરાપોળ ખાતે રાખવામાં આવતા ગાય અને ભેંસ વર્ગના પશુઓ માટે નિભાવ સહાય માટે 'મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના' અમલી છે. તેના ઠરાવ તેમજ શરતો અને બોલીઓની વિગતો gauseva.gujarat.gov.in પર ઉપલબ્ધ હોવાનું પશુપાલન શાખાએ જણાવ્યું છે.

પાકિસ્તાનમાંથી સ્થળાંતર કરનારા લોકોએ પેઢીઓથી બનેલા પોતાના ઘરો, છોડીને ભારત પસંદ કર્યું

ભાગલાથી વિસ્થાપિત થયેલા લોકો સ્વતંત્રતા 'સંઘર્ષના યોદ્ધાઓ' : મોહન ભાગવત

નવી દિલ્હી, તા.૩

છજ્જ ના વડા મોહન ભાગવતે કહ્યું છે કે ૧૯૪૭ ના ભાગલા પછી ભારત આવેલા લોકો ''શરણાર્થી'' નહીં પરંતુ સ્વતંત્રતા ''સંઘર્ષના યોદ્ધાઓ'' હતા જેમણે દેશ અને પોતાના વિશ્વાસ પ્રત્યેના પ્રેમથી બધું બલિદાન આપ્યું છે. નાગપુરમાં સિંધુ એજ્યુકેશન સોસાયટીના ૭૫મા સ્થાપના દિવસ કાર્યક્રમમાં ભાગવતે કહ્યું કે નવા બનેલા પાકિસ્તાનમાંથી સ્થળાંતર કરનારા લોકોએ પેઢીઓથી બનેલા પોતાના ઘરો, વ્યવસાયો અને સંપત્તિ છોડીને ભારત પસંદ કર્યું હતું. તેમણે કહ્યું કે, તેઓ શરણાર્થી નહોતા, ભલે તેઓ વિસ્થાપિત હતા, તે સમયે તેમના માટે આ શબ્દનો ઉપયોગ ખોટો હતો. તેઓ યોદ્ધાઓ હતા જેમણે પોતાની માતૃભૂમિ પ્રત્યેના પ્રેમથી, પોતાના વિશ્વાસ પ્રત્યેના પ્રેમથી સંઘર્ષ કર્યો. તેઓ એક યુદ્ધ હારી ગયા, ફક્ત પોતાની ભૂલોને કારણે નહીં. આપણે બધા, ભારતને એક રાખવા માટે તે યુદ્ધ હારી ગયા હતા.

પરંતુ તેમણે શું પસંદ કર્યું? તેમણે કારકિર્દી પસંદ કરી ન હતી, તેમણે સંપત્તિ પસંદ કરી ન હતી. તેમણે દેશ પસંદ કર્યો, તેમણે પોતાનો ધર્મ પસંદ કર્યો હતો. તેમણે કહ્યું કે ભાગલા પછી જે લોકોએ સભાનપણે ભારતમાં રહેવાનું પસંદ કર્યું, જ્યાં તેઓ ભય વિના પોતાનો ધર્મ પાળી શકે છે.

તેમણે કહ્યું કે વ્યક્તિએ સંજોગો કે ભાગ્ય સમક્ષ લાચાર ન બનવું જોઈએ. જે વ્યક્તિ મુશ્કેલ સમયમાંથી બહાર આવવા માટે પ્રયત્ન કરે છે તે જ આખરે સફળ થાય છે, જ્યારે જે વ્યક્તિ મુશ્કેલીઓથી ભાગી જાય છે તે પહેલાથી જ હાર સ્વીકારી ચૂક્યો છે.

રાજકોટ જિલ્લા ફરિયાદ નિવારણ કાર્યક્રમ ૨૩મીએ

અરજી તા. ૧૦ સુધીમાં સંબંધિત કચેરીએ પહોંચાડવાની રહેશે

રાજકોટ, તા.૩

સામાન્ય નાગરિકોએ જિલ્લાકક્ષાનાં પ્રશ્નો માટે ઉચ્ચસ્તરે (ગાંધીનગર) સુધી જવું ન પડે, તે માટે રાજ્ય સરકાર દ્વારા જિલ્લાકક્ષાએ ફરિયાદ નિવારણ દિવસનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત આગામી સ્વાગત કાર્યક્રમ તા. ૨૩ જુલાઈ, ૨૦૨૬નાં રોજ યોજાશે. જે અન્વયે જિલ્લાકક્ષાના પ્રશ્નો તા. ૧૦ જુલાઈ, ૨૦૨૬ સુધીમાં સંબંધિત ખાતા-વિભાગોની જિલ્લાકક્ષાની કચેરીનાં વડાને પહોંચતા કરવાના રહેશે. અરજીમાં મથાળે 'જિલ્લા ફરિયાદ નિવારણ' કાર્યક્રમ લખવાનું રહેશે.

ઉલ્લેખનીય છે કે, મહેસુલી તંત્રને લગતાં પ્રશ્નો (રાજકોટ જિલ્લા પૂરતા) જિલ્લા કલેક્ટર કચેરી, રાજકોટ ખાતે તા. ૧૦ જુલાઈ સુધીમાં રજૂ કરવાનાં રહેશે. ત્યારબાદ આવેલાં પ્રશ્નનો કાર્યક્રમમાં સમાવેશ કરાશે નહીં, તેમજ અસંદિગ્ધ અને અસ્પષ્ટ, નામ-સરનામા વગર, વ્યક્તિગત આક્ષેપો, અરજદારનું હિત સંકળાયેલું ન હોય તથા કોર્ટ મેટર, આંતરિક તકરાર, નોકરીને લગતી બાબતો, પેન્શન, રહેમરાહે નોકરી, પ્રથમ વખતની અરજી પર કોઈ કાર્યવાહી થઈ શકશે નહીં. વધુમાં, મહેસુલી તંત્ર, જિલ્લા પંચાયત, પોલીસ વિભાગ, પી.જી.વી.સી.એલ., જી.એસ.આર.ટી.સી અને પાણી પુરવઠા બોર્ડના પ્રશ્નો તા. ૨૬ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે જિલ્લા કલેક્ટર કચેરી, રાજકોટ ખાતે ત્રીજા માળે સભાખંડમાં સંબંધિત ખાતાના અધિકારી અને કલેક્ટર ડો. ઓમપ્રકાશ સાંભળશે. અન્ય ખાતાનાં પ્રશ્નો હોય તો તે પ્રશ્નો જે તે ખાતાને જ મુદ્દત હરોળ રજૂ કરવાના રહેશે, તેમ જિલ્લા કલેક્ટર કચેરીની યાદીમાં જણાવાયું છે.

જ્યારે રાજકોટ જિલ્લામાં તાલુકાકક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા. ૨૨ જુલાઈ, ૨૦૨૬ને બુધવારે મામલતદાર કચેરી ખાતે યોજાશે. જે અંગે પ્રશ્નો બે નકલમાં અરજદારોએ સંબંધકર્તા મામલતદારને તા. ૧૦ જુલાઈ, ૨૦૨૬ સુધીમાં મોકલવાના રહેશે. આ કાર્યક્રમમાં કર્મચારીઓની નોકરી અંગે કોર્ટમાં કેસ ચાલુ હોય તે બાબત, ન્યાયિક કે અર્ધન્યાયિક બાબતને લગતા પ્રશ્નો અને આ કાર્યક્રમમાં અગાઉ રજૂ થયેલા પ્રશ્નો ફરીથી રજૂ કરવાના રહેશે નહીં. તેમજ પ્રથમ વખત અરજી કરતા હોય તેવા પ્રશ્ન રજૂ કરવા નહીં, આ માટે એક અરજીમાં એક જ પ્રશ્ન મોકલી શકાશે. અરજીના મથાળે 'તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' માટેની અરજી એમ લખવાનું રહેશે. અરજી બે નકલમાં જરૂરી પૂરાવા સાથે આપવાની રહેશે, તેવું જિલ્લા કલેક્ટર દ્વારા જણાવાયું છે.

આણંદ ખાતે સહકાર ભારતી ગુજરાત દ્વારા રવિવારે ગુજરાત અભ્યાસ વર્ગનું આયોજન

વિષયોના સત્રો દ્વારા માહિતી તેમજ એક માહિતી પત્રક આપવાનું આયોજન

રાજકોટ, તા.૩

''વિના સંસ્કાર ,નહીં સહકાર ''વિના સહકાર, નહિ ઉદ્ધાર ની'' માન્યતાથી કાર્ય કરતી સહકાર ભારતી દ્વારા આણંદ ખાતે ગુજરાત પ્રાંતનો અર્બન કો ઓપરેટિવ બેન્ક માટે એક અભ્યાસ વર્ગનું આયોજન કરવામાં આવેલ છે. આ અભ્યાસ વર્ગની વિશેષ માહિતી જીવણભાઈ ગોલે ક્ષેત્રીય સંગઠન પ્રમુખ, મહેશભાઈ પટેલ અધ્યક્ષ ગુજરાત પ્રદેશ, જેન્તીભાઈ કેવત, મહામંત્રી ગુજરાત પ્રદેશ, ચીમનભાઈ ડોબરીયા પ્રદેશ સંગઠન પ્રમુખ, નલીનભાઈ વસા રાષ્ટ્રીય અર્બન સહ પ્રકોષ્ઠ પ્રમુખ, ગૌતમભાઈ વ્યાસ અર્બન બેંક પ્રકોષ્ઠ પ્રમુખ ગુજરાત પ્રદેશ, કેતનભાઇ પટેલ સહ પ્રકોષ્ઠ ગુજરાત પ્રદેશ,ની સંયુક્ત યાદી જણાવે છે કે ''વિના સંસ્કાર, નહીં સહકાર'' ''વિના સહકાર, નહિ ઉદ્ધાર'' ની માન્યતાથી કાર્ય કરતી સહકાર ભારતી દ્વારા આણંદ મુકામે જી એચ પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજીના મધ્યસ્થ હોલમાં આણંદ ગુજરાત ખાતે આવતીકાલ ૫-૭-૨૦૨૬ રવિવારના રોજ સવારે ૧૦થીપ-૩૦ સુધી ગુજરાત રાજ્યની અર્બન કોપરેટીવ બેંક માટેનો એક અભ્યાસ વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે.



સહકાર ભારતી સ્થાપક શ્રી લક્ષ્મણ રાવ ઇનામદાર વકીલ સાહેબ

આ અભ્યાસ વર્ગમાં અર્બનકો-ઑપરેટીવ બેંકના ચેરમેન,વાઇસ ચેરમેન, સક્રિય ડિરેક્ટર ,સી.ઓ અને એમ.ડી અને જી.એમ. સુધીના અપેક્ષિત છે.આ અભ્યાસ વર્ગમાં સહકાર ભારતી ના સંજયજી પાંચપોર રાષ્ટ્રીય સંગઠન મંત્રી, અભય માટે રાષ્ટ્રીય બેંક પ્રકોષ્ઠ પ્રમુખ, નલીનભાઈ વસા રાષ્ટ્રીય બેંક સહ પ્રકોષ્ઠ પ્રમુખ, જીવણભાઈ ગોલે, ક્ષેત્રીય સંગઠન પ્રમુખ ખાસ ઉપસ્થિત રહેવાના છે. આ અભ્યાસ વર્ગમાં વર્તમાન પરિસ્થિતિમાં ઉપયોગી વિષયો બીઆર એસીટી, વિઝન ડોક્યુમેન્ટેશન સફળ બેંકો દ્વારા બેંકની સફળતાની પ્રેરક વાતો, ફ્યુચર બેન્કિંગ, અઈ, ડિજિટલાઈઝેશન તેવા વિષયોના સત્રો દ્વારા માહિતી તેમજ એક માહિતી પત્રક આપવાનું આયોજન કરવામાં આવ્યું

ગુજરાતની સૌથી વધુ બેન્કો ના પ્રતિનિધિ ઉપસ્થિત રહેશે તેમની સાથે નિકટતા કેળવવાનો અવસર પ્રાપ્ત થશે. આ સેમિનાર વધુમાં વધુ સંખ્યા રહે તે માટે ગુજરાતમાં ચાર ઝોન પાડવામાં આવ્યા છે. ઉત્તર ગુજરાત કિર્તીભાઈ પટેલ મધ્ય ગુજરાત નીતિનભાઈ સોની, દક્ષિણ ગુજરાત ડો.પાડેજી, સૌરાષ્ટ્ર, કચ્છ જયેશભાઈ સંઘાણીને જવાબદારી આપવામાં આવી છે.વર્ગના ઇન્ચાર્જ કેતનભાઇ પટેલ રહેનાર છે. વધુ માહિતી માટે જયેશભાઈ સંઘાણી, સૌરાષ્ટ્ર ,કચ્છ-સંયોજક ૯૪૨૮૨૦૦૫૨૦. સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

ગુજરાત બોર્ડ ધો. ૧૦-૧૨ની પૂરક પરીક્ષાનું પરિણામ જાહેર

ગાંધીનગર, તા.૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે ૩ જુલાઈના રોજ SSC-HSC પૂરક પરીક્ષા ૨૦૨૬ના પરિણામો જાહેર કર્યા હતા. જેમાં ધોરણ ૧૦નું ૩૩.૦૫%, ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું ૬૦.૮૬% અને વિજ્ઞાન પ્રવાહનું ૨૭.૩૬% પરિણામ આવ્યું છે. રાજ્યભરમાંથી લાખો વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી, જેમાંથી ઘણા પ્રમાણપત્ર મેળવવા પાત્ર બન્યા છે.

SSC-HSC Supplementary Exam Results ૨૦૨૬: ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શુક્રવારે(૩ જુલાઈ) ધોરણ-૧૦(SSC), ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ધોરણ-૧૦નું ૩૩.૦૫%, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું ૬૦.૮૬% અને વિજ્ઞાન પ્રવાહનું ૨૭.૩૬% પરિણામ આવ્યું છે.ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરાયેલા પૂરક પરીક્ષાના પરિણામ મુજબ, ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૬ની બોર્ડની પરીક્ષામાં અનુત્તીર્ણ હોય તે પૈકી SSC પરીક્ષા જૂન (પ

આણંદપર - સોખડા ટીપી બનાવવાનો ઈરાદો જાહેર

રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળની ૧૮૨મી બોર્ડ બેઠક : ટીપીમાં સુધારા સહિતની દરખાસ્ત અંગે નિર્ણય

રાજકોટ, તા.૩

રાજકોટ મહાનગરપાલિકાની સાતો સાત રાજકોટ શહેર વિકાસ સત્તા મંડળ પણ તેમના અધિકાર ક્ષેત્રમાં આવતા વિવિધ ગામોનો વિકાસ કરવા માટે મહેનત કરી રહ્યું છે ત્યારે ગઈકાલે રાજકોટ શહેર વિકાસ સત્તા મંડળની ૧૮૨મી બોર્ડ બેઠક મળી હતી. જેમાં ટીપીમાં સુધારા, આણંદપર તથા સોખડા સ્કીમ બનાવવાનો ઈરાદો પણ જાહેર કરવામાં આવ્યો હતો જેનો સ્પષ્ટ ઉદ્દેશ્ય એ જ છે કે આણંદપર અને સોખડા યોગ્ય રીતે વિકસિત થાય.

સત્તામંડળ વિસ્તારમાં સૂચિત કરાયેલ નગર રચના યોજના નં.૩૯/૧(બેડી) અને સૂચિત કરાયેલ નગર રચના યોજના નં.૪૦/૧આણંદપર (નવાગામ)-સોખડાની નક્કી થયેલ હદમાં સુધારો કરવા મંજૂરી આપવામાં આવી છે. તો નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧ (૧) હેઠળ સત્તામંડળની સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૪૦/૨ આણંદપર(નવાગામ)-સોખડા બનાવવાનો ઈરાદો જાહેર કરવા અંગે પણ મંજૂરી આપવામાં આવી હતી.

તરઘડી ગામથી બાઘી ગામના રોડની બાકી રહેતી આશરે ૨.૫૦ કી.મી. લંબાઈમાં અંદાજીત ૬.૮૪ કરોડના ખર્ચે કામગીરી હાથ ધરવા બોર્ડ બેઠકમાં મંજૂરી આપવામાં આવી છે. આ મીટીંગમાં જીલ્લા પંચાયત પ્રમુખ સંજયભાઇ પીપળીયા, સ્ટે.કમિટીના ચેરમેન પરેશભાઈ પીપળીયા, રિઝીયોનલ કમિશ્નર ઓફ મ્યુનિ. પ્રતિનિધિ તરીકે આઈ.એસ.આહીર, રૂડાના સી.ઈ.એ. જી.વી.મિયાણી, કલેક્ટરના પ્રતિનિધિ તરીકે એ.એસ.ઝાંપડા, મુખ્ય નગર નિયોજકના પ્રતિનિધિ તરીકે આર.ડી.પરમાર તથા કોર્પો.ના સીટી એન્જી. કે.કે.મહેતા હાજર રહેલ હતા.

મહાનગર અને તેની આસપાસના વિસ્તારોમાં રોકેટ ગતિએ વધી રહેલી વસ્તી અને શહેરીકરણને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા વધુ એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજકોટની ભાગોળે આવેલા આણંદપર (નવાગામ) અને સોખડા વિસ્તારના સુનિયોજિત વિકાસ માટે સત્તાધારી મંડળ દ્વારા ટાઉન પ્લાનિંગ સ્કીમ બનાવવાનો સત્તાવાર ઈરાદો જાહેર કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી આ બંને ગ્રામ્ય અને સેમી-અર્બન વિસ્તારોમાં આગામી સમયમાં આંતરરાષ્ટ્રીય સ્તરનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવામાં મદદ મળશે.

બાગ-બગીચા, રમત-ગમતના મેદાનો, શાળા અને હોસ્પિટલ માટે સ્પેશિયલ પ્લોટ્સ અનામત રાખવામાં આવશે. આર્થિક રીતે નબળા વર્ગો (ઊઠજ) માટે આવાસ યોજના બનાવવા માટે પણ જમીન સંપાદિત કરવામાં આવશે. આણંદપર અને સોખડા વિસ્તારમાં થઈ રહેલા આડેધડ બાંધકામોને અટકાવવા અને ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આ ટીપી સ્કીમ ખૂબ જ જરૂરી હતી. આનાથી સામાન્ય નાગરિકોને પ્રાથમિક સુવિધાઓ ખૂબ જ ઝડપથી મળી રહેશે.''

ટીપી સ્કીમનો ઇરાદો જાહેર થતાં જ સ્થાનિક રિયલ એસ્ટેટ માર્કેટમાં ભારે ગરમાવો આવી ગયો છે. જમીનના ભાવો આગામી દિવસોમાં આસમાને પહોંચશે તેવી ગણતરી સેવવામાં આવી રહી છે. જો કે, બીજી તરફ કેટલાક સ્થાનિક ખેડૂતો અને જમીન માલિકોમાં કપાત (જમીન કપાતની ટકાવારી) ને લઈને થોડી ચિંતા પણ જોવા મળી રહી છે.

નિયમ અનુસાર, તંત્ર દ્વારા આ અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યું છે. અસરગ્રસ્ત જમીન માલિકો, ખેડૂતો અને હિતધારકો સરકારના નિયત સમયગાળા દરમિયાન પોતાના સુધારા-વધારા, વાંધાઓ કે સૂચનો લેખિતમાં સત્તામંડળ સમક્ષ રજૂ કરી શકશે. તમામ વાંધાઓ સાંભળ્યા બાદ જ ડ્રાફ્ટ ટીપી સ્કીમને આખરી મંજૂરી માટે રાજ્ય સરકારમાં મોકલવામાં આવશે.

સૌરાષ્ટ્રનાં ૯-ડેમોમાં પાણીની આવક

સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની સંભાવના : ડેમમાં સતત આવક

રાજકોટ, તા. ૩

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં પડી રહેલા ભારે વરસાદનાં પગલે ચોમાસામાં પ્રથમવાર ૯ જેટલા ડેમોમાં નવા નીર આવેલ છે. ખાસ કરીને પાંચ ડેમો ૭૦ ટકાથી વધુ ભરાતા એલર્ટ જારી કરાયું છે. પ્રાપ્ત થતી વિગતો મુજબ રાજકોટ જિલ્લાનાં પાંચ ડેમોમાં ૨૪ કલાક દરમિયાન નવા નીર આવેલ છે. જેમાં મોજમાં ૪.૭૨, ફોફળમાં ૧.૪૮, વેણુ-૨માં ૬.૬૩, સોડવદરમાં ૯ ફૂટ અને કરખાળમાં પોણો ફૂટ તેમજ ડેમી-૧માં ૦.૩૩ ફુટ, ફોફળ-૨માં ૦.૩૬ ફૂટ, ફુલઝર (કો.બા)માં ૯.૨૫ ફૂટ અને ઉમીયા સાગરમાં ૧૦.૧૭ ફૂટ નવા પાણીની આવક થવા પામી છે. ઉલ્લેખનીય છે કે, ભારે વરસાદને કારણે પાણીની સતત આવકને પગલે સૌરાષ્ટ્રના વિવિધ ડેમોમાં જળસપાટી વધી રહી છે. જેના પગલે વિવિધ ડેમો માટે એલર્ટ જાહેર કરવામાં આવ્યા છે.

રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના વેણુ-૨ ડેમ ૭૮.૪૮ ટકા, સુરેન્દ્રનગર જિલ્લાના ચુડા તાલુકાનો વંસલ ડેમ ૭૭.૦૮ ટકા, ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાનો રંઘોળા ડેમ ૭૫.૬ ટકા, પોરબંદર જિલ્લાના કુતિયાણા તાલુકાનો સારણ ડેમ ૭૩.૩૭ ટકા, જુનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાનો બાટવા-ખારો ડેમ ૭૦.૯૬ ટકા ભરાયો છે. જેના પગલે આ ડેમના કેચમેન્ટ એરિયામાં એલર્ટ જાહેર કરવામાં આવ્યા છે. વરસાદના પગલે રાજકોટ જિલ્લામાં રાજ્ય માર્ગ મકાન વિભાગ હસ્તકના બે હાઈવે ૩ જુલાઈએ સવારે ૯ વાગ્યાની સ્થિતિએ બંધ રહ્યા હતા. ભારે વરસાદ છતાં રાજકોટ જિલ્લામાં એસ.ટી.નો વાહનવ્યવહાર રાબેતા મુજબ જ શરૂ છે. જિલ્લામાં કુલ ૩૮૨ રૂટ પર ૧૦૭૧ ટ્રીપ રાબેતા મુજબ સંચાલિત થઈ છે. રાજકોટ જિલ્લાને સંલગ્ન મોરબી જિલ્લાના ૧૭૬ રૂટ પર ૫૭૩ ટ્રીપ અને સુરેન્દ્રનગર જિલ્લાના ૩૬૯ રૂટ પર ૯૩૮ ટ્રીપ સંચાલિત થઈ છે. સૌરાષ્ટ્રભરમાં ચોમાસાનો વિધિવત પ્રારંભ થઈ ચૂક્યો છે. સાર્વત્રિક વરસાદને પગલે નદી-નાળાઓ છલકાયા છે અને જળાશયોમાં પાણીની આવક શરૂ થઈ ગઈ છે. સ્થાનિક સ્તરે પડેલા ભારે વરસાદને કારણે રાજકોટ જિલ્લાના મહત્વના પાંચ જળાશયોમાં નવા નીરની આવક નોંધાઈ છે, જેનાથી વહીવટી તંત્ર અને નાગરિકોમાં ખુશીનો માહોલ છે. હવામાન વિભાગની આગાહી અનુસાર હજુ પણ સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની સંભાવના છે, જેથી આગામી દિવસોમાં આ ડેમો ઓવરફ્લો થાય તેવી પ્રબળ શક્યતાઓ દેખાઈ રહી છે. ઉપરવાસમાં પડેલા ધોધમાર વરસાદને કારણે સ્થાનિક નદીઓમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે અને નદીઓનું વહેણ સીધું ડેમો તરફ વળતાં ડેમોની સપાટી સતત વધી રહી છે.

સૌ.યુનિનો સીસી રોડ તૈયાર છત્તા બેરિકેટ

કોંગ્રેસના વિદ્યાર્થી કાર્યકરોના વિરોધની જાહેરાત થતાં જ અચાનક બેરીકેટ્સ હટાવ્યા

રાજકોટ, તા. ૩

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસમાં નવીનીકરણ પામેલો સીસી રોડ છેલ્લા અંદાજે બે મહિનાથી સંપૂર્ણ તૈયાર હોવા છતાં તેના પર બેરીકેટ્સ લગાવી રાહદારીઓ અને વાહનચાલકો માટે બંધ રાખવામાં આવ્યો હતો. કોંગ્રેસના વિદ્યાર્થી કાર્યકરો દ્વારા આ મુદ્દે પ્રતીકાત્મક વિરોધ કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી હતી.

કાર્યકરોના જણાવ્યા મુજબ, વિરોધ શરૂ થાય તેના કલાક પહેલાં જ યુનિવર્સિટી તંત્રને વિરોધની ગંધ આવતા ઉતાવળમાં રસ્તા પરથી બેરીકેટ્સ દૂર કરી દેવામાં આવ્યા. કોંગ્રેસના વિદ્યાર્થી કાર્યકરોએ જણાવ્યું કે, છેલ્લા બે મહિનાથી તૈયાર રોડ હોવા છતાં સતાધીશોના પેટમાં પાણી પણ હલ્યું નહોતું. પરંતુ કોંગ્રેસના વિદ્યાર્થી કાર્યકરોના વિરોધની જાહેરાત થતાં જ અચાનક સતાધીશો જાગ્યા અને બેરીકેટ્સ દૂર કરવાનો નિર્ણય લીધો.

કાર્યકરોએ યુનિવર્સિટી તંત્રના નિર્ણયને આવકારતા જણાવ્યું કે, અમે આ નિર્ણયનું સ્વાગત કરીએ છીએ. અમારું કામ સૂતેલા સતાધીશોને જગાડવાનું અને વિદ્યાર્થીઓ તેમજ જનહિતના પ્રશ્નો ઉઠાવવાનું છે. હવે આ રસ્તો ખુલ્લો થતાં વિદ્યાર્થીઓ, મુલાકાતીઓ અને રાહદારીઓને અવરજવરમાં સરળતા રહેશે તેમજ અકસ્માતનો ભય પણ ઘટશે.

ખાણીપીણીની ૯૦ પેઢી પર ત્રાટકતી ફુડ શાખા

૫ દુકાનો સીલ, ૧૦૯૪ કિલો વાસી-અખાદ્ય ફૂડનો નાશ : વહીવટી ક્ષતિઓ બદલ આકરો દંડ અને નોટિસ

રાજકોટ, તા. ૩

શહેરમાં નાગરિકોના આરોગ્ય સાથે ગંભીર ચેડાં કરતા અને નફાખોરી માટે વાસી તેમજ કેમિકલયુક્ત ખોરાક પીરસતા તત્વો સામે ફૂડ વિભાગે લાલઆંખ કરી છે. મનપાની આરોગ્ય શાખા દ્વારા આજે સપાટો બોલાવીને શહેરના જુદા જુદા વિસ્તારોમાં આવેલી વધુ ૯૦ જેટલી ખાણીપીણીની પેઢીઓ પર આકસ્મિક દરોડા પાડવામાં આવ્યા હતા. આ દરોડા દરમિયાન ભારે અનિયમितता અને ગંદકી જોવા મળતા ૫ અગ્રણી પેઢીઓને સ્થળ પર જ સીલ મારી દેવામાં આવ્યા છે, જ્યારે માનવ સ્વાસ્થ્ય માટે અત્યંત હાનિકારક એવા ૧૦૯૪ કિલો અખાદ્ય જથ્થાનો જાહેરમાં નાશ કરાયો છે.

મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરની સીધી સૂચના બાદ ફૂડ સેફ્ટી ઓફિસરોની અલગ-અલગ ૧૦ ટીમો બનાવીને સવારથી જ શહેરના પોશ વિસ્તારોથી લઈને હાઈવે પર આવેલી હોટલો, ઢાબા અને રેસ્ટોરન્ટ્સ પર ત્રાટકવામાં આવ્યું હતું. આ દરોડાની કાર્યવાહી મોડી રાત સુધી ચાલી હતી. ફૂડ વિભાગની આ અચાનક આવેલી 'આફત' જોઈને લારી-ગલ્લાવાળાઓ અને કેટલીક ડેરીના સંચાલકો પોતાની દુકાનોના શટર પાડીને ભૂગર્ભમાં ઉતરી ગયા હતા. તહેવારોની મોસમ નજીક આવી રહી છે ત્યારે જનઆરોગ્ય સાથે કોઈ પણ પ્રકારના સમાધાન ચલાવી લેવામાં નહીં આવે. આગામી દિવસોમાં આ ચેકિંગ વધુ વેગવંતું બનાવાશે અને કાયદાનું ઉલ્લંઘન કરનારાઓને જેલભેગા કરાશે.

શહેના ૨૬ ધંધાર્થીને સ્ટોરેજ, લાયસન્સ અને હાઇજેનીક કંડીશન બાબતે નોટીસ આપીને કુલ રૂ.૧.૨૪ લાખનો દંડ કરીને ડેરી, રેસ્ટોરન્ટ સહિત પાંચ પેઢીને સીલ પણ મારવામાં આવ્યા છે. ફૂડ વિભાગે જાહેર કરેલી વિગત મુજબ ખોડીયાર ઇન્ડસ્ટ્રીયલ એરીયા શેરી નં-૩ મવડી ગામ બાયપાસ, મવડી વન બિલ્ડીંગ ની પાછળ આવેલ 'રજેશન ફૂડ પ્લાનેટ (બેકર્સ એન્ડ કેટરર્સ)' પેઢીને સીલ મરાયા છે. અહીંથી અનહાઈજેનિક કન્ડિશનમાં વાસી, એક્સપાયર્ડ, જીવાત, મંકોડા, ફુગ વાળો ખોરાક, આઇસ્ક્રીમ, બેકરી રોમટીરીયલ, બ્રાઉની, ચોકલેટ, કપ કેક, મીઠાઈ, બટર, ચીઝ વિગેરે કુલ મળીને અંદાજિત ૧૮૬ કિલો અખાદ્ય ખોરાકનો નાશ કરી રૂ.૧૦,૦૦૦નો વહીવટી ચાર્જ વસૂલ કરાયો છે તો વેનીલા આઇસ્ક્રીમ(લૂઝ) તથા કેક ક્રીમ પાઈનેપલ નો નમૂનો લીધો છે.

સાધુ વાસવાણી રોડ, અવધ કોમ્પ્લેક્સ સામે આવેલ 'ઓમ ફેમિલી રેસ્ટોરન્ટ'માં વાસી અખાદ્ય મંચૂરિયન, બાંધેલો વાસી લોટ, ગ્રેવી, લેબલ વગરના બટર પનીર કુલ મળીને અંદાજિત ૨૦ કિલો અખાદ્ય ખોરાકનો નાશ કરી સીલ મરાયા છે. અહીંથી રૂા. પાંચ હજારનો દંડ લઇ પનીરનો નમુનો લેવાયો હતો. જયારે ભિલવાસ ચોક,જનસતા પ્રેસ, સદરના 'નકલંક દુગ્ધાલય' પેઢીને બિનઆરોગ્યપ્રદ હાલત બદલ સીલ કરી રૂ.૧૦,૦૦૦નો ચાર્જ લઇ પનીરનું સેમ્પલ લેવાયું હતું.

પૂર્વ ઝોનમાં મોરબી રોડ,પુલ નીચે, સેટેલાઈટ ચોક પાસે આવેલ 'પ્રકાશભાઈ પ્રવીણભાઈ હરસોડા' પેઢીને અનહાઇજેનિક કંડીશન બદલ સીલ મારી પનીરનો નમુનો લઇ રૂ.૧૦,૦૦૦નો ચાર્જ લેવાયો હતો જયારે ૧૩/૫ પોપટપરામાં આવેલ 'રાધિકા ડેરીફાર્મ'માં અનહાઈજેનિક કન્ડિશનમાં સ્ટોરેજ તથા ઉત્પાદન થતું જોવા મળ્યું હતું. અહીંથી પડતર પડેલ, વાસી માવો, વનસ્પતિ ફેટ, કુલ મળીને અંદાજિત ૧૬૦ કિલો અખાદ્ય ખોરાકનો નાશ કરી રૂ.૫,૦૦૦નો વહીવટી ચાર્જ વસૂલ કરાયો હતો. તો અનહાઈજેનિક સ્ટોરેજ તેમજ અયોગ્ય લેબલિંગ ધ્યાને લઈ આશરે ૪૫૦ કિલો મીઠો માવો સ્થળ પર કોલ્ડ સ્ટોરેજ સીલ કરી સ્થગિત કરીને મીઠો માવો લૂઝ અને પનીરના સેમ્પલ લેવાયા છે.



રાજકોટ મિરર
તંત્રીની કલમે

તંત્ર આકરું, કાયદા ઢીલા

રાજકોટમાંથી દરરોજ અધધધ ઝેરી ફુડ ઝડપાય છે, પણ ..



રાજકોટ મહાપાલિકાના નવા હોદ્દેદારોએ કડકાઈ પૂર્વક કામગીરી આદરી છે. તેના કારણે લોલમલોલ ચલાવનારા તત્વોમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો છે. આ પ્રશંસનીય કામગીરી કરી રહેલા તંત્રની ચોમેર સરાહના પણ થઈ રહી છે. માર્કેટમાં ખુલ્લેઆમ મળતા ઝેરી, અખાધ્ય અને ભેળસેળિયા ફૂડ સામે બરાબરની ઝૂંબેશ શરૂ કરવામાં આવી છે.

મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા લગભગ દરરોજ અધધધ માત્રામાં ઝેરી ફૂડ ઝડપાઈ રહ્યું છે. તંત્ર પાસે ઓછો સ્ટાફ હોવા છતાં ગજબની સઘન ઝૂંબેશ ચાલી રહી છે. ફૂડ સેફ્ટી ઓફિસરો સતત દરોડા પાડીને અખાદ્ય સામગ્રીનો નાશ કરી રહ્યા છે. તંત્ર દ્વારા પોતાની મર્યાદામાં રહીને આકરી કાર્યવાહી પણ થઈ રહી છે. જો કે આ સમગ્ર મામલામાં સૌથી આશ્ચર્યજનક અને ચિંતાજનક બાબત એ છે કે ઝેરી ખોરાક વેચનારાઓ સામેના કાયદા સાવ સામાન્ય છે. માર્કેટમાં મળતા આવા ઝેરી ફૂડથી સામાન્ય લોકો છેતરાય છે. એટલું જ નહીં, લોકો કેન્સર અને લિવર ફેલિયર જેવા જીવલેણ રોગોનો ભોગ બને છે. આ બાબત સીધી રીતે જાહેર આરોગ્ય પર મોટા જોખમ સમાન છે. માનવ જિંદગી સાથે ચેડાં કરનારા આવા તત્વોને અતિ આકરી સજા થવી જ જોઈએ. પરંતુ વર્તમાન કાયદા પૂરતા કડક ન હોવાથી મોટાભાગે સામાન્ય સજા કે નજીવા દંડની જોગવાઈ જ જોવા મળે છે.

આ નબળા કાયદાના કારણે જ ભેળસેળિયાઓ સુધરતા નથી અને ફરી પાછો પોતાનો કાળો કારોબાર શરૂ કરી દે છે. લોકોના સ્વાસ્થ્ય સાથે રમત રમીને ધીમું ઝેર પીરસનારાઓ પર આવો દયાભાવ શા માટે રાખવામાં આવે છે? પૈસા કમાવવાની લાલચમાં નિર્દોષ નાગરિકોના જીવ જોખમમાં મૂકનારાઓને અતિ આકરી સજા જ હોવી જોઈએ. વર્તમાન ફૂડ સેફ્ટીના કાયદાઓમાં તત્કાળ મોટા ફેરફાર કરવા ખૂબ જ જરૂરી બન્યા છે. જ્યાં સુધી કાયદામાં કડક જેલવાસ કે મોટી આર્થિક નુકસાનીની જોગવાઈ નહીં થાય, ત્યાં સુધી આ દૂષણ નાબૂદ નહીં થાય. આ માટે હવે જનજાગૃતિ અનિવાર્ય છે. શાસકો કાયદા વધુ મજબૂત અને કડક બનાવે તે માટે જનતાએ એક થઈને શાસકોને ફરજ પાડવી જ પડશે

રામ મંદિર દાન ચોરી પર RSSનું નિવેદન

દત્તાત્રેયે કહ્યું, હિન્દુ સમાજે ધીરજ રાખવી જોઈએ, ગુનેગારોને કડક સજા થવી જોઈએ

નવીદિલ્હી, તા. ૩

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (છ્જ્જ) ના મહાસચિવ દત્તાત્રેય હોસાબલેએ રામ મંદિરના પ્રસાદની ચોરીને એક દુર્ભાગ્યપૂર્ણ ઘટના ગણાવી અને કહ્યું કે તેનાથી રામ ભક્તોની ભાવનાઓ અને શ્રદ્ધાને ઠેસ પહોંચી છે, અને આ ઘટનાથી આપણે બધા દુઃખી છીએ. એક નિવેદનમાં, દત્તાત્રેય હોસાબલેએ કહ્યું કે શ્રી રામ જન્મભૂમિ ખાતે બનેલું ભવ્ય મંદિર પેઢીઓથી ચાલતા સંઘર્ષ અને લાખો રામ ભક્તોના સમર્પણ, બલિદાન અને ભક્તિને કારણે સમગ્ર હિન્દુ સમુદાય માટે શ્રદ્ધા, શ્રદ્ધા અને ભક્તિનું કેન્દ્ર બની ગયું છે. તેમણે કહ્યું કે અયોધ્યાના શ્રી રામ લલ્લા મંદિરમાં દાનપેટીઓમાંથી દાન ચોરીની દુર્ભાગ્યપૂર્ણ ઘટનાએ સમગ્ર સમાજ અને રામ ભક્તોની ભાવનાઓ અને શ્રદ્ધાને ઠેસ પહોંચાડી છે, અને આ ઘટનાથી આપણે બધા દુઃખી છીએ.

શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની વિનંતી પર, ઉત્તર પ્રદેશ સરકારે એક વિશેષ તપાસ ટીમની રચના કરી છે અને તેની ભલામણ પર કાનૂની પ્રક્રિયા શરૂ કરી છે. તપાસમાં દોષિતોને કડક સજા મળે તે સુનિશ્ચિત કરવું જરૂરી છે. દત્તાત્રેય હોસાબલેએ જણાવ્યું હતું કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સહિત સમગ્ર હિન્દુ સમુદાય સ્વાભાવિક રીતે અપેક્ષા રાખે છે કે ટ્રસ્ટ આ અત્યંત નિંદનીય ઘટનાને અસાધારણ ગણે અને સંચાલન અને શાસનમાં રહેલી બધી ખામીઓને દૂર કરવા માટે અસરકારક પગલાં લે જેથી લાખો રામ ભક્તોની અયોધ્યા મંદિરમાં શ્રદ્ધા અને ભક્તિ અખંડ અને અટલ રહે.

તેમણે જણાવ્યું હતું કે મૂંઝવણ અને અનિશ્ચિતતાની વર્તમાન સ્થિતિનો અંત આવવો જોઈએ. આ સંદર્ભમાં, અમે મંદિર વ્યવસ્થાપન અને સરકાર દ્વારા રચાયેલી વિશેષ તપાસ ટીમ પાસેથી તમામ જરૂરી પગલાં લેવાની અપેક્ષા રાખીએ છીએ. તેમણે જણાવ્યું હતું કે અમારું માનવું છે કે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ યોગ્ય નાણાકીય વ્યવસ્થાપન, સુગમ કામગીરી માટે દોષરહિત અને પારદર્શક પ્રણાલીઓ અને શુદ્ધતા અને પવિત્રતાથી ભરેલા, ન્યાયીપણાથી ભરેલા વાતાવરણ દ્વારા હિન્દુ સમુદાયનો વિશ્વાસ અને વિશ્વાસ જાળવી રાખશે.

તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સમગ્ર હિન્દુ સમુદાયને આ મુશ્કેલ સમયમાં જરૂરી ધીરજ અને સંયમ રાખવા અને આ દુર્ભાગ્યપૂર્ણ ઘટનાનો લાભ લઈને હિન્દુ ધર્મ અને સમાજને બદનામ કરવાના હિન્દુ વિરોધી અને રાષ્ટ્ર વિરોધી શક્તિઓના કાવતરાઓને નિષ્ફળ બનાવવા માટે પણ હાકલ કરે છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (છ્જ્જ) ના મહાસચિવ દત્તાત્રેય હોસાબલેએ રામ મંદિરમાં પ્રસાદની ચોરીને દુર્ભાગ્યપૂર્ણ ગણાવી હતી. તેમણે કહ્યું કે આ ઘટનાથી રામ ભક્તોની ભાવનાઓન

ે ઠેસ પહોંચી છે. હોસાબલેએ ગુનેગારો સામે કડક કાર્યવાહી, મંદિર વ્યવસ્થાપનમાં પારદર્શિતા અને યોગ્ય નાણાકીય વ્યવસ્થાપનની માંગ કરી હતી. તેમણે હિન્દુ સમુદાયને આ મુશ્કેલ સમયમાં જરૂરી ધીરજ અને સંયમ રાખવા અપીલ કરી હતી.

૨૩ વિપક્ષી પક્ષોએ CJIને લખ્યો પત્ર

ECI અને SIR પર ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા

રાજકોટ, તા. ૩

૨૩ વિપક્ષી પક્ષોએ મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને સુપ્રીમ કોર્ટના અન્ય ન્યાયાધીશોને પત્ર લખીને દેશમાં ચૂંટણી પ્રક્રિયા અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે જ્ઈંછ પ્રક્રિયા પર સવાલ ઉઠાવ્યા છે અને દાવો કર્યો છે કે તાજેતરની ચૂંટણીઓના પરિણામો નસ્ત્રલોકોની ઇચ્છા ને પ્રતિબિંબિત કરતા નથી. પત્રમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે ઊઉ, ઈઇઈ અને ગઈઅ જેવી એજન્સીઓનો ઉપયોગ વિપક્ષને નલક્ષ્ય બનાવવા અને ચૂંટાયેલી સરકારોને ઉથલાવવા માટે થઈ રહ્યો છે. ચૂંટાયેલી સરકારોને ઉથલાવવા ઉપરાંત, આ એજન્સીઓનો ઉપયોગ ચૂંટણી પરિણામોમાં ચાલાકી કરવા માટે પણ થાય છે.

પત્રમાં એવી પણ માંગ કરવામાં આવી છે કે જ્યાં યોગ્ય હોય ત્યાં પેપર બેલેટ મતદાન પ્રણાલી ફરીથી દાખલ કરવાનો વિચાર કરવામાં આવે. આ પત્ર ઈઉંઈ સૂર્યકાંત દ્વારા સુપ્રીમ કોર્ટના તમામ ન્યાયાધીશોને મોકલવામાં આવ્યો હતો.

તેના પર ભાજપનો વિરોધ કરતા નસ્ત્રસમાન વિચારધારા ધરાવતા પક્ષો, જેમ કે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ, દ્રવિડ મુનેત્ર કઝગમ (ડીએમકે), સમાજવાદી પાર્ટી, આરજેડી, તૃણમૂલ કોંગ્રેસ, એનસીપી (શરદ પવાર), આમ આદમી પાર્ટી, જેએમએમ, સામ્યવાદી પક્ષો (સીપીઆઈ-એમ, સીપીઆઈ, સીપીઆઈ-એમએલ), આઈયુએમએલ, જેકેએનસી, પીડીપી અને ફોરવર્ડ બ્લોક દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. પત્રમાં દાવો કરવામાં આવ્યો છે કે ૨૦૧૪માં ભાજપ સત્તામાં આવ્યા પછી ચૂંટણી પંચમાં નિમણૂકો ખૂબ જ શંકાસ્પદ રહી છે, અને બિહાર, પશ્ચિમ બંગાળ અને તમિલનાડુ જેવા રાજ્યોમાં ચૂંટણી પહેલા હાથ ધરવામાં આવેલ તાજેતરનું સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) બિનજરૂરી હતું. તેમનો આરોપ છે કે દિલ્હી, હરિયાણા અને મહારાષ્ટ્રમાં તાજેતરની ચૂંટણીઓમાં છેડછાડ કરવામાં આવી હતી.

ચૂંટણી પંચ અને ત્યાં કરવામાં આવેલી નિમણૂકો અંગે, પત્રમાં જણાવાયું છે કે ભાજપ સાથે સંકળાયેલા લોકો, જે સરકાર માટે કામ કરે છે, તેમને નિમણૂકો મળતી રહે છે. બિહારમાં જ્ઈંછ કવાયત અંગે, પત્રમાં જણાવાયું છે કે આ કવાયત પાછળ ચૂંટણી પંચનો તર્ક મતદાર યાદીઓને સ્વચ્છ કરવાનો હતો, કારણ કે બાંગ્લાદેશી ઘૂસણખોરો મતદાર યાદીનો ભાગ હોવાનો દાવો કરવામાં આવ્યો હતો.

જોકે, બાંગ્લાદેશથી આવી ઘૂસણખોરી ખરેખર થઈ હોવાનું દર્શાવતો કોઈ ડેટા નથી; કે ચૂંટણી પંચે જાહેર ક્ષેત્રમાં કોઈ ડેટા જાહેર કર્યો નથી જે દર્શાવે છે કે બાંગ્લાદેશી ઘૂસણખોરોએ ભારતમાં ગેરકાયદેસર રીતે મતદાન કરવાનો અધિકાર મેળવ્યો છે. પત્રમાં એવી પણ અપીલ કરવામાં આવી છે કે જ્યારે બીજું બધું નિષ્ફળ જાય છે, ત્યારે લોકો ન્યાયતંત્ર પર વિશ્વાસ કરે છે. જો ન્યાયતંત્ર જવાબ આપવામાં નિષ્ફળ જાય છે, તો તે પ્રજાસત્તાકના સંપૂર્ણ પતનનો સંકેત આપે છે.

વિપક્ષી પક્ષોએ આશા વ્યક્ત કરી છે કે જ્ઈંછ કવાયત બાકીના રાજ્યોમાં (૨૦૨૭ની ચૂંટણી પહેલા) હાથ ધરવામાં આવશે. તેઓ દલીલ કરે છે કે આ ત્યારે થવું જોઈએ જ્યારે રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ ઓછામાં ઓછા પાંચ વર્ષ દૂર હોય, જેથી મતદારોને ઊઈઈ પ્રતિનિધિઓ દ્વારા ભૌતિક રીતે ચકાસી શકાય, નહીં કે દસ્તાવેજીકરણ પ્રક્રિયા (ગણતરી ફોર્મ, વગેરે) દ્વારા જે બિહાર જ્ઈંછ કવાયત સુધી અજાણ હતી.

સંસદનું ચોમાસુ સત્ર ૨૦મી થી શરૂ

ચાર અઠવાડિયાના સત્રમાં વિવિધ મુદ્દાઓ પર ચર્ચા થશે

નવીદિલ્હી, તા. ૩.

સંસદનું ચોમાસુ સત્ર ૨૦ જુલાઈથી શરૂ થવાની ધારણા છે અને ૧૩ ઓગસ્ટ સુધી ચાલુ રહેવાની ધારણા છે. ચાર અઠવાડિયાના ચોમાસુ સત્રમાં ૧૯ બેઠકો થવાની ધારણા છે. ટીએમસીમાં વિભાજન, શિવસેના (યુબીટી)ના છ લોકસભા સાંસદોના બળવા અને ડીએમકે અને ઈન્ડિયા બ્લોકના અલગ થવાથી લોકસભા બેઠક યોજના પર અસર પડશે. સત્ર શરૂ થાય તે પહેલાં, સ્પીકર ૨૦ બળવાખોર ટીએમસી સાંસદોના એનસીપીઆઈમાં વિલીનીકરણ અંગે નિર્ણય લેશે. સ્પીકર શિવસેના (યુબીટી)ના છ સાંસદોના શિવસેના શિંદે પાર્ટીમાં વિલીનીકરણ અંગે પણ નિર્ણય લેશે. લોકસભામાં અલગથી બેઠેલા ડીએમકે અને ટીએમસીના બળવાખોર સાંસદો અંગે પણ નિર્ણય લેવામાં આવશે. દરમિયાન, બે તૃતીયાંશ બહુમતીની નજીક રહેલી એનડીએ સત્રમાં ઘણા મહત્વપૂર્ણ બિલ રજૂ કરવા માટે દબાણ કરી રહી છે. સરકાર બે મહત્વપૂર્ણ બંધારણીય સુધારા બિલ પણ રજૂ કરી શકે છે. મહિલા અનામત અને સીમાંકન સંબંધિત ૧૩૧મો બંધારણીય સુધારો બિલ પણ અપેક્ષિત છે.

એપ્રિલમાં કાયદો બનવામાં નિષ્ફળ ગયેલા આ બિલમાં સરકાર નોંધપાત્ર સુધારો કરી શકે છે, જેમાં લોકસભા અને વિધાનસભાઓમાં ૫૦ ટકા બેઠકો વધારવાની જોગવાઈનો સમાવેશ થાય છે. ૧૩૦મો બંધારણીય સુધારો બિલ, જે વડા પ્રધાન, મુખ્યમંત્રી અને મંત્રીઓને ૩૦ દિવસથી વધુની કેદની સજામાંથી મુક્ત કરશે, તે પણ ચોમાસા સત્રમાં રજૂ કરવામાં આવી શકે છે. આ બિલની સમીક્ષા કરવા માટે રચાયેલી ઉંઈ નોંધપાત્ર સુધારા સૂચવી શકે છે, જેમાં દોષિત ઠેરવ્યા પછી હોદ્દાઓ દૂર કરવા માટે કાયદાઓનો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો સમાવેશ થાય છે. વધુમાં, ઉંઈ તેના અહેવાલમાં કાયદાના દુરુપયોગને રોકવા માટે જોગવાઈઓની ભલામણ કરી શકે છે.

સરકાર એક રાષ્ટ્ર, એક ચૂંટણી બિલ પસાર કરવા માટે પણ દબાણ કરી શકે છે. આ ઉપરાંત, ત્ર્ઈઈછ્ર બિલ, ડેવલપ્ડ ઇન્ડિયા એજ્યુકેશન ફાઉન્ડેશન બિલ અને ડોપિંગ વિરોધી બિલ પણ ચોમાસા સત્રમાં રજૂ કરી શકાય છે. સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશોની સંખ્યા વધારવા માટેના વટહુકમને બદલવા માટે બિલ, વેતન સંહિતા (કેન્દ્રીય નિયમો), કોર્પોરેટ કાયદો અને સિક્યોરિટીઝ માર્કેટ કોડ જેવા બિલ પણ રજૂ કરવામાં આવી શકે છે. વિપક્ષ દેશમાં ઓછા ચોમાસા અને અતિ વરસાદને કારણે કેટલાક વિસ્તારોમાં પૂરને કારણે દુષ્કાળની સ્થિતિ પર ચર્ચાની માંગ કરે તેવી શક્યતા છે.

આ ઉપરાંત, વિપક્ષ ગઊઊઝ પેપર લીક, રામ મંદિરના પ્રસાદની ચોરી, મોંઘવારી, પેટ્રોલ અને ડીઝલના ભાવ અને બેરોજગારી જેવા મુદ્દાઓ પર સરકારને ઘેરવાનો પ્રયાસ કરશે. વિપક્ષ પ્રાદેશિક પક્ષોમાં વિભાજન અને વિભાજનમાં સરકારની ભૂમિકા અંગે પણ સરકાર પર હુમલો કરશે. વિપક્ષ સંસદમાં મતદાર યાદી સુધારણા અભિયાન (જ્ઈંછ)નો મુદ્દો પણ ઉઠાવવાની તૈયારી કરી રહ્યું છે. જોકે, પશ્ચિમ બંગાળ અને આસામમાં મળેલા વિજય પછી, ભાજપ આત્મવિશ્વાસથી ભરપૂર છે અને ઈન્ડિયા બ્લોકમાં વિભાજન દ્વારા વિપક્ષી પક્ષોને જવાબદાર ઠેરવશે. સંસદનું ચોમાસુ સત્ર ૨૦ જુલાઈથી શરૂ થશે અને તેમાં ૧૯ બેઠકોનો સમાવેશ થશે. ગઉઅ અનેક મહત્વપૂર્ણ બિલો રજૂ કરશે, ખાસ કરીને અનેક બંધારણીય સુધારા બિલો, જેમાં મહિલા અનામતનો બિલ પણ સામેલ છે. પ્રાદેશિક પક્ષોમાં વિભાજન અને સ્પીકરના નિર્ણયો પણ રાજકીય વાતાવરણને ગરમ કરે તેવી શક્યતા છે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

માનસ કબંધ (ભાગ ૩)

પરમાત્મા ગમે તેટલું આપે તો પણ જેને સંતોષ નથી, તૃપ્તિ નથી, એ કબંધનો સગો ભાઈ છે

માનસ સંબંધની ત્રીજા દિવસની કથામાં પ્રવેશતાં પૂજ્ય બાપુએ કબંધ શબ્દનો વિસ્તૃત અર્થ કર્યો!; કે મસ્તક વિનાનો હોય એ કબંધ, જેને આપણે ધડ કહીએ છીએ. મોટેભાગે ક લાગતાં એનો અર્થ નકારાત્મક થઈ જાય છે, કપટ, કુસંગ, કુમતિ. પરંતુ શાસ્ત્ર અનુસાર પકથ નો મતલબ જ્ઞાન પણ થાય છે, અને પકથ નો અર્થ બ્રહ્મ પણ થાય છે. બંધ શબ્દ સારો છે, અને યોગની પ્રક્રિયામાં યોગ બંધની મહત્તા ઘણી બતાવાઈ છે.

નિપાત શબ્દનો અર્થ મારીને પાડી દેવું! જેમ કે સંસારનાં જંગલમાં કામદેવ ભીલ બનીને આપણને પાડી દે છે. મનજાત કિરાત નિપાત, આપણાં જેવાં મૃગને ભીલ તીરથી મારી પાડી દે છે. ભોગ શબ્દ સારો છે,પણ કુભોગની મનાઈ છે! જેમકે આપણા રૂપિયાથી આપણે દૂધપાક બનાવી આરોગીએ તો એ ભોગ છે, પણ કોઈનાં રૂપિયા છીનવી અને એકલા એકલા દૂધપાક પી જઈએ તો એ કુભોગ છે. કામદેવ રુપી ભીલ આપણને કુભોગનું તીર મારી પાડી દે છે, બાકી ભોગ એટલો ખરાબ નથી. વાલ્મીકિ રામાયણમાં રામજી ભરતજીને પુછે છે કે તારાં રાજ્યમાં દસવર્ગ છે?; દસ વર્ગ એટલે કામદેવ રુપી ભીલ જ્યારે તીર મારે છે, ત્યારે દસ કુભોગ પ્રગટ થાય છે, એટલે કે દસ દોષ! રામ પુછે છે! તારાં રાજ્યમાં કોઈ શિકારી નથી ને ? કારણકે રાજાઓને ઋષિઓ તથા આદિવાસી વગેરેની રક્ષા માટે જ શિકારની છૂટ હતી! પણ પછી એ શોખ બની ગયો. એટલે કે રાજા માટે પણ હિંસા સ્વધર્મ નથી, એ કુભોગ છે. પરંતુ ગીતા કહે છે કે જ્યાં તમારો કોઈ સ્વાર્થ નથી, કોઈ રાગ નથી, કોઈ દ્વેષ નથી, છતાં નિયત કર્મથી ત્યાં ઘાત થાય તો એ પાપ નથી, ક્ષમ્ય છે! આવું ગીતા જ કહી શકે! (૧) હિંસા, (૨) જુગાર. (૩) સ્ત્રીમાં અતિશય આસક્તિ. (૪) મદ્યપાન, (૫) ચોરી, (૬) વ્યર્થ ભાષણ, (૭)વાદ્ય વગાડવાની મનાઈ. (૮)નાચવાની મનાઈ છે. આમ રાજાને આવાં કુભોગથી બચવાની સલાહ વાલ્મીકિ આપે છે, આગળનાં બે દોષ કથાનાં પ્રવાહમાં ચૂકાઈ ગયાં હશે.

વાલ્મીકિ રામાયણ મુજબ કબંધની કથા જોઈએ એમણે બે કથા કહી છે. ભગવાન રામ અને લક્ષ્મણ એક પ્રગાઢ અને ભયંકર જંગલમાં પ્રવેશ કરે છે. વાલ્મિકીજીની ખાસિયત છે કે, એ જંગલનું, નદીઓનું, વનપશુઓનું, રાઘવની વીરતાનું અદભુત વર્ણન કરે છે, એમણે રામનાં હાથમાં ત્રણ હથિયાર આપ્યા છે, સરચાપ ખડગ અને તલવાર. આગળ પાતાળ જેવી એક ગુફા આવી, અને વિશ્વની તમામ ભયંકરતા જેમાં સમાઈ હોય, એવી એક રાક્ષસી આવે છે, અને એ પણ પ્રભુ સાથે લગ્નથી જોડાવા માંગે છે, અને ભગવાન એને નિર્વાણ આપે છે. યાત્રા આગળ વધે છે, અને વાલ્મિકી કબંધનો પ્રવેશ કરાવે છે, અને એનાં શરીરનું વર્ણન કરે છે. ઈન્દ્રની કૃપાથી પેટમાં એનું મુખ છે, એને મસ્તક નથી, પણ એક બહુ મોટી આંખ છે, ભયંકર દાંત છે, એક જાંઘ કપાયેલી છે, એક એક જોજનની બે ભૂજાઓ છે. કબંધને બે શ્રાપ મળ્યા છે, એક સ્થૂલશિરા ઋષિ અને બીજા ઈન્દ્ર! ઋષિ સ્થૂલશિરા જડીબુટ્ટી બનાવવા માટે જંગલમાં ઔષધિ શોધી રહ્યા છે! એક ને શિર નથી અને એકને સ્થૂલ શિર છે! કબંધ એને પોતાની ભયાનકતાથી ડરાવે છે! અને એ શ્રાપ આપે છે, કે તું ગમે તેટલું ખાઈશ ભૂખ્યો જ રહીશ! પરમાત્મા ગમે તેટલું આપે તો પણ જેને સંતોષ નથી, તૃપ્તિ થાય નહીં એ કબંધનો સગો ભાઈ છે. કોઈને આપવા માટે લાંબા હાથ રાખો, છીનવી લેવા માટે નહીં, કોઈનું છીનવી લેવું એ પણ કબંધનો સગો ભાઈ. કબંધ એ ઋષિના પગ પકડી લીધાં, અને શ્રાપનું નિવારણ કરવાં કહ્યું! ઋષિએ કહ્યું કે રઘુવંશનાં રામભદ્ર પોતાની પત્ની સીતાની શોધ માટે આવશે, ત્યારે તારી કુરુપતાનો નાશ થશે! કારણકે કબંધ તો એક યશસ્વી દિવ્ય રુપ ધરાવતો ગંધર્વ હતો, એતો ઈન્દ્રનાં શ્રાપને કારણે! વાલ્મીકિ વર્ણન કરે છે કે, એનાં શરીરમાં સૂર્ય જેવી કાંતિ હતી, ચંદ્ર જેવું શૈત્ય, અને ઈન્દ્ર જેવું રૂપ હતું, પરંતુ અહંકારને કારણે ઇન્દ્રનાં સ્વર્ગ પર ચડાઈ કરી, અને ઈન્દ્ર એ સો આરા વાળું એક બાણ છોડ્યું, અને ઈન્દ્ર એ મારી જાંઘ, છાતી, મસ્તક કાપી નાખ્યું. એમણે પણ શ્રાપના નિવારણ માટે કહ્યું કે રઘુવંશનાં રામભદ્ર એનાં ભાઈ લક્ષ્મણ સાથે એની પત્ની સીતાની શોધ માટે આવશે, અને ત્યારે તને તારું મૂળ રુપ પ્રાપ્ત થશે! રામ અને લક્ષ્મણ એ કબંધની બંને ભૂજાઓને કાપી અને એને એનું મૂળ રૂપ પ્રાપ્ત થયું, અને પછી કબંધ ભગવાનને આગળ માર્ગદર્શન કરતાં કહે છે કે, આગળ માતંગ ઋષિના આશ્રમમાં શબરી આપને સુગ્રીવ વિશે જણાવશે. અહીં વાલ્મીકિ કબંધનાં મોઢે રાજનૈતિક પક્ષ મુકે છે. રઘુકુલ ભૂષણ રાજામાં છ વસ્તુ હોવી જોઈએ.

આપ પણ રાજા છો! અને સુગ્રીવ પણ રાજા છે, આપની પત્નીને રાવણ લઈ ગયો છે, અને સુગ્રીવની પત્નીને વાલી લઈ ગયો છે. આપ પણ દર દર ભટકી રહ્યા છો! સુગ્રીવ પણ દર દર ભટકી રહ્યો છે. સુગ્રીવ રવિનો અંશ છે, આપ પણ સૂર્યવંશી છો! સમધર્મી સમપિડિત, સમદુઃખી રાજા મળે ત્યારે, આ છ પ્રકારના કામ કરવા જોઈએ. સંધિ,વિગ્રહ, યાન, આસન, દ્વિધર્મા, અને સમાશ્રિતા. સંધિ પછી વિગ્રહ અહીં વિગ્રહનો અર્થ સંઘર્ષ, આ સાધુ નિતી નથી રાજનીતિ છે. યાન સાધનથી એટલે હુમલો કરવો, જળયાન વાયુયાન. આસન એટલે ધીરજ, કોઈ બાબત ઉતાવળ કરવી નહીં. રાજા દ્વિધર્મા હોવો જોઈએ, એટલે કે સામ દામ દંડ ભેદ ગમે તેનો ઉપયોગ કરી સમસ્યાનો ઉકેલ લાવે. સમાશ્રય એટલે જરુર ન્હોય ત્યાં સંબંધ બગાડે નહીં, પણ એની સાથે મળીને કંઈક નવું કરે, અથવા આટલું તારું આટલું મારું!

પરંતુ કબંધ આટલું જ નથી કહેતો કહે છે, સુગ્રીવ સાથે આ છ પ્રકારની રાજનીતિની વાત કરશો તો એ સૂર્ય પુત્ર હોવાથી દરેક સ્થાનને જાણે છે, અને એથી આપનું કલ્યાણ થશે! આમ પ્રભુ રામ કે જે કલ્યાણ નાં નિધાન છે, એને કબંધ કલ્યાણ થશે! એમ કહે છે. સીતા તો ભક્તિ છે અને પોતાનાં આ તામસ વિગ્રહથી એ ભક્તિનું સ્થાન બતાવી નહીં શકે.

થોડાં પ્રશ્નોનાં જવાબમાં ઓશોનાં એક વિધાનને કોટ કરતાં કહ્યું કે, સકારાત્મક વિચારો જેટલાં વધુ આંદોલિત થાય છે, એટલાં શેતાની તત્વો દૂર રહે છે. ખૂબ પાકું ગણિત, હકારાત્મક વિચાર, શુભ ચિંતન, સદવિચાર, શુભ ભાવના એ બધું જેટલું ફેલાય, ત્યાંથી આસુરી તત્વો હટી જાય છે. એવાં ચિંતનનાં પ્રભાવ, પ્રકાશમાં એ ટકી શકતાં નથી, અને જગ્યા કરી આપે છે, અથવા ભાગવા લાગે છે. કથાના ક્રમમાં ભરદ્વાજ ઋષિના રામ કોણ છે? એ પ્રશ્નના જવાબમાં યાજ્ઞવલ્ક્ય ઋષિ કહે છે, રામકથા પહેલાં શિવકથા સાંભળવી પડે, પછી રામકથા! આમ કહી ત્રીજા દિવસની કથાને વિરામ આપ્યો.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

સોશિયલ મિડીયા માધ્યમ ફેસબૂકથી મિત્રતાની જાળ બિછાવી શિકાર કર્યો

વિધવાનો દેહ પીંખી પડાવી લાખોની મત્તા

પરણેલા રાહુલે વિધવાને કહ્યું મારી પત્નિ સાથે છુટાછેડા લઇ તારી સાથે પરણીશઃ આ પછી બીઝનેસના નામે વીસ લાખ રોકડા અને અઢાર તોલા સોનુ ઉસેડ્યું: મેરેજ માટે મહિલાને કોર્ટ ખાતે બોલાવી પોતે આવ્યો જ નહિ!

રાજકોટ,તા.૩

અલગ અલગ ગામ શહેરમાં રોજબરોજ કોઈને કોઇ સગીરા, યુવતિ કે પછી પરણેલી અથવા તો વિધવા મહિલાને કોઇને કોઇ લેભાગુઓ મિત્રતાના નામે અને પ્રેમના નામે ફસાવી લગ્ન કરવાની લાલચ દઇ આંબાઆંબલી બતાવી શારીરિક આર્થિક શોષણ કર્યા બાદ તરછોડી દેતાં હોવાના કિસ્સાઓમાં ચિંતાજનક રીતે વધારો થયો છે. એક પછી એક સતત નવા આવા બનાવો પોલીસ ચોપડે એફઆઇઆર સ્વરૂપે નોંધાઇ રહ્યા છે. વધુ એક આવો બનાવ સામે આવ્યો છે જેમાં એક વિધવાને એક લેભાગુએ ફસાવી હતી. લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચરી લઇ તેની પાસેથી લાખો રૂપિયાની રોકડ અને દાગીના પણ પડાવી લીધા હતાં. ફેસબૂક મારફત આ લેભાગુ પરણેલા ઢગાએ મહિલાને ફસાવી હતી.

વિગતો પર નજર કરીએ તો સોશિયલ મિડીયા પર અજાણ્યાઓ સાથે મિત્રતા કરતાં પહેલા સો વખત વિચાર કરવો જોઇએ એ વાતની વધુ એક વખત પ્રતીતિ કરાવતી આ ઘટના અમદાવાદના વિરાટનગર વિસ્તારમાં બની છે. એક વિધવાએ નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં મહેસાણા અને ગાંધીધામના બે વ્યક્તિઓ વિરૂધ્ધ દુષ્કર્મ અને લાખોની છેતરપિંડીની ફરિયાદ નોંધાવતાં તપાસ શરૂ થઇ છે. ફરિયાદ મુજબ મહિલાનો ફેસબુક મારફતે રાહુલ પટેલ નામના યુવક સાથે પરિચય થયો હતો. બંને વચ્ચે સતત ફોન પર વાતચીત થતી હતી. આ પછી રાહુલે પોતે પત્નિથી અલગ રહેતો હોવાનું અને ટૂંક સમયમાં છૂટાછેડા લઈને ફરિયાદી સાથે લગ્ન કરવાની વાત કરી હતી.પરિવારની સંમતિ બાદ મહિલાએ લગ્ન માટે હા પાડી હતી. વિશ્વાસમાં લઈને રાહુલે ધંધો શરૂ કરવા માટે પાંચ લાખ રૂપિયાની જરૂર હોવાનું કહી મહિલા પાસેથી તબક્કાવાર ચાર લાખ સોળ હજાર મેળવી લીધા હતા.

બાદમાં મહિલાએ પોતાના અઢારતોલા સોનાને ગીરવે મૂકીને લીધેલી લોનના બાકી રૂપિયા બે લાખ સાંઇઠ હજાર ભરવાના હોવાનું જણાવતાં રાહુલે અમદાવાદ બોલાવી પોતાના ભાઈ મારફતે મદદ કરાવવાનું કહ્યું હતું.

ત્યારબાદ મહિલા પોતાના પુત્ર સાથે અમદાવાદ આવી હતી, જ્યાં આરોપી તેને એરપોર્ટ પરથી લઈ ગયો હતો. ઉંઝામાં બે લાખ સાંઇઠ હાજર ભરીને સોનુ છોડાવ્યા બાદ આરોપીએ સોનુ પોતાની પાસે રાખી લીધું હતું. ત્યારબાદ શહેરની એક હોટલમાં લગ્નનું વચન આપીને મહિલાની સાથે શારીરિક સંબંધ બાંધ્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું. આ પછી આરોપીએ મહિલાને અમદાવાદમાં સ્થાયી કરાવવાનું અને વિવિધ વ્યવસાયમાં રોકાણ કરાવવાના બહાને વધુ નાણાં મેળવ્યા હતા.

આ પછી હૈદરાબાદ જઈ પ્લાસ્ટિક ફેક્ટરીમાં રોકાણના નામે રૂ.૬ લાખ અને લેટ અપાવવાના બહાને વધુ રૂ.૨.૪૮ લાખ પડાવ્યા હતા.મહિલાએ પોતાનું ૧૮ તોલા સોનુ પરત માંગતા આરોપીએ તેના ભાઈ સાથે વાત કરાવી હતી, જેણે સોનુ પરત આપવાની ખાતરી આપી હતી. જોકે, બાદમાં જાણવા મળ્યું કે સોનુ ગીરવે મૂકી તેના પર રૂ.૧૬.૫૦ લાખની લોન લેવામાં આવી હતી. ફરિયાદ મુજબ, મહિલાએ આરોપીને અલગ-અલગ રીતે કુલ રૂ.૧૯.૯૧ લાખ આપ્યા હતા, ઉપરાંત ૧૮ તોલા સોનુ પણ સોંપ્યું હતું. છેલ્લે કોર્ટ મેરેજ માટે બોલાવી આરોપી ફરાર થઈ જતા સમગ્ર છેતરપિંડીનો ભાંડો ફૂટ્યો હતો.નવરંગપુરા પોલીસે બંને આરોપીઓ સામે બળાત્કાર અને છેતરપિંડી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી. આ રીતે વધુ એક વખત સોશિયલ મિડીયા માધ્યમનો લેભાગુએ દુરૂપયોગ કરી એક વિધવાને ફસાવી હતી અને તેનું શારીરિક ઉપરાંત આર્થિક શોષણ પણ કરી લીધુ હતું. આવા માધ્યમો મારતફ મિત્રતા પ્રેમમાં પડવું એ આજના સમયમાં સામાન્ય બાબત છે પરંતુ સામેનું પાત્ર કોણ છે? તેનો ખરેખર ઇરાદો શું છે એ જાણી લેવું પછી જ આગળ વધવુ હિતાવહ છે. આ કિસ્સામાં ફેસબૂકથી વિધવાને ફસાવી તેની જિંદગી દોજખ બનાવી ભાગી ગયેલા લેભાગુને પોલીસ શોધી રહી છે.

સામાજિક દબાણથી સાક્ષીઓ ફરી જાય તો પણ વૈજ્ઞાનિક પુરાવા સર્વોપરી

દીકરીને ગર્ભવતી બનાવનાર સાવકા પિતાને ૨૦ વર્ષની કેદ

માતા-પુત્રી કોર્ટમાં ફરી ગયા છતાં DNA પુરાવાને આધારે સજા

રાજકોટ, તા. ૩

અમદાવાદના ખોખરા વિસ્તારમાં સંબંધોને લજવતો અને માનવતાને શર્મસાર કરતો કિસ્સો સામે આવ્યો હતો. અહીં એક નરાધમ સાવકા પિતાએ પોતાની જ ૧૧ વર્ષની સગીર દીકરી પર અવારનવાર દુષ્કર્મ આચરી તેને ગર્ભવતી બનાવી હતી. આ અતિ ગંભીર કેસમાં ખાસ પોક્સો (POCSO) સેશન્સ કોર્ટે એક ઐતિહાસિક ચુકાદો આપતા આરોપી સાવકા પિતાને દોષિત ઠેરવી ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. આ ઉપરાંત પીડિતાના પુનર્વસન માટે ₹૪,૫૦,૦૦૦નું વળતર ચૂકવવાનો પણ હુકમ કર્યો છે. આ કેસની સૌથી મોટી બાબત એ રહી કે પરિવારજનો કોર્ટમાં ફરી ગયા હોવા છતાં સક્ષ્ડ વૈજ્ઞાનિક પુરાવાઓએ આરોપીને સળિયા પાછળ ધકેલી દીધો.

કોર્ટ કાર્યવાહી દરમિયાન સરકારી વકીલ દ્વારા ૧૩ સાક્ષીઓ અને ૨૨ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવ્યા હતા. જોકે, સુનાવણીમાં એક મોટો વળાંક ત્યારે આવ્યો જ્યારે ખુદ ફરિયાદી માતા અને ભોગ બનનાર સગીરા પોતાના નિવેદનથી ફરી ગયા (હોસ્ટાઇલ થયા). માતાએ આરોપીને બચાવવા એવી દલીલ કરી કે તે ઘરમાં એકમાત્ર કમાનાર વ્યક્તિ છે. સગીરાએ પણ જુબાની બદલીને પિતાએ કંઈ ખોટું ન કર્યું હોવાનું રટણ કર્યું અને જણાવ્યું કે અગાઉ તેણે પોલીસના ડરથી અંગૂઠો માર્યો હતો.

મુખ્ય સાક્ષીઓ ફરી જવા છતાં સરકારી વકીલ દ્વારા રજૂ કરાયેલા FSL અને ઉગઅ રિપોર્ટ આ કેસમાં ગેમ-ચેન્જર સાબિત થયા. ઉગઅ ટેસ્ટમાં સ્પષ્ટપણે પુરવાર થયું કે સગીરાએ જે બાળકને જન્મ આપ્યો છે, તેનો જૈવિક પિતા બીજું કોઈ નહીં પણ આરોપી સાવકો પિતા જ છે! વધુમાં, મેડિકલ ઓફિસરોના રિપોર્ટ અને ઓસિફિકેશન ટેસ્ટ (હાડકાંની તપાસ) દ્વારા વૈજ્ઞાનિક રીતે સાબિત થયું કે ઘટના સમયે પીડિતાની ઉંમર ૧૫ વર્ષ કરતાં ઓછી (અંદાજે ૧૧ વર્ષ) જ હતી.

ચુકાદો આપતા વિશેષ અદાલતે સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના ચુકાદાઓ ટાંકીને નોંધ્યું કેઃ નસ્ત્રજો પીડિતા કે તેના પરિવારજનો આર્થિક નિર્ભરતા, કૌટુંબિક દબાણ કે સામાજિક બહિષ્કારના ડરથી પોતાના નિવેદનથી ફરી જાય, તો પણ માત્ર તેના આધારે આરોપીને છોડી શકાય નહીં. જ્યારે કેસમાં સક્ષ્ડ વૈજ્ઞાનિક પુરાવા મોજૂદ હોય, ત્યારે તેની ગુનાહિતતા સાબિત થાય છે. આરોપીએ પિતા સમાન પવિત્ર ભરોસાના પદનો ભારે દુરૂપયોગ કર્યો છે.સ્ત્રસ્ત્ર

વર્ષ ૨૦૨૪માં સગીરાની માતાએ પોતાના બીજા પતિ આઝાદહુસેન શેખ વિરુદ્ધ ખોખરા પોલીસમાં દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. ૧૧ વર્ષની બાળકીનું પેટ ફૂલવા લાગતા તેને હોસ્પિટલ લઈ જવામાં આવી હતી, જ્યાં તબીબી તપાસમાં તે ૫ માસની ગર્ભવતી હોવાનો ઘટસ્ફોટ થયો હતો. પરિવારે જ્યારે ગર્ભપાતનો પ્રયાસ કર્યો, ત્યારે નરાધમ આરોપીએ ધમકીઓ આપી ગર્ભપાત થવા દીધો ન હતો. પરિણામે સગીરાએ એક પુત્રને જન્મ આપવો પડ્યો હતો. પોલીસે કેસની ગંભીરતા સમજીને ઝીણવટભરી તપાસ કરી ચાર્જશીટ દાખલ કરી હતી, જેને આધારે કોર્ટે ન્યાયી અને દાખલારૂપ સજા ફટકારી છે.

વૃધ્ધની મરણમુડી સમાન રકમ બે ગઠીયાઓ છેતરીને પડાવી ગયા

સસ્તામાં મકાનના નામે પોણા કરોડની છેતરપીંડી

એકસો બારવારનું મકાન વેંચવાના નામે વૃધ્ધ પાસેથી રોકડા લઇ લીધાઃ સાટાકરાર નહિ સીધો દસ્તાવેજ કરી આપવાના નામે વિશ્વાસમાં લઇ ચૂનો લગાવી દીધો : બીજા બનાવમાં વ્યાપારીક સંબંધોને ગેરલાભ ઉઠાવી સાડા ચાર કરોડની ઠગાઇમાં ગઠીયો પકડાયો

રાજકોટઃ તા.૦૩

છેતરપીંડી કરનારા કોઇને કોઇ રીતે કોઇને કોઇ નુસ્ખાના ઉપયોગથી લોકોને હજારો લાખો અને ક્યારેક કરોડોના ચૂના લગાવી દેવામાં સફળ થઇ જાય છે. વધુ એક મોટી ઠગાઇ થઇ છે. જેમાં એક વૃધ્ધને ગઠીયાઓ મકાન વેંચાણના નામે પોણા કરોડનો ચૂનો લગાવી ગયા છે. સાટા કરાર કરવાને બદલે ડાયરેક્ટ દસ્તાવેજ કરાવવાનું નામે આ નાણા પડાવી લેવાયા હતાં. છેતરાયેલા વૃધ્ધે આ મામલે પોલીસને જાણ કરતાં તુરત ગુનો દાખલ કરી પોલીસે ગઠીયાઓને શોધી કાઢવા તજવીજ હાથ ધરી હતી.

વિગતો પર નજર કરીએ તો આ ઠગાઇ ભુજ પંથકમાં સામે આવી છે. શહેરના હોસ્પિટલ રોડ વિસ્તારમાં રહેતા અને છેલ્લા પચાસ વર્ષથી માંડવી ડબલરોટીની દુકાન ચલાવતા ચુમોતેર વર્ષીય વૃદ્ધ વેપારી સાથે મકાન વેચાણે અપાવવાના બહાને બે આરોપીઓએ રૂપિયા બોંતેર લાખની છેતરપિંડી અને વિશ્વાસઘાત આચરવામાં આવ્યો હોવાની ફરિયાદ ભુજ બી-ડિવિઝન પોલીસ મથકે નોંધાઈ છે. પોલીસે આ મામલે બે શખ્સો વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી તપાસ આદરી હતી.

પોલીસ મથકેથી મળતી વિગતો મુજબ, ફરિયાદી તુલસીદાસ ચત્રભુજ સેજપાલને તેમની પાસે અગાઉ નોકરી કરતા યુનુસ હારૂન કાતીયાર અને તેના મિત્ર ઇકબાલ સુલેમાન લોહારવાઢાએ વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ આરોપીઓએ જણાવ્યું હતું કે વાલરામ નગર ભુજ મધ્યે આવેલ પ્લોટ નં.૧૧૫ વાળું રહેણાંક મકાન તેમની માલિકીનું

છે અને તેઓ તે ૭૫ લાખમાં વેચવા માંગે છે. જે બાદ આરોપી અને ફરિયાદી વચ્ચે ૭૦ લાખમાં સીધો દસ્તાવેજ કરી આપવાની ખાતરી સાથે સોદો થયો હતો.

દરમિયાન આરોપીઓએ દસ્તાવેજ બનાવવાના બહાને ફરિયાદી પાસેથી એ.યુ. સ્મોલ ફાઇનાન્સ બેંકનો સાડા અઢાર લાખનો ચેક તથા સ્ટેમ્પ ડ્યુટી અને રજીસ્ટ્રેશન ફી સહિત કુલ ત્રેપન લાખ પચાસ હજાર રોકડા મેળવી કુલ બોંતેર લાખ પડાવી લીધા હતા. આ પછી ચેક વટાવી લીધા બાદ જ્યારે ફરિયાદી રજીસ્ટ્રાર ઓફિસે પહોંચ્યા ત્યારે આરોપીઓએ ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું.

દસ્તાવેજના કાગળો તપાસતા માલૂમ પડ્યું કે મકાન પરાગ ભગલાણી અને નુતનબેન ભગલાણીના નામે હતું.જે બાદ આરોપીઓએ રૂપિયા નહીં મળે અને જે થાય તે કરી લેવાની ધમકી આપી હતી. સમગ્ર મામલે પોલીસે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ફરિયાદીએ આ મામલે મૂળ મકાન માલિકનો સંપર્ક સાધતા ચોંકાવનારો ખુલાસો થયો હતો કે આરોપીઓએ માત્ર રૂપિયા એકાવનસો ટોકન આપી સોદો કર્યો હતો અને બાકીના નાણાં ન ચૂકવતા સોદો રદ થયો હતો.

પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા આખરે વૃદ્ધે ન્યાય માટે પોલીસના દ્વાર ખખડાવ્યા હતાં. આમ એક વૃધ્ધની મરણમુડી ગઠીયાઓએ મકાનના સોદાના નામે પડાવી લીધી હતી. આ રીતની ઠગાઇના કિસ્સા અવાર-નવાર બનતા રહે છે. જેમાં વધુ એક બનાવ સામે આવ્યો હતો. અગા. પણ આ રીતે ફ્લેટ, જમીન, મકાન સસ્તામાં આપવાના નામે ઠગાઇ થઇ ચુકી છે.

બીજા કિસ્સામાં જામનગરના દરેડ જીઆઈડીસી વિસ્તારમાં આવેલા એક ઉદ્યોગ સાથે સંકળાયેલા વેપારી સામે ચાર કરોડ ચુમાલીસ લાખની આર્થિક છેતરપિંડી અને વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. નોંધનીય છે કે આરોપી સામે અગાઉ પણ આર્થિક ગુનો નોંધાયો હતો અને તે હાલ જેલ હવાલે હોવાથી પોલીસે ટ્રાન્સફર વોરંટના આધારે તેનો કબજો મેળવી પૂછપરછ શરૂ કરી હતી. પંચકોશી નબીથ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ નીતીનભાઈ રમેશભાઈ મેનપરા જામનગરના આનંદભાઈ લીલાભાઈ મોઢવાડીયા, સંચાલક એ.એમ.મેટલ ઇન્ડસ્ટ્રીઝ, દરેડ જીઆઈડીસી સામે ગુનો દાખલ કરાવ્યો હતો. ફરિયાદ મુજબ આરોપીએ ફરિયાદી તથા અન્ય બે વેપારીઓ સાથે વ્યવસાયિક સંબંધો કેળવી વિશ્વાસમાં લીધા હતા.

વેપાર દરમિયાન ફરિયાદીના લેણા પેટે બાકી નીકળતા રૂ.૨,૦૪,૫૦,૭૨૩ની રકમ ચૂકવી નહોતી. ઉપરાંત જીતેન્દ્રભાઈ ગોવિંદભાઈ ડોબરિયા પાસેથી બ્રાસ સ્ક્રેપનો માલ આપવા માટે એડવાન્સ પેટે રૂ.૨૫ લાખ લીધા હોવા છતાં માલ સપ્લાય કર્યો નહોતો. આ ઉપરાંત દિનેશભાઈ વેજાણંદભાઈ કનારા પાસેથી વેપારી વ્યવહારોના રૂ.૨,૧૪,૫૦,૯૮૧ બાકી રાખી કુલ ચાર કરોડ ચુમાલીસ લાખની રકમની વ્યાપારીક નાણાકીય ઉચાપત અને વિશ્વાસઘાત કર્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. બાદમાં આરોપી પોતાના ધંધાના સ્થળ તેમજ રહેણાંકને તાળા મારી ફરાર થઈ ગયો હતો.પંચકોશી બી-ડિવિઝનના પોલીસ ઇન્સ્પેક્ટરની ટીમે જામનગર જિલ્લા જેલમાંથી ટ્રાન્સફર વોરંટના આધારે આરોપીનો કબજો મેળવી વધુ પૂછપરછ શરૂ કરી હતી.

જે નોકરી જ નહોતા કરતાં એવા દસના નામે એકાઉન્ટ ખોલી પગાર જમા કરાવતી રહી

કંપનીને HRએ લગાવ્યો સાડા તેર લાખનો ચૂનો

ઓડીટ થયું ત્યારે કંપનીના માલિક ચોંકી ગયાઃ મહિલા કર્મચારી સામે દાખલ કરાવી ફ્રોડની ફરિયાદ

રાજકોટઃ તા.૦૩

રાજ્યમાં અલગ અલગ કંપનીઓ, પેઢીઓ, શો રૂમમાં ફરજ બજાવતાં જુના વિશ્વાસુ કર્મચારીઓ અને નવા નવા નોકરીમાં જોડાયા હોય તેવા અમુક કર્મચારીઓ લાલચની જાળમાં ફસાઇને કે ઝડપથી માલદાર થવાની લ્હાયમાં ગુના આચરી બેસતા હોવાના કિસ્સા વધી ગયા છે. વધુ એક આવી ઘટના સામે આવી છે જેમાં એક કંપની સાથે એચઆર મહિલાએ અનોખી ઠગાઇ આચરી હતી. આ મહિલાએ નોકરીના સમય દરમિયાન જે કર્મચારીઓ કંપનીમાં હતાં જ નહિ તેના નામના બોગસ એકાઉન્ટ બનાવ તેમાં પગારની રકમો જમા કરાવી હતી. કટકે કટકે તેણીએ આ રીતે કંપનીના સાડા તેર લાખ ઉસેડી લીધા હતાં. તપાસ દરમિયાન તેણીનો ભાંડો ફુટતાં પોલીસ એફઆઇઆર દાખલ કરાવવામાં આવી હતી.

વિગતો પર નરજ કરીએ તો ઠગાઇની આ ઘટના અમદાવાદના વસ્ત્રાપુરમાં બની છે. અહિ આવેલી એબી ફૂડ કંપની સાથે રૂપિયા તેર લાખ ત્રેપન હજારની ઠગાઇ થતાં ચર્ચા જાગી છે. આ મામલે પુવર્જ એચઆર મેનેજર જેમી લાડાણી વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરવાઇ છે. તેણીએ દસ બોગસ કર્મચારીઓ ભા કરી તેમના ખાતામાં કંપનીના નાણાં ટ્રાન્સફર કર્યા હતા. માલિક અવધનરેશ શર્માએ વસ્ત્રાપુર પોલીસમાં ફરિયાદ નોંધાવતા, પોલીસે તપાસ હાથ ધરી છે. નવા એકાઉન્ટન્ટના ઓડિટમાં આ કૌભાંડ પકડાયું હતું.

પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ અમદાવાદના પોશ ગણાતા વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલી એક પ્રતિષ્ઠિત ફૂડ કંપનીમાં પૂર્વ હ્યુમન રિસોર્સ મેનેજર મહિલા અધિકારી દ્વારા લાખો રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હોવાનો

ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. કંપનીમાં ક્યારેય પગ પણ ન મૂક્યો હોય તેવા દસ જેટલા બોગસ કર્મચારીઓ ભા કરી, તેમના બેંક ખાતામાં કંપનીના નાણાં ટ્રાન્સફર કરી પૂર્વ એચઆરે તેર લાખ ત્રેપન હજાર રૂપિયાની ઉચાપત કરી હતી. આ મામલે કંપનીના માલિકે વસ્ત્રાપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ઘટનાની વધુ માહિતી અનુસાર વસ્ત્રાપુરમાં એબી ફૂડ નામની કંપની ચલાવતા અવધનરેશ શર્માએ પોતાની પૂર્વ એચઆર જેમી લાડાણી નામની યુવતી સામે ફરિયાદ નોંધાવી હતી.

જેમાં જણાવાયું હતું કે એચઆર જેમી કંપનીમાં ફરજ બજાવતી હોવાથી નવી ભરતી અને પગારના તમામ હિસાબો તેના હાથ નીચે હતા. આ સત્તાનો દુરૂપયોગ કરીને તેણે એક મોટું આર્થિક કૌભાંડ આચર્યું હતું. જેમીએ કંપનીમાં ક્યારેય નોકરી જ ન કરતા હોય તેવા પોતાના જ દસ જેટલા અજાણ્યા ઓળખીતા વ્યક્તિઓના ડોક્યુમેન્ટ્સના આધારે બોગસ પ્રોફાઇલ તૈયાર કરી દીધી હતી. આરોપી એચઆર જેમીએ એટલી ચાલાકીથી કામ કર્યું કે દર મહિને સેલરી શીટ બનાવતી વખતે આ દસ નકલી કર્મચારીઓના નામ પણ અંદર ઉમેરી દેતી હતી. આ નાણાં બેંક મારફતે ટ્રાન્સફર કરવા માટે તેણે કંપનીના માલિક અવધનરેશભાઈનો વિશ્વાસ જીતીને તેમની સહીઓ પણ મેળવી લીધી હતી. આ બોગસ કર્મચારીઓમાંથી કોઈના ખાતામાં ૧ મહિનાનો તો કોઈના ખાતામાં સળંગ ૪-૪ મહિનાનો પગાર જમા કરાવીને કંપનીના કુલ ફીપયા૧૩.૫૩ લાખ ટ્રાન્સફર કરાવી લીધા હતા. ત્યારબાદ ઓફિસમાં અણછાજતા વર્તનના કારણે ગત ૨૫મી મેના રોજ કંપનીએ જેમીને નોકરીમાંથી મુક્ત કરી દીધી હતી. આ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે જેમીના ગયા પછી કંપનીમાં આવેલા નવા એકાઉન્ટન્ટે જૂના પગારના હિસાબો અને ખાતાઓ ચેક કરવાનું શરૂ કર્યું હતું. ઓડિટ દરમિયાન એકાઉન્ટન્ટના ધ્યાનમાં આવ્યું કે જે લોકો કંપનીના રેકોર્ડ કે ચોપડે કર્મચારી તરીકે ક્યાંય હાજર જ નથી, તેવા અજાણ્યા લોકોના બેંક એકાઉન્ટમાં સેલરી પેટે મોટી રકમ જમા થઈ રહી છે. કંપની માલિકે તાત્કાલિક જેમીનો સંપર્ક સાધી આ અંગે ખુલાસો માંગ્યો હતો, પરંતુ તેની પાસે કોઈ સંતોષકારક જવાબ નહોતો. અંતે, પોતાની સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી થઈ હોવાનું જણાતા અવધનરેશ શર્માએ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા તપાસ શરૂ કરવામાં આવી હતી. આમ વાડ જ ચીભડા ગળે એ કહેવત વધુ એક વખત સાચી ઠરી હતી. જે કંપનીના માલિકે જેના પર વિશ્વાસ મુક્યો હતો એ એચઆર મેનેજરે જ ઠગાઇ કરી લાખોનો ધૂંબો મારી દીધો હતો.

ખેતરમાં કામ કરતી વખતે રીલ જોઇ અને ગઠીયાના રોલરકોસ્ટરમાં આવી ગયો

ફ્રેન્ડશીપ નામે યુવાન સાથે લાખોનું ફ્રોડ

અલગ અલગ યુવતિઓએ વાતો કરી કેસ્સ સર્વિસ પુરી પાડવાના નામે લલચાવ્યો અને વીસ લાખ છત્રીસ હજાર ઉસેડી લીધાઃ આ પછી સતત ધમકાવી નાણાની ઉઘરાણી ચાલુ રખાતાં અંતે પોલીસને જાણ કરીઃ બીજી એક કરોડોની ઠગાઇમાં વર્ષોથી ફરાર ઠગ પકડાયો

રાજકોટઃ તા.૦૩

છેતરપીંડીની અલગ અલગ રીતો અજમાવી ગઠીયાઓ પોતાના શિકાર શોધી લેતા હોય છે. વધુ એક કિસ્સામાં એક ખેડુતસાથે લાખોની ઓનલાઇન ઠગાઇ થઇ ગઇ છે. પાંત્રીસ વર્ષિય યુવાન ખેડુતને ઓનલાઇન ફ્રેન્ડશીપ ક્લબના નામે ગઠીયા ભેટી ગયા હતાં. ઇન્સ્ટાગ્રામ પર મહિલાઓ સાથે દોસ્તી કરીને કમાણી કરવાની લાલચ આપી આ યુવાનને છેતરી લેવાયો હતો. આ નવતર ઠગાઇના કિસ્સાએ ચકચાર જગાવી છે તો સાથોસાથ આવી લાલચ સામે લાલબત્તી ધરી છે.

વિગતો જોઇએ તો ભાવનગરમાં નાગધણીબા ગામના ૩૫ વર્ષીય ખેડૂત વિપુલભાઈ પરમાર સાથે રૂ. ૨૦,૩૬,૦૦૦ની ઓનલાઈન છેતરપિંડી થઈ છે. ઇન્સ્ટાગ્રામ પર મહિલાઓ સાથે દોસ્તી કરાવી મોટી કમાણીની લાલચ આપી હેપી ફ્રેન્ડ ક્લબ અને રંગીલા ક્લબના નામે હોટેલ બુકિંગ, મેડિકલ રિપોર્ટ, અને સિક્યોરિટી ફીના બહાને આંગડિયા અને ઓનલાઈન માધ્યમથી છેતરવામાં આવ્યા હતા. ખેડૂતે સાયબર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ઇન્સ્ટાગ્રામ પર જાહેરાત જોઈને સંપર્ક કરનાર ખેડૂતને હોટેલ બુકિંગ, મેડિકલ રિપોર્ટ અને સિક્યોરિટી ફીના બહાને આંગડિયા અને ઓનલાઈન માધ્યમથી લૂંટી લેવાયો હતો.

વિશેષ માહિતી અનુસાર નાગધણીબા ગામે રહેતા અને ખેતીકામ કરતા ૩૫ વર્ષિય ખેડૂત સાથે હેપી ફ્રેન્ડ ક્લબ અને રંગીલા ક્લબના નામે રૂપિયા ૨૦,૩૬,૦૦૦ની ઓનલાઇન છેતરપિંડી આચરવામાં આવી હોવાની ઘટના સામે આવી છે. બનાવ અંગે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. વિપુલભાઈ ભુપતભાઈ પરમાર પોતાના ખેતરમાં હતા ત્યારે ઇન્સ્ટાગ્રામ પર રિલ્સ જોતી વખતે હાય શું આપ મારી સાથે દોસ્તી કરવા માંગો છો તેવી એક જાહેરાત આવી હતી. તેના પર ક્લિક કરતા જ તેઓ એક અજાણ્યા વોટ્સએપ નંબર પર રીડાયરેક્ટ થયા હતા. ત્યારબાદ સાવન ભટ્ટ, અંકિતા સોની અને યશ્વી પટેલ નામના પાત્રોએ વિપુલભાઈ સાથે ટેલિફોનિક મિત્રતા કેળવી હતી.



બાદ અલગ-અલગ મહિલાઓ સાથે મુલાકાત કરાવી સેક્સ સવસ આપવાના બદલામાં મહિને રૂપિયા દોઢ લાખ કમાવવાની મોટી લાલચ આપી હતી. મહિલાઓએ વિપુલભાઈનો વિશ્વાસ જીતવા માટે ટેક્સ ઓફિસ અન ક્લબના સરકારી સિક્કાવાળી નકલી રસીદો પણ વોટ્સએપ પર મોકલી હતી. વિપુલભાઈએ અલગ-અલગ તારીખે ઓનલાઈન રૂ.૪૧,૦૦૦ અને આંગડિયા પેઢી મારફતે કુલ રૂપિયા ૧૯,૯૫,૦૦૦ મળીને કુલ ૨૦.૩૬ લાખ રૂપિયા ગુમાવ્યા હતા. સતત વધુ નાણાંની માંગણી થતાં છેતરાયાનો અહેસાસ થતાં ખેડૂતે સાયબર પોલીસનો આશરો લીધો હતો.

ગઠીયાઓએ વિપુલભાઈ સાથે યુવતિઓના નામે ટેલિફોનિક મિત્રતા કેળવી હતી અને અલગ-અલગ મહિલાઓ સાથે મુલાકાત કરાવી સેક્સ સર્વિસ આપવાના બદલામાં મહિને રૂપિયા દોઢ લાખ કમાવવાની મોટી લાલચ આપી હતી. મહિલાઓએ વિપુલભાઈનો વિશ્વાસ જીતવા માટે ટેક્સ ઓફિસ અને ક્લબના સરકારી સિક્કાવાળી નકલી રસીદો પણ વોટ્સએપ પર મોકલી હતી. વિપુલભાઈએ અલગ-અલગ તારીખે ઓનલાઈન રૂપિયા ૪૧,૦૦૦ અને આંગડિયા પેઢી મારફતે કુલ રૂપિયા ૧૯,૯૫,૦૦૦ મળીને કુલ ૨૦.૩૬ લાખ રૂપિયા ગુમાવ્યા હતા.

સતત વધુ નાણાંની માંગણી થતાં છેતરાયાનો અહેસાસ થતાં ખેડૂતે સાયબર પોલીસનો આશરો લીધો હતો. હાલમાં પોલીસે બીએનએસ અને આઈટી એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી ચિંટરોને પકડવા ચક્રો ગતિમાન કર્યાં હતાં. આમ લાલચમાં લપેટીને ખેડુત યુવાનને છેતરી લેવાયો હતો.

બીજી તરફ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ઇડી-સીબીઆઇમાં સેટિંગના બહાને કરોડો પડાવનાર મહાઠગ પીયૂષકુમાર ઉર્ફે સુનિલ પટેલને ઝડપી પાડ્યો છે. આરોપીએ ફરિયાદીને ૧૧.૯૦ કરોડ છોડાવી આપવાની લાલચ આપી ૩.૯૮ કરોડ પડાવ્યા હતા. ૨૦૨૧માં વનુઆતુ ભાગી ગયેલો આ ઠગ ઓસીઆઇ કાર્ડ પર ભારતમાં રહેતો હતો. તેનો મોટો ગુનાહિત ઇતિહાસ છે અને તે ગુજરાત બહાર પણ સક્રિય હતો. આરોપીએ એક ફરિયાદીને ઇડી દ્વારા જપ્ત કરાયેલા રૂપિયા ૧૧.૯૦ કરોડ છોડાવી આપવાની લાલચ આપી હતી અને ઝના ઉચ્ચ અધિકારીઓ સાથે મજબૂત સંપર્કો હોવાનો ખોટો દાવો કર્યો હતો. આ કામ કરાવી આપવાના નામે આરોપીએ ફરિયાદી પાસેથી ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૩.૯૮ કરોડ પડાવી લીધા હતા.

આટલી મોટી રકમ લીધા બાદ પણ તેણે કામ નહોતું કર્યું અને પૈસા પરત ન આપીને મોટો વિશ્વાસઘાત કર્યો હતો. આ મામલે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું કે, ઠગાઈથી મેળવેલા નાણાં સગેવગે કરવા માટે આરોપી પિયુષ પટેલે ખૂબ ચાલાકીપૂર્વક અન્ય એક વ્યક્તિ સાથે રૂપિયા ૩.૩૨ કરોડનો બોગસ લોન કરાર પણ કર્યો હતો. આ ઉપરાંત કાયદાના સિકંજામાંથી બચવા માટે આરોપીએ દેશ છોડી દીધો હતો. તે વર્ષ ૨૦૨૧માં બીજા દેશમાં ભાગી ગયો હતો અને ત્યાંનું નાગરિકત્વ પણ મેળવી લીધું હતું. આ પછી તે ઓસીઆઇ કાર્ડ મેળવી ભારતમાં રહેવા લાગ્યો હતો. આ માહિતી પરથી તેને પકડી લેવાયો હતો. તેની પાસે અલગ અલગ ફ્રોડના ગુના દાખલ થયા હતાં.

GJ-03-QD સીરિઝનું બુધવારથી ઓનલાઇન પુનઃ ઈ-ઓક્શન

૧૦મી સુધી ઓનલાઈન અરજી અને ૧૨ સુધી બિડિંગ

રાજકોટ, તા.૩

પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, રાજકોટ દ્વારા મોટર કારના વાહન માલિકો માટે GJ-03-QD સીરિઝ તથા અગાઉની સીરિઝના બાકી રહેલા ગોલ્ડન અને સિલ્વર ફેન્સી નંબર માટે ઓનલાઇન પુનઃઇ-ઓક્શન યોજવામાં આવશે, જે તા. ૮ જુલાઈ, ૨૦૨૬થી શરૂ થશે. ઇચ્છુક વાહન માલિકો https://parivahan.gov.in/fancy વેબસાઇટ પર ઓનલાઇન નોંધણી કરીને ઓક્શનમાં ભાગ લઈ શકશે.

ફેન્સી નંબર મેળવવા માટે અરજદારે સૌપ્રથમ Parivahan.gov.in વેબસાઇટ પર જઈ ઘક્ષહશક્ષય જયદિશભયત વિભાગ હેઠળ Fancy Number Booking વિકલ્પ પસંદ કરવાનો રહેશે. ત્યારબાદ Public User તરીકે પોતાની આઈ.ડી. બનાવી ઓનલાઇન C.N.A. Form ભરવાનું રહેશે. ત્યારપછી પસંદગીનો નંબર પસંદ કરી નિયત કરેલી ફી ભર્યા બાદ ઓનલાઇન બિડિંગ પ્રક્રિયામાં ભાગ લઈ શકાશે.

હરાજીમાં નંબર ફાળવાયા બાદ પાંચ દિવસની અંદર બાકીની રકમ જમા કરાવવાની રહેશે. રકમ જમા થયા બાદ આર.ટી.ઓ. કચેરીમાંથી મંજૂરી મેળવી ફેન્સી નંબર મેળવવાનો રહેશે. વાહનની ખરીદીની તારીખથી સાત દિવસની અંદર C.N.A. ફોર્મ ભરવાનું રહેશે.

ઓનલાઇન અરજી કરવાની પ્રક્રિયા તા. ૦૮ જુલાઈ, ૨૦૨૬ના સાંજે ૪.૦૦ કલાકથી તા. ૧૦ જુલાઈ, ૨૦૨૬ના સાંજે ૪.૦૦ કલાક સુધી ચાલુ રહેશે. ત્યારબાદ તા. ૧૦ જુલાઈના સાંજે ૪.૦૧ કલાકથી તા. ૧૨ જુલાઈના સાંજે ૪.૦૦ કલાક સુધી ઓનલાઇન બિડિંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. બિડિંગ પૂર્ણ થયા બાદ તા. ૧૨ જુલાઈના સાંજે ૪.૧૫ કલાકે ઓનલાઇન પરિણામ જાહેર કરવામાં આવશે.

પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ વાહન માલિકોને સમયમર્યાદામાં ઓનલાઇન અરજી અને બિડિંગ પ્રક્રિયા પૂર્ણ કરવાની અપીલ કરી છે. તેમણે જણાવ્યું છે કે, વાહન વેચાણની તારીખથી સાત દિવસની અંદર CNA Form ઓનલાઇન ભરવું ફરજિયાત છે. નિયત સમયમર્યાદા બાદ કરવામાં આવેલી અરજી માન્ય ગણવામાં આવશે નહીં, તેમ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ જણાવ્યું છે.

રાજકરોટથી કામ પતાવી પોતાના ઘરે શુકલપીપળીયા જતો હતો અને રસ્તામાં કાળ ભેટ્યો

ટ્રક પાછળ ટુવ્હીલર અથડાતા યુવાનનું મોત

વીસ વર્ષનો યુવાન દિકરો ગુમાવતાં પરિવારમાં શોકની કાલીમાઃ બીજી ઘટનામાં રીવર્સ આવેલી બોલેરોની ઠોકરે દસ મહિનાના બાળકનું મોતઃ ત્રીજા બનાવમાં એક પરિણીતાએ એસિડ પી મોત મેળવ્યુંઃ સાસરિયાનો ત્રાસ હોવાનો આક્ષેપ થતાં પોલીસની તપાસ

રાજકોટઃ તા.૦૩

રોજબરોજ ઠેકઠેકાણે બની રહેલા વાહન અકસ્માતના બનાવોમાં વાહન ચાલકોને અથવા તો રાહદારીઓ કે પછી સામેના વાહન ચાલકોને ઈજાઓ પહોંચતી હોય છે. તો ઘણીવાર આવા બનાવમાં મૃત્યુ પણ થતાં હોય છે. વધુ બે આવી ઘટના સામે આવી છે જેમાં એક બનાવમાં મોટર સાઇકલ હંકારીને રાતે ઘરે જઇ રહેલા વીસ વર્ષના યુવાનનું ઉભેલા ટ્રક પાછળ મોટરસાઇકલ અથડાતાં તેનું ગંભીર ઈજા થવાથી મોત થયું હતું. અન્ય એક આવી ઘટનામાં એક દસ મહિનાનો ટેણીયો ઘરના ફળીયામાં રહમતો હતો ત્યારે પાર્ક કરાયેલી બોલેરો અચાનક ઢાળ પરથી રિવર્સમાં આવતાં તેનું વ્હીલ આ માસુમ પર ફરી વળતાં મોત થયું હતું. ત્રીજી ઘટનામાં એક પરિણીતાએ એસિડ પી આપઘાત કરી લીધો હતો.

પ્રથમ કરૂણ બનાવની વિગતો જોઇએ તો રાજકોટ-મોરબી હાઇવે પર બેડી ચોકડીથી સોખડા ચોકડી તરફના રસ્તે પૂલ પાસે રાતે બંધ ઉભેલા ટ્રક પાછળ બાઇક અથડાતાં બાઇકચાલક શુકલપીપળીયા ગામના વીસ વર્ષના યુવાનનું ગંભીર ઈજાઓ થતાં મોત નિપજ્યું છે. યુવાન કોઇ કામ માટે રાજકોટ આવ્યો હતો અને રાતે પરત ઘરે જતો હતો ત્યારે રસ્તામાં આ ઘટના બની હતી. સોખડા નજીક શુકલપીપળીયા ગામે રહેતો વીસ વર્ષનો કરણ મહેશભાઇ સરવૈયા નામનો યુવાન રાતે બારેક વાગ્યે બાઇક હંકારીને રાજકોટથી તેના ઘરે શુકલપીપળીયા તરફ જઇ રહ્યો હતો.આ વખતે ત્યારે બેડી ચોકડીથી સોખડા ચોકડી વચ્ચે પૂલ પાસે પહોંચ્યો ત્યારે ટ્રક ઉભો હોઇ તેની પાછળ બાઇક અથડાઇ જતાં પોતે રોડ પર ફેંકાઇ ગયો હતો. જેના કારણે ગંભીર ઈજાઓ પહોંચી હતી. બનાવને પગલે લોકો ભેગા થઇ જતાં કોઇએ જાણ કરતાં ૧૦૮ પહોંચી હતી. કરણને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ તેનું વહેલી સવારે મૃત્યુ થયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં કુવાડવા રોડ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. બનાવની જાણ થતાં જ પરિવારજનો રાજકોટ પહોંચ્યા હતા. મૃતકના પિતા બહારગામ હોઇ તેઓ પણ સવારે આવી ગયા હતાં. મૃત્યુ પામનાર કરણ બે ભાઇમાં નાનો હતો અને બંગડીના કારખાનામાં કામ કરતો હતો. તેના પિતા મહેશભાઇ પણ કારખાનામાં કામ કરે છે. કરણ રાતે બાઇક લઇ રાજકોટ કામ માટે આવ્યો હતો. પરત ઘરે જતી વખતે આ બનાવ બન્યો હતો. યુવાન દિકરાના મોતથી પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. કુવાડવા રોડ પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.બીજી એક ઘટના જોઇએ તો રાજકોટ તાલુકાના લોઠડા ગામે ઘર પાસે રમી રહેલા દસ મહિનાના બાળકનું ઢાળ પરથી એકાએક રિવર્સમાં આવેલી બોલેરોની ઠોકરે આવી જતાં કમકમાટી ભર્યુ મોત થયું છે. મુળ મધ્યપ્રદેશના દંપતિએ લાડકવાયો ગુમાવતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. લોઠડા ગામમાં રહેતાં મુળ મધ્યપ્રદેશના અનિલભાઇ મખોડીયાનો પુત્ર આર્યન કે જે દસ જ મહિનાની ઉમરનો હતો તે ઘર આંગણામાં રમી રહ્યો હતો ત્યારે ત્યાં પાર્ક કરેલી બોલેરો ઢાળ પરથી એકાએક પાછળ આવી હતી. આ વખતે તેના વ્હીલ નીચે આ માસુમ બાળક આવી જતાં કમકમાટી ભર્યુ મોત થયું હતું. આ બનાવની જાણ થતાં આજીડેમ પોલીસ સ્ટેશનના હેડકોન્સ. તેજપાલસિંહ સરવૈયા સહિતે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી હતી. મૃતક બાળક બે ભાઇ અને એક બહેનમાં નાનો હતો. તેના પિતા અનિલભાઇ વર્ષોથી અહિ રહે છે અને કલર કામ કરી ગુજરાન ચલાવે છે. લાડકવાયા દિકરાના મોતથી દંપતિ, પરિવારજનો શોકમાં ગરક થઇ ગયા હતાં.અપમૃત્યુની ત્રીજી ઘટના જોઇએ તો એક પરિણીતાએ આપઘાત કરી લીધો હતો. મોરબીના રંગપર ગામે રહેતાં પરિણીતાએ એસિડ પી આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે. આ પરિણીતાને સારવાર માટે રાજકોટ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ દમ તોડી દીધો હતો. સાસરીયાના ત્રાસનો આક્ષેપ કરવામાં આવતાં પોલીસે વિશેષ તપાસ હાથ ધરી હતી. પરંતુ સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. આ બનાવની જાણ થતાં મોરબી તાલુકા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. આપઘાત કરનાર ભક્તિબાના ભાઇ શક્તિસિંહે જણાવ્યું હતું કે બનેવીને અગાઉ પાનની દુકાન હતી. હાલ કંઇ કરતાં નથી. સાસરીયામાં ત્રાસ હોવાનો આક્ષેપ પણ તેમણે કરતાં મોરબી તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. મૃત્યુ પામનારને સંતાનમાં એક દિકરો છે. પોલીસે આ મામલે વિશેષ કાર્યવાહી હાથ ધરી હતી.

સાથે ભણતાં એટલે પરિચય થયો, પછી પ્રેમના નામે સગીરે ખેલ કર્યો

છાત્રા સાથે દુષ્કર્મ આચરી કરાવ્યો ગર્ભપાત

પહેલી વખત જુનાગઢના શખ્સે રાજકોટમાં દુષ્કર્મ આચરી ફોટા પાડી લીધાઃ પછી બ્લેકમેઇલ કરી વારંવાર દેહ પીંખ્યોઃ તેના સગાએ પણ મદદગારી કરતાં યુનિવર્સિટી પોલીસે દાખલ કરી ફરિયાદ

રાજકોટઃ તા.૦૩

સોશિયલ મિડીયા અને ઇન્ટરનેટના યુગમાં સગીર વયના છોકરા છોકરીઓ બહુ ઝડપથી એક બીજાના સંપર્કમાં આવી જાય છે અને તેમની વચ્ચે ઝડપથી મિત્રતા પણ થઇ જાય છે. કાચી વયની આ મિત્રતા પછી દેખાદેખીમાં કે આકર્ષણને કારણે પ્રેમમાં પણ પરીણમતી હોય છે. જો કે ઘણીવાર આવા કિસ્સામાં સગીર વયના છોકરા છોકરીઓ માત્ર વાતચીત કે સાથે હરવા ફરવાથી આગળ વધી શરીર સંબંધ સુધી પહોંચી જાય છે. સહમતીને બદલે ક્યારેક બળજબરી પણ થઇ જાય છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં સગીર છાત્રાને ફસાવી બળજબરી આચરી ફોટા પાડી તેના આધારે બ્લેકમેઇલ કરી વારંવાર દેહ પીંખી ગર્ભ રાખી દીધો હતો. આ પછી ધમકાવીને ગોળી આપી ગર્ભપાત કરાવી નાંખી ફરીથી બ્લેકમેઇલ કરવામાં આવતાં અંતે વાત પોલીસ સુધી પહોંચી હતી.

વિગતો પર નજર કરીએ તો જુનાગઢમાં સાથે ભણતાં છોકરા-છોકરી વચ્ચે પરિચય થયા બાદ છાત્રા જુનાગઢથી રાજકોટ આવી ભણવા માંડી પછી સગીરે રાજકોટ પહોંચી તેણીને લલચાવીને એક સગાના દૂષ્કર્મનો વધુ એક બનાવ શહેર પોલીસના ચોપડે નોંધાયો છે. સગીરાઓ, વિદ્યાર્થીનીઓને મિત્રતા અને પ્રમની જાળમાં ફસાવી બળજબરી આચરી લેવાની ઘટનાઓ અવાર-નવાર પોલીસ દફ્તરે નોંધાય છે. દરમિયાન એક કિસ્સામાં ધોરણ-૧૨માં અભ્યાસ કરતી છાત્રાને જુનાગઢના શખ્સે ઇન્સ્ટાગ્રામથી ફ્રેન્ડ બનાવ્યા બાદ પ્રેમની જાળમાં ફસાવી દેહસંબંધ બાંધી ગર્ભ રાખી દીધો હતો. બાદમાં તેણીને ધમકાવી ફોટા વાયરલ કરવાની ધમકી આપી ગર્ભપાતની દવા પાઇ ગર્ભ પડાવી નાંખ્યો હતો. આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે ભોગ બનનાર સગીર વયની છાત્રાની ફરિયાદ પરથી મુળ જુનાગઢ પંથકના એક સગીર અને રાજકોટ રૈયા વિસ્તારમાં રહેતાં આ સગીરના ભત્રીજા વિરૂધ્ધ પોક્સો સહિતની કલમો હેઠળગુનો નોંધ્યો હતો.

પોલીસે આ બંને સગીરોને પુછતાછ માટે બોલાવીં લઇ તેની ઉમરની ખરાઇ કરવા તજવીજ હાથ ધરી હતી. આ ઘટનાની વિગતો જોઇએ તો હાલ રાજકોટ રહી અભ્યાસ કરતી આ છાત્રાએ ફરિયાદમાં જણાવ્યું છે કે પોતે અગાઉ જુનાગઢ અભ્યાસ કરતી હતી ત્યારે સાથે અભ્યાસ કરતાં જુનાગઢ પંથકના ગામના સગીરના સંપર્કમાં આવી હતી. ત્યારથી બંને વાતચીત કરતાં હતા. બાદમાં આ છાત્રા હવે રાજકોટ રહી ભણતી હોઇ અહિ પણ આ શખસ ફોનમાં વાતો કરતો હતો. એ રીતે સગીરાને પ્રેમજાળમાં ફસાવી લીધી હતી. દરમિયાન તે ગત માર્ચ મહિનામાં પહેલી વખત જુનાગઢ પંથકમાંથી રાજકોટ આવ્યો હતો અને સગીરાને લલચાવી ફોસલાવી રૈયા ગામ વિસ્તારના ક્વાર્ટરમાં રહેતાં પોતાના ભત્રીજાના ઘરે લઇ ગયો હતો.

જ્યાં તેની સાથે બળજબરી આચરી લીધી હતી. આ પછી તેના ફોનથી ફોટા પાડી લીધા હતાં. બાદમાં આ ફોટા વાયરલ કરવાની ધમકી આપી વારંવાર તે સગીરાને અલગ અલગ જગ્યાએ લઇ જઇ બળજબરી આચરતો હતો. આ કારણે તેણીને ગર્ભ રહી ગયો હતો. જેની જાણ આરોપીને થતાં તેણે ભત્રીજાની મદદ લઇ ભર્ગપાત માટેની દવા મંગાવી સગીરાને પીવડાવી દીધી હતી. જેના કારણે ગર્ભપાત થઇ ગયો હતો. આવુ થવાને કારણે સગીરા ખુબ જ ભયભીત બની ગઇ હતી અને આરોપી સાથેના સંબંધો તોડી નાંખ્યા હતાં. જો કે આ કારણે તે વધુ છંછેડાયો હતો અને ધરાર પોતાની સાથે બોલવા, સંબંધ રાખવા દબાણ કરવા માંડ્યો હતો.

આ ઉપરાંત તે અગાઉના ફોટા વાયરલ કરવાની ધમકી આપી બ્લેકમેઇલ કરવા માંડ્યો હતો. અંતે છાત્રાએ પોતાના વાલીને આ સમગ્ર ઘટનાની હકિકત જણાવતાં વાલીઓ પણ ચોંકી ગયા હતાં અને યુનિવર્સિટી પોલીસ સ્ટેશને પહોંચી હકિકત જણાવતાં પોલીસ ઇન્સપેકટર સી. એન. દવે, રાઇટર જીતુભાઇ બાળા સહિતે બાળાની ફરિયાદને આધારે જુનાગઢ પંથકના એક આરોપી અને રાજકોટ રહેતાં તેના સગા વિરૂધ્ધ પોક્સો, દૂષ્કર્મ સહિતની કલમો હેઠળ એફઆઇઆર દાખલ કરી બંને આરોપીને પુછતાછ માટે બોલાવી કાર્યવાહી હાથ ધરી હતી. હાલના સમયમાં સગીર સંતાનો કોની સાથે મિત્રતા ધરાવે છે, ક્યાં જાય છે શું કરે છે એ તમામ બાબતો પર વાલીઓએ નજર રાખવી ખુબ જરૂરી છે.

શહેર ઉપરાંત સૌરાષ્ટ્ર સહિત અન્ય જીલ્લાઓમાં સતત ખટારા મોઢે ઠાલવતા રહે છે વિદેશી દારૂ: અન્ય રાજ્યોના સપ્લાયરો સાથે નેટવર્ક

બૂટલેગરો ફિરીયો-હર્ષદની ૨૦ની ટોળકીને ગુજસીટોકનો ગાળીયો

વર્ષ ૨૦૧૭થી અત્યાર સુધીમાં આ ટોળકીએ આચરી લીધા છે ૩૪૨ ગુનાઓ: જેમાં દારૂ ઉપરાંત હત્યાની કોશિષ, મારામારી, ટોળકી રચી હુમલા સહિતના ગુનાઓ સામેલ: ૯ની ધરપકડ: ફિરોઝ ઉર્ફે ફિરીયો મેણુ, હર્ષદ ઉર્ફે મહાજન માંડલીયા સહિત ૭ અલગ અલગ ગુનામાં જેલમાં હોઇ ત્યાંથી કબ્જો મેળવાશે: ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવાના માર્ગદર્શનમાં એસીપી ભરત બી. બસીયા અને ટીમોની કડક કાર્યવાહી

રાજકોટ: તા.૦૩

શહેરમાં સંગઠીત ગુનાખોરી આચરી કાયદો વ્યવસ્થાને પડકાર ફેંકતી અને પ્રજાના જાનમાલને નુકસાન દાયક બની ગઇ હોય તેવી ટોળકીઓને વીણી વીણીને ગુજસીટોક હેઠળ જેલ ભેગી કરવાની શહેર ક્રાઇમ બ્રાંચની ઝુંબેશ યથાવત રહી છે. વધુ એક ટોળકી સામે ગુજસીટોકનું હથીયાર ઉગામાયુ છે. આ વખતે નામચા બૂટલેગરો ફિરોઝ ઉર્ફે ફિરીયો મેણુ અને હર્ષદ ઉર્ફે મહાજન માંડલીયાની ટોળકી ઝપટે ચડી છે. આ બંને અને તેની ગેંગના ૧૮ મળી ૨૦ જણા સામે ગુજસીટોક હેઠળ ગુનો નોંધી ૯ને પકડી લેવાયા છે, જ્યારે ફિરીયો સહિત ૭ અલગ અલગ ગુનામાં, પાસામાં જેલમાં હોઇ ત્યાંથી કબ્જો મેળવાશે. શહેર અને સૌરાષ્ટ્રના અન્ય જિલ્લાઓમાં બહારના રાજ્યોમાંથી ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટનો વિદેશી દારૂ મોટા પ્રમાણમાં આયાત કરી તેનું વેચાણ કરતી સંગઠિત ગુનાખોરી આચરતી બૂટલેગરોની આખી સિન્ડીકેટ આ કાર્યવાહીથી વેરવિખેર થઇ ગઇ છે.

બૂટલેગરોની આ ટોળકી અન્ય ગુનાઓમાં પણ સામેલ છે. આ ટોળકી વિરૂધ્ધ ગુજસીટોક હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવી છે. આ ગેંગના મુખ્ય સૂત્રધારો ફીરોઝ ઉર્ફે ફીરીયો હાસમભાઇ મેણુ તથા હર્ષદ ઉર્ફે મહાજન માણેકલાલ માંડલીયા અને તેમની ટોળકીના કુલ ૨૦ માણસો સામે ધી ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ-૨૦૧૫-ગુજસીટોકની કલમો મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ગેંગ દ્વારા વર્ષ ૨૦૧૭થી વર્ષ ૨૦૨૬ દરમિયાન કુલ ૩૪૨ જેટલા ગંભીર પ્રકારના ગુનાઓ આચરવામાં આવ્યા હોવાનું પોલીસ ચોપડે જાહેર થયું છે. હાલ તુર્ત આ ગેંગના નવને પકડી લેવાયા છે, સાત જેલમાં છે.

રાજકોટ શહેર વિસ્તારમાં 'ફીરોઝ ઉર્ફે ફીરીયા સિન્ડીકેટ' નામની સંગઠિત ગુનાખોરી આચરતી ટોળકીના સાગરીતો પર કાયદાનો સિકંજો કસવા અને તેની ટોળકી પર નજર રાખવા તથા ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નાબૂદ કરવા ઉચ્ચ અધિકારીઓએ સુચના આપી હોઇ ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવાના માર્ગદશમાં એસીપી ક્રાઇમ ભરત બી. બસીયા અને ક્રાઇમ બ્રાન્ચની અલગ-અલગ ટીમો બનાવી સઘન તપાસ શરૂ કરવામાં આવી હતી. દરમિયાન ફિરોઝ ઉર્ફે ફિરીયો અને હર્ષદ ઉર્ફે મહાજન નામના બે નામચીન બૂટલેગર સિન્ડીકેટ રચીને પોતાની ટોળકી મારફત રાજકોટ, જામનગર, મોરબી, જૂનાગઢ, અમદાવાદ ગ્રામ્ય, વલસાડ, વડોદરા ગ્રામ્ય, ખેડા, સુરેન્દ્રનગર સહિત સમગ્ર ગુજરાત રાજ્યના યુવાધનને નશાના રવાડે ચડાવવા સક્રિય હતી અને આંતરરાજ્ય નેટવર્ક ચલાવતી હોવાનું સામે આવ્યું હતું.

આ ટોળકી સતત બહારના રાજ્યોમાંથી જથ્થાબંધ દારૂ રાજકોટ શહેર, સૌરાષ્ટ્ર તેમજ અન્ય જીલ્લાઓમાં ઠાલવતી હોવાનું ખુલ્યું હતું. આ ટોળકીની આખી સિન્ડીકેટ સામે ગુજસીટોક હેઠળ કાર્યવાહી કરવા પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ સુચના આપતાં જેસીપી ચૈતન્ય મંડલીકની રાહબરીમાં કાર્યવાહી કરવામાં આવી છે. ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવાએ આ અંગેની વિગતો આપતા કહ્યું કવર્ષોથી દારૂની હેરાફેરી કરતાં ફિરોઝ ઉર્ફે ફિરીયો હાસમભાઇ મેણુ (રહે. કોઠારીયા રોડ નિલકંઠ પાર્ક-૩) અને સાથી ગુનેગાર હર્ષદ ઉર્ફે મહાજન માણેકલાલ માંડલીયા (રહે. વાઘેશ્વરી કૃપા, વૃંદાવન પાર્ક-૧, ભવાની ચોક, દેવપરા) અને તેની ટોળકી સામે ગુજસીટોક હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આ આખી સિન્ડીકેટ ફિરોઝ ઉર્ફે ફિરીયા સિન્ડીકેટ તરીકે ઓળખાય છે.

આ ગેંગ દ્વારા વર્ષ ૨૦૧૭થી ૨૦૨૬ સુધીમાં દારૂ ઉપરાંત ખૂનની કોશિષ, ગંભીર ઇજાઓ કરવી, મંડળી રચી હુમલા કરવા, ધાક ઉભી કરવાી સહિતના ૩૪૨ જેટલા ગુનાઓ નોંધાઇ ચુક્યા છે. જેથી આ ટોળકીના બે મુખ્ય સુત્રધાર ફિરોઝ અને હર્ષદની સાથે બીજા ૧૮ સાગ્રીતો મળી કુલ ૨૦ સામે ગુજસીટોક હેઠળ ગુનો દાખલ કરાયો છે. હાલ તુર્ત આ ટોળકીના ૯ શખ્સોને પકડી લેવાયા છે. જેમાં (૧) ચંદ્રેશ ઉર્ફે કાળીયો જગદીશભાઇ ચૌહાણ (રહે. રાધેશ્યામ સોસાયટી શેરી નં.૬, કોઠારીયા મેઇન રોડ, રાજકોટ), (૨) ધવલ ઉર્ફે શીવ બકુલભાઇ વડનગરા (રહે. કીર્તીધામ સોસાયટી શેરી નં. ૦૧ દેવપરા, રાજકોટ શહેર), (૩) યશપાલસિંહ ધનુભા જાડેજા (રહે. ખાનપર-ધૂનડા) તા.જી.મોરબી), (૪) મનોજ ઉર્ફે શિવો રમેશભાઇ પોબારૂ (રહે. અમૃતધારા રેસિડન્સી બ્લોક નં.૫૫, રેલનગર રાજકોટ) પકડાઇ ગયા છે.

આ ઉપરાંત (૫) મોહસીન ઉર્ફે ચિનલો દિલાવરભાઇ કુરેશી (રહે. લાખાજીરાજ શ્રમજીવી સોસાયટી, રાજકોટ), (૬) જય ઉર્ફે જયસન રસીકભાઇ સાવલીયા (રહે. કોઠારીયા રોડ આસોપાલવ સોસાયટી, રાજકોટ), (૭) મોહસીન મહંમદભાઇ ભાયા (રહે. બેડી જામનગર), (૮) બકુલ ઉર્ફે જગદીશ દિનેશભાઇ નંદેસણીયા (રહે. વઢવાણ જી. સુરેન્દ્રનગર) અને (૯) રાહુલ બોદાભાઇ વકાતર (રહે. કણકોટ રોડ, રાજકોટ)ને પણ ઝડપી લઇ આગળની કાર્યવાહી માટે રિમાન્ડની તજવીજ હાથ ધરવામાં આવશે. જ્યારે આ ટોળકીના અન્ય સાત શખ્સો પાસા તળે અને બીજા ગુનાઓ તળે જેલમાં હોઇ ત્યાંથી કબ્જો મેળવાશે.

જે સુત્રધારો, સાગ્રીતો જેલમાં છે તેની વિગત જોઇએ તો આ શખ્સોમાં ફિરોઝ ઉર્ફે ફીરીયો હાસમભાઇ મેણુ (મુખ્ય સૂત્રધાર, રહે. રાજકોટ શહેર - હાલ અન્ય દારૂના ગુનામાં રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે બંધ), ધવલ રસીકભાઇ સાવલીયા (રહે. રાજકોટ શહેર - હાલ અન્ય દારૂના ગુનામાં જેલ ખાતે બંધ), ઇમરાન ઉર્ફે બોબડો ઉર્ફે ખલી હાસ્નભાઇ કાલવા (રહે. ભાવનગર - હાલ અન્ય દારૂના ગુનામાં ઉમરાળા સબ જેલ ખાતે બંધ), પ્રશાંત ઉર્ફે પાસો કિશોરભાઇ પરમાર (રહે. રાજકોટ શહેર - હાલ પાસા હેઠળ વડોદરા મધ્યસ્થ જેલ ખાતે બંધ), હર્ષદ ઉર્ફે મહાજન માણેકલાલ માંડલીયા (મુખ્ય સુત્રધાર, રહે. રાજકોટ શહેર - હાલ શાપર ગુનામાં સાબરમતી જેલ ખાતે બંધ) છે. આ બધાનો ટ્રાન્સફર વોરન્ટથી ગુજસીટોકના ગુનામાં કબ્જો મેળવવામાં આવશે.

સંગઠીત બૂટલેગર ગેંગને નેસ્તનાબૂદ કરવા માટેની કામગીરી ડીસીપી જગદીશ બાંગરવાના માર્ગદર્શનમાં માં એસીપી ક્રાઇમ ભરત બી. બસીયા, પીઆઇ એમ. આર. ગોંડલીયા, એમ. એલ. ડામોર, સી. એચ. જાદવ, પીએસઆઇ સી. બી. જોડેજા, વી. ડી. ડોડીયા, એ. એન. પરમાર, એસ. એમ. રાણા, ડી. પી. ઝાલા, વી. ડી. રાવલીયા અને ટીમે કરી છે. નોંધનીય છે કે ક્રાઇમ બ્રાંચ દ્વારા શહેરની સતત ૧૨મી ગેંગ સામે ગુજસીટોક હેઠળ કાર્યવાહી થઇ છે. જેમાં આ ગેંગ પણ સામેલ છે. અગાઉ પેંડા ગેંગ, મુર્ગા ગેંગ, બાટલી ગેંગ, શામજી મકા, અલ્તાફ ગેંગ, ઇભલો ગેંગ, રામદેવ ડાંગર ગેંગ, ફિરોઝ મેણુ ગેંગ, ઓડીયા ગેંગ, ચડ્ડી બનીયાનધારી ગેંગ અને રમેશ રાણા ગેંગ પછી હવે આ ૧૨મી ગેંગ સામે ગુજસીટોક હેઠળ ગુનો નોંધી તમામ ગેંગના સુત્રધારો, સાગ્રીતોને જેલભેગા કરી દેવાયા હતાં.

અત્યાર સુધીમાં એક ડઝન ગેંગને ગુજસીટોક હેઠળ જેલભેગી કરાઇ

વરસાદ ભલે મન મુકીને ન વરસે, તસ્કરોએ વરસવાનું ચાલુ કરી દીધું

કંસારા બજારમાં દૂકાનમાંથી ચાર ચોરટા કરી ગયા હાથફેરો

દોઢ લાખ રોકડા તેમજ ત્રાંબા-પિત્તળના વાસણો, ભંગાર સહિત ઉસેડી ગયા: ચોરને મનપાની કચરાગાડીના ડ્રાઇવરે ભાગતા જોયા: એકાદ તસ્કર કેમેરામાં કેદ થતાં તપાસનો ધમધમાટ

રાજકોટ: તા.૦૩

થોડા સમયથી શાંત બેઠેલા તસ્કરોએ ફરીથી વરસવાનું ચાલુ કરી દીધુ છે. રાજકોટમાં હજુ જોઇએ એટલો વરસાદ વરસી રહ્યો નથી પણ તસ્કરોએ મુખ્ય બજાર એવી કંસારા બજારમાં એક પેઢીને નિશાન બનાવી રોકડ, વાસણો સહિતની ચીજવસ્તુઓ મળી તાંબા પિત્તળનો ભંગાર મળી પોણા પાંચ લાખી માલમત્તા ઉસેડી લીધી છે. આ ચોરીમાં સામેલ ચાર શકમંદોને કચરા ગાડીવાળાએ જોયા હોઇ તેના આધારે પોલીસે તપાસ શરૂ કરી છે. વિગતો પર નજર કરીએ તો શહેરમાં કંસારા બજારની પાછળની શેરીમાં આવેલી દૂકાનમાં ચાર ચોર ત્રાટકી રોકડ રકમ તેમજ જર્મન સિલ્વરના વાસણો, તાંબાના સિક્કા, પિત્તળનો ભંગાર મળી પોણા પાંચ લાખની માલમત્તા ચોરી જતાં બજારમાં ચકચાર મચી ગઇ છે. ચાર તસ્કર સીસીટીવી કેમેરામાં કેદ થયા હોઇ તેના આધારે પોલીસે ભેદ ઉકેલવા તપાસ શરૂ કરી છે. તસ્કરો રાત્રીના ત્રણથી સવારના ચાર સુધીમાં ગઢની રાંગની દિવાલથી ત્રીજા માળેથી આ દૂકાનમાં પહોંચી નીચેના અને ઉપરના માળેથી ચોરી કરી ગયા હતાં. આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે એરપોર્ટ રોડ રેસકોર્ષ પાર્કની બાજુમાં માર્રૂતિનગર-૧માં રહેતાં વેપારી સચીનભાઇ રસિકલાલ શેઠ નામના પિસ્તાલીસ વર્ષના કંસારા વેપારીની ફરિયાદ પરથી ચાર તસ્કરો સામે ફરિયાદ દાખલ કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.વિશેષ માહિતી અનુસાર ફરિયાદી વેપારી સચીનભાઇ શેઠ પરિવાર સાથે રહે છે અને નવા નાકા રોડ ગઢની રાંગ કંસારા બજાર પાછળની શેરીમાં ત્રિભુવનદાસ દામોદરદાસ શેઢ નામની પેઢી ચલાવે છે. તેમણે પોલીસ ફરિયાદમાં જણાવાયું છે કે વેપારી સચીનભાઈ ગત તારીખ અઠ્ઠાવીસના રોજ સાંજના સમયે પોતાની બે માળની દુકાનને તાળા મારીને સુરેન્દ્રનગર ખાતે સામાજિક કામ અર્થે ગયા હતા. દરમિયાન બીજી જુલાઇના રોજ વહેલી સવારે ચારેક વાગ્યે તેમના મોટાબાપાના દીકરા દિલીપભાઈએ ફોન કરીને જાણ કરી હતી કે આપણી દુકાનમાં ચોરી થઈ છે. દિલીપભાઇને આ ચોરીની જાણ રાજકોટ મહાનગરપાલિકાની કચરા પેટીની ગાડી ચલાવતા પિન્ટુભાઈ મગનભાઈ ગાહેલે કરી હતી. પિન્ટુભાઇએ વહેલી સવારે દુકાન પાસેથી ચાર અજાણ્યા શખ્સોને શંકાસ્પદ હાલતમાં ભાગતા જોયા હતાં. આ વાત જાણી વેપારી સચીનભાઇએ

દુકાને આવીને તપાસ કરતા ભોયતળિયે આવેલા કાઉન્ટરમાંથી રોકડા રૂા. ૧,૫૨,૦૦૦ ગાયબ હતા. આ પછી વેપારીએ જ્યારે દુકાનના ઉપરના માળે જઇને તપાસ કરી તો ત્યાંથી પણ ચોરી થયાની ખબર પડી હતી. આ ઉપરના માળે જૂનો સામાન અને ભંગાર રાખવામાં આવે છે. અહિથી તસ્કરો ૧૧૦૦ ગ્રામ ચાંદીની ચમચી અને લોટી કિંમત રૂા. ૧,૮૦,૦૦૦, ૬૪૦ ગ્રામ ચાંદીનો છુટક ભંગાર કિંમત રૂા. ૯૫,૦૦૦, જર્મન સિલ્વરનો મંદિરનો સામાન, હિંચકાના સળીયા, સાંકળ, વાટકા, ડીશ તેમજ તાંબા-પિત્તળના જૂનવાણી સિક્કા અને વાસણો સહિત કુલ રૂા. ૩,૨૬,૨૫૦ ના ભંગારની ચોરી થયાનું જણાયું હતું. આ રીતે ચોરટાઓ કુલ મળી તસ્કરો રૂા. ૪,૭૯,૨૫૦ની માલમત્તા ચોરી ગયાનું જણાયું હતું. વધુ તપાસ કરતાં ખબર પડી હતી કે તસ્કરોએ દુકાનની પાછળ આવેલી ગઢની રંગની દિવાલ પરથી બીજા માળના કેબિનનો દરવાજો તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને ચોરીને અંજામ આપી સીડી વાટે નીચે ઉતરી રોકડા રૂપિયા પણ ચોરી લીધા હતા. એ-ડિવીઝનના પોલીસ ઇન્સપેકટર જે. વી. વાઢીયાના માર્ગદર્શનમાં પીએસઆઇ એચ. ટી. ઝીંઝાળાએ એફઆઇઆર દાખલ કરતાં ડી. સ્ટાફ, ક્રાઇમ બ્રાંચ, એલસીબીની ટીમોએ તસ્કરોને શોધી કાઢવા તપાસ શરૂ કરી છે.

નેપાળી મહિલાને મુસ્લિમ શખ્સે ભગાડી, પરત આવીને આપઘાત કર્યો

દુધસાગર રોડના ગુ.હા. બોર્ડ કવાર્ટરની કરૂણ ઘટના: પતિએ જે થયું તે ભુલી જવાનું કહી સમાધાન કરી પરત ઘરમાં રાખી લીધી: પણ પસ્તાવો થતાં બાજુમાં રહેતાં માતા-પિતાના ઘરે જઇ પહેલા બ્લેડથી કાપા માર્યા પછી ગળાફાંસો ખાઇ મોત મેળવી લીધું

રાજકોટ: તા.૦૩

દામ્પત્ય જીવનમાં દગાખોરી થાય એટલે પરિણામ માઠુ આવતું હોય છે. આવી વધુ એક ઘટના રાજકોટ શહેરમાં બની છે. જેમાં દૂધ સાગર રોડ પર ગુ.હા. બોર્ડ ક્વાર્ટરમાં રહેતી નેપાળી પરિણીતાએ મંગળવારે મુસ્લિમ શખ્સ સાથે ભાગી ગયા બાદ ગઇકાલે પરત આવી ગયા પછી આજે સવારે બાજુમાં જ રહેતાં પિતાના ઘરે જઇ પહેલા હાથ પર બ્લેડથી છરકા મારી બાદમાં માતા થોડીવાર માટે બહાર જતાં ટીવીનું વોલ્યુમ ફુલ કરી દઇ ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં કલ્પાંત સર્જાયો હતો.

વિગતો જોઇએ તો ગુ.હા. બોર્ડ કવર્ટરમાં રહેતી ભગવતીબેન પવન પરિહાર નામની પચ્ચીસ વર્ષની નેપાળી પરિણીતાએ સવારે પોતાના ઘરની બાજુમાં જ રહેતાં પિતા સુરજસિંગ કરણસિંગના ઘરે પંખામાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી લેતાં થોરાળા પોલીસ સ્ટેશનના પીએસઆઇ એમ. જી. સોલંકી સહિતે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. આપઘાત કરી લેનાર ભગવતીબેન પરિહારના પતિ પવન પરિહાર ફેક્ટરીમાં નોકરી કરે છે. તેણીને સંતાનમાં એક દિકરો અને બે દિકરી છે. સગાના કહેવા મુજબ આ પરિણીતા મંગળવારે ગૂમ થઇ ગઇ હતી.

તપાસ થતાં કોઇ મુસ્લિમ શખ્સ ભગાડી ગયાની વિગતો મળતાં પરિવારજનોએ શોધખોળ શરૂ કરી હતી. આ દરમિયાન ગઇકાલે તેણી પરત ઘરે આવી ગઇ હતી. આ પછી થોરાળા પોલીસ સ્ટેશને તેણીને લઇ જવાઇ હતી.

જ્યાંથી સમાધાન કરી પતિ તેણીને પરત ઘરે લાવ્યો હતો અને જે થયું તે ભુલી જવાનું કહી રાતે તેણીને સમજાવી હતી. બાદમાં આજે સવારે પતિ નોકરી પર ગયો ત્યારે ભગવતીબેન બાજુમાં રહેતાં પિતાના ઘરે ગઇ હતી.

જ્યાં પોતાને પસ્તાવો થયો હોઇ હાથમાં બ્લેડથી કાપા મારી લીધા હતાં. બાદમાં તેના માતા જમુનાબેન કોઇ કામ માટે બહાર જતાં અને થોડીવારમાં પરત આવતાં તેણે રૂમમાં જોતાં ખુબ મોટા અવાજે ટીવી ચાલુ દેખાયુ હતું અને દિકરી ભગવતીબેનને લટકતી જોતાં દેકારો મચાવી મુક્યો હતો. આસપાસના લોકો ભેગા થઇ જતાં કોઇએ ૧૦૮ બોલાવી હતી. પણ તેના તબિબે તેણીને મૃત જાહેર કરતાં કલ્પાંત સર્જાયો હતો.

આપઘાત પુર્વે તેણીએ એક ચિઠ્ઠી લખી છે જેમાં કોઇનું દબાણ નથી, મારી મરજીથી પગલુ ભરુ છું તેવુ લખ્યું હોઇ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવથી ત્રણ સંતાન મા વિહોણા થઇ જતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. તેણીએ ચિઠ્ઠીમાં કોઇનું દબાણ નથી, જાતે પગલુ ભરુ છું તેવું લખ્યું હોઇ પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

પરિવારજનોએ એવી સ્ટોરી ઘડી હતી કે રૂમ અંદરથી બંધ હતો, ફોરેન્સિક પોસ્ટમોર્ટમમાં ભાંડો ફુટ્યો

દારૂડીયા દિકરાને મા-બાપે જ મારી નાંખ્યો'તો!

ગોંડલના ગુંદાળાની બેભાન હાલતમાં મોતની ઘટના ખળભળાટ મચાવતી મર્ડર મિસ્ટ્રીમાં પરિણામી: ચાર મહિના પહેલા જ યુવાનના લગ્ન થયા હતાં: દારૂ પી સતત ખેલ કરતો હોઇ મારમારી માતા-પિતાએ પહેલા એસિડ પાઇ દીધુ પછી ગળાટૂંપો દઇ પતાવી દીધો: બંનેની ધરપકડ

રાજકોટ: તા.૦૩

એવી કહેવત છે કે દારૂડીયો દારૂ નથી પીતો, દારૂ જ દારૂડીયાને પી જાય છે... ઘણીવાર આ કહેવત સાચી ઠરતી હોય છે. નશામાં ગળાડુબ અને દારૂના રવાડે ચડી ગયેલા અમુક યુવાનો પોતે શું કરે છે તેનુ પણ ભાન હોતુ નથી. તેની આવી આદત તેના માટે મુશીબત બની જતી હોય છે. દરમિયાન એક ચોંકાવનારી ઘટના રાજકોટ જીલ્લાના ગોંડલના ગુંદાળા ગામે બહાર આવી છે. ચાર દિવસ પહેલા જે યુવાન ઘરમાં અચાનક બેભાન થઇ ગયો અને ગુજરી ગયો તેવી સ્ટોરી સાથે સગા સંબંધીઓ પોલીસ પાસે પહોંચ્યા હતાં એ ઘટના આકસ્મિક મૃત્યુ કે આપઘાતની નહિ પણ હત્યાની હોવાનું અને આ હત્યા મા-બાપે જ કર્યાનું ખુલતાં ચકચાર મચી ગઇ છે. દારૂડીયો દિકરો સતત ખેલ કરતો હોઇ માતા-પિતાએ તેને માર મારી એસિડ પાઇ દઇ બાદમાં ગળાટૂંપો આપી પતાવી દીધાનું ખુલતાં બંનેને ઝડપી લેવાયા હતાં.

વિગતો પર નજર કરીએ તો ગોંડલના ગુંદાળા ગામે રહેતા રામભાઇ બાબુભાઇ બાંભવા નામના બાવીસ વર્ષના યુવાનનું બેભાન હાલતમાં મૃત્યુ થયાની ઘટનામાં પોસ્ટમોર્ટમ થતાં એસિડથી મોત થયાનું અને શ્વાસ ગુંગળાવવામાં આવ્યાનું પણ તારણ નીકળતાં આપઘાતની જણાતી આ ઘટનાએ પોલીસ સમક્ષ કેટલાક સવાલો ખડા કર્યા હતાં. આ શંકાશીલ સવાલોના સમાધાન માટે તપાસ આગળ વધતાં જ આ ઘટના હત્યાની હોવાનું ખુલ્યુ.હતું. મૃતક યુવાન અવાર-નવાર દારૂ પી ખેલ કરતો હોય કંટાળી જઇ માતા-પિતાએ એસીડ પીવડાવી ગળેટુંપો આપી પતાવી દિધાનું ખુલ્યુ છે. આ અંગે મૃતકની પત્નીએ સાસુ-સસરા સામે તાલુકા પોલીસમાં ફરીયાદ કરતા પોલીસે ગુન્હો દાખલ કરી દિકરાને મોતને ઘાટ ઉતારી દેનારા પતાવી દેનારા મા-બાપને પોલીસે પકડી લીધા હતાં.

પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર આ બનાવમાં બંશીબેન રામભાઇ બાબુભાઇ ઉર્ફે અતુલભાઇ બાંભવાતે મહેશભાઇ જીલુભાઇ સોરીયાના દિકરી (ઉ.વ.૨૦- રહે.ગુંદાળાએ તેના સસરા બાબુભાઇ ઉર્ફે અતુલભાઇ ઘુઘાભાઇ બાંભવા તથા સાસુ મનીષાબેન ઉર્ફે મોતીભાઇ બાબુભાઇ ઉર્ફે અતુલભાઇ ઘુઘાભાઇ બાંભવા રે.બન્ને ગુંદાળા તા.ગોંડલ સામે એફઆઇઆર દાખલ કરાવી છે. ફરીયાદમાં જણાવ્યા મુજબ ફરીયાદી ગઇ તા.૧/૦૭ના રોજ તેના પપ્પાના ઘરે ઘોઘાવદર ગામે હતી ત્યારે મારા પપ્પાએ વાત કરેલ કે જમાઇ (રામભાઇ) એ એસીડ પી લેતાં મરણ ગયેલ છે જેથી આપડે ગુંદાળા જવાનુ છે તેમ વાત કરી હુ તથા મારા મમ્મી તથા મારા પપ્પા તથા મારા કાકા વગેરે ગુંદાળા ગામે આવેલ હતા.

બાદમાં મારા પતિની લાશનુ પોસ્ટમોર્ટમ કરી ઘરે લાવેલ હોય અને અમારા સમાજના રીત રીવાજ મુજબ મારા પતિની લાશની અંતીમવીધી કરેલ અને આ બનાવ બાબતે અમે મારા સસરા તથા મોટા સસરા ઘુઘાભાઈ એ વાત કરેલ કે ગઇકાલે એટલે કે ત્રીસમીના રોજ સાંજના સાતેક વાગ્યાની આસપાસ રામ દારૂ પી ઘરે આવી તમારા સસરા સાથે માથાકુટ કરતો હોઇ જેથી બાપ-દીકરાને માથાકુટ થતા ઝપાઝપી થયેલ જેથી તમારી સાસુએ એસીડની બોટલ આપી પીવડાવતા તેવામાં રામે દેકારો કરતા સસરા બાબુભાઇએ રામને મોઢે ડુચ્ચો મારતા તે મરી ગયો હતો.

આ વાત મોટા સસરાએ કરતાં મેં મારા સાસુ સસરાને પુછતાં તેઓએ કહેલ કે જે કંઇ થયુ છે તે વાત બહાર ન જાય, નહીતર આપડા બધાની આબરૂ જશે અને ગામમાં વાતો થશે. જેથી આ વાત અહી જ ડામી દઇએ તેમ વાત કરેલ અને ત્યારપછી અમે મારા મમ્મી-પપ્પાને મળી આ બનાવ બાબતે વાતચીત કરી ફરીયાદ કરવાનુ નક્કી થતા ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશન ફરીયાદ કરવાનું નક્કી કર્યુ હતું. ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશન ખાતે જાણવા મળેલ કે મારા પતિનુ પોસ્ટમોર્ટમ કરાવેલ તેમાં પણ ડોક્ટર સાહેબે ગળાટુપો આપવાથી મોત થયાનું જણાવ્યું હતું. બંશીબેને વધુમાં કહ્યું હતું કે મારા પતિ અવાર નવાર દારૂ પી ઘરે આવતા હોય ત્યારે મારા સસરા સાથે અવાર નવાર દારૂ પીવા બાબતે બાપ-દિકરા વચ્ચે માથાકુટ થતી હોય અને મારામારી કરતા હોઇ ઓગણત્રીસમીએ મારા પિતાના ઘરે મારા પતિએ દારૂ પી ખેલ કરતા તે બાબતે મારા પપ્પાએ મારા સસરાને વાત કરેલી હાઇ જેથી ત્રીસમીના રોજ સાંજના આસરે સાતેક વાગ્યાના અરસામાં મારા પતિ તથા મારા સસરા વચ્ચે માથાકુટ થતા મારા સાસુ મનીષાબેન ઉર્ફે મોતીબેન તથા મારા સસરા બાબુભાઇ ઉર્ફે અતુલભાઇ બંનેને મળી એસીડ આપી પીવડાવી તથા ગળાટુપો આપી મારા પતિનુ મોત નિપજાવેલ હતું. વધુ વિગતો અનુસાર માતા-પિતાના હાથે હત્યાનો ભોગ બનનાર રામભાઇ બે ભાઇ અને બે બહેનમાં મોટો હતો અને તેણે એગ્રીકલ્ચરમાં ગ્રેજ્યુએશન કર્યુ હતું. તેના પિતા બાબુભાઇને ચાની હોટેલ હોઇ રામભાઇ ત્યાં ક્યારેક બેસતો હતો. મૃત્યુ પામનાર રામભાઇના ચાર મહિના પહેલા ઘોઘાવદરની બંસીબેન સાથે લગ્ન થયા હતાં. બનાવ વખતે બંસીબેન માવતરે આટો મારવા ગયા હતાં.ગોંડલ તાલુકા પોલીસે આ ફરીયાદ અન્વયે હત્યાનો ગુન્હો દાખલ કરી પુત્રને મોતને ઘાટ ઉતારનાર પિતા બાબુભાઇ ઉર્ફે અતુલભાઇ ઘુઘાભાઇ બાંભવા તથા માતા મનીષાબેન ઉર્ફે મોતીબેન બાંભવાની ધરપકડ કરી હતી. વધુ તપાસ પીઆઇ તાલુકાના પોલીસ ઇન્સપેકટર ડામોર આ કેસની વધુ તપાસ કરી રહ્યા છે. આ ઘટનાએ સમગ્ર જીલ્લામાં ચકચાર જગાવી દીધી છે.

તપાસ સમિતિના અધ્યક્ષ હવે IAS કેતન જોશી

ચર્ચાસ્પદ બિલ પાછળ કયા મોટા માથાઓનો હાથ? તપાસના અંતે અનેક ચોંકાવનારા ખુલાસા થવાની સંભાવના

રાજકોટ, તા. ૩

જંગલેશ્વર ડિમોલિશનનો મુદ્દો છે ઘણા સમયથી હાલ ચર્ચાનો વિષય બન્યો છે ત્યારે ડિમોલિશન દરમિયાન ૨૭ લાખથી વધુ ઉના ભોજન ખર્ચની દરખાસ્ત મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટી દ્વારા ફગાવી દેવામાં આવી છે અને ખાસ એક ટીમનું ગઠન કરવામાં આવ્યું છે કે જે આ અંગે સંપૂર્ણ માહિતી એકત્રિત કરી યોગ્ય તપાસ કરશે. ત્યારે અચાનક થી હવે ડેપ્યુટી કમિશનરના બદલે નાયબ કમિશનર અને પીજીવીસીએલના વડા કેતન જોશીને સમિતિના અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે જેની પાછળનું કારણ એ છે કે નંદાણી દ્વારા નિષ્પક્ષ તપાસ ન થાય તેવી શક્યતા અને કોંગ્રેસ દ્વારા આક્ષેપ કરવા આવ્યા હતા. ત્યારબાદ ગઈકાલે અંતિમ ઘડીએ તેઓને સમિતિના અધ્યક્ષ પદેથી હટાવવામાં આવ્યા હતા જેને લઈને ઘણા ખરા પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે.

આ વિવાદ વચ્ચે તપાસ સમિતિ બનાવવામાં આવી ત્યારે બે મોટા ચાર્જ ધરાવતા સરકારના આઈએસ અધિકારીનું કામનું ભારણ જોતા ડે.કમિશનર ચેતન નંદાણીને સમિતિ અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા. હવે આજે કમિશનર તુષાર સુમેરાએ જણાવ્યું હતું કે, આ વિવાદી ખર્ચની સ્વતંત્ર અને સંપૂર્ણ તટસ્થ તપાસ માટે પીજીવીસીએલના એમ.ડી. એવા ઇ.નાયબ કમિશનર કેતન જોશીને તપાસ સમિતિના અધ્યક્ષ બનાવાયા છે. મનપા તંત્ર તપાસમાં જે કંઇ પણ બહાર આવે તેના પરથી જરૂર લાગ્યે કાર્યવાહી કરવાનો ઇરાદો ધરાવે છે. કમીટીનો રીપોર્ટ આવે એટલે આગળની કાર્યવાહી નકકી કરવામાં આવશે.

ચાર દિવસ પહેલા મેયર ડો. નેહલ શુકલએ કમિશનરને પત્ર લખીને તટસ્થ તપાસ કરાવવા ભલામણ કરતા કમિશનર તુષાર સુમેરાએ તત્કાલ તપાસ કમીટીની રચના કરી હતી. ડિમોલીશન વખતે અનિવાર્ય રહેલા ખર્ચમાં પણ કોઇ પણ પ્રકારની અનિયમિતતા હોય તો તે અંગે પણ તપાસ રીપોર્ટના આધારે કાર્યવાહી કરવામાં આવશે તેમ મેયર અને સ્ટે.ચેરમેન પરેશ પીપળીયાએ જાહેર કર્યુ હતું.

શાસકોએ ૨૭ લાખનું બીલ ફગાવ્યા બાદ કમિશનરે પણ વધુ તટસ્થ તપાસના પગલા ભર્યા

જંગલેશ્વર ડિમોલીશન સાથેના ભોજન, નાસ્તા, ફોટોગ્રાફી, પાણી સહિતના ખર્ચ બાબતે જે પ્રશ્નો ઉભા થયા છે તેને સમગ્ર તંત્રએ ગંભીરતાથી લીધુ છે. આ બાબતમાં શાસકો કોઇ ઢીલ રાખવા માંગતા નથી અને તે કારણે જ સ્ટે.કમીટીમાં આ દરખાસ્ત ફગાવી દેવામાં આવી છે. આ કમીટી વિસ્તૃત રીપોર્ટ આપે એટલે જરૂર પડયે પગલા પણ લેવામાં આવશે. સમિતિ તપાસ અહેવાલ આપે તે બાદ સ્ટે.કમીટી અંતિમ નિર્ણય લેશે.

મેયરે તમામ બિલો, ખર્ચની પ્રક્રિયા, મંજૂરીની પદ્ધતિ અને જવાબદાર અધિકારીઓની ભૂમિકા અંગે વિગતવાર તપાસ કરીને અહેવાલ રજૂ કરવા જણાવ્યું હતું. તપાસમાં કોઈપણ પ્રકારની ગેરરીતિ, બેદરકારી અથવા નાણાકીય અનિયમિતતા સામે આવશે તો જવાબદાર સામે નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે. આ કાંડમાં અનેકવિધ અધિકારીઓની સાથોસાથ પદાધિકારીઓની પણ સંડોવણી ખુલે તેવી સંભાવના વ્યક્ત કરાઈ છે .

મહાનગરપાલિકામાં છેલ્લા કેટલાક સમયથી ચર્ચાના ચગડોળે ચડેલા રૂપિયા ૨૭ લાખના એક શંકાસ્પદ બિલના મામલે હવે શાસક પક્ષ અને વહીવટી પાંખ (કમિશનર) બંને આમને-સામને આવી ગયા છે. શાસકો દ્વારા આ બિલમાં વ્યાપક ગેરરીતિ અને ક્ષતિઓ હોવાનું દર્શાવીને તેને સદંતર ફગાવી દેવામાં આવ્યા બાદ, મ્યુનિસિપલ કમિશનરે આ મામલાને અત્યંત ગંભીરતાથી લીધો છે. કમિશનરે માત્ર બિલ અટકાવવા પૂરતું સીમિત ન રહેતા, આ આખી પ્રક્રિયા પાછળ જવાબદાર તત્વોને ખુલ્લા પાડવા માટે વધુ તટસ્થ અને ઊંડી તપાસના આકરા પગલાં ભરવાનું શરૂ કરી દીધું છે. આ કમીટીમાં હવે કેતન જોશીના અધ્યક્ષ સ્થાને અન્ય ડે.કમિશનર ચેતન નંદાણી, હર્ષદ પટેલ, આસી. કમિશનર ભરત કાથરોટીયા, ચીફ એકા. અમીત સવજીયાણી, ટેકનીકલ સીટી ઇજનેર પરેશ અઢીયા મળી કુલ છ સભ્યોનો સમાવેશ થાય છે.બીજી તરફ ૨૭ લાખના ભોજન ખર્ચના વિવાદના મુળમાં ટેન્ડર વગરના ખર્ચ હોય, હવેથી દરેક પ્રકારના રેટ કોન્ટ્રાકટ માટે દરેક શાખાના વર્તમાન રેટ કોન્ટ્રાકટનો રીવ્યુ કરવા અને મુદ્દત પૂર્ણ થઇ હોય તેમાં સત્વરે નવા ટેન્ડર બહાર પાડવાના વહીવટી સુધારા સાથેનો ઠરાવ કરીને કમિશનરને મોકલ્યો હતો. ખુબ ઉંચા ભાવ હોય તેવા ટેન્ડર રદ્દ કરવાના છે. તો નવા ભાવો સ્પર્ધાત્મક આવે તે રીતના ટેન્ડર બનાવવા સૂચના આપવામાં આવી છે.

કમિશનર એક્શન મોડમાં : 'ડોઝિયર' તૈયાર કરવા આદેશ

શાસકોના કડક વલણ બાદ મ્યુનિસિપલ કમિશનરે તુરંત જ એક ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિ અથવા વિજિલન્સ તપાસનો દોર શરૂ કરવાના સંકેત આપ્યા છે. કમિશનરે સ્પષ્ટ કર્યું છે કે જો બિલ ખોટું હતું, તો તે કયા અધિકારીની સહીથી આગળ વધ્યું? અને કોન્ટ્રાક્ટરને ફાયદો કરાવવા માટે કોણે સત્તાનો દુરુપયોગ કર્યો? આ તમામ પાસાઓની તટસ્થ તપાસ થશે, જેથી ભવિષ્યમાં કોઈ આવી હિંમત ન કરે.

મનપાના ભ્રષ્ટ બાબુઓમાં ફફડાટનો માહોલ

આ ઘટનાને પગલે કોર્પોરેશનના ચોક્કસ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. સામાન્ય રીતે આવા બિલો અંદરોઅંદર સેટલ થઈ જતા હોય છે, પરંતુ આ વખતે શાસકોએ લાલ આંખ કર્યા બાદ કમિશનરે પણ કાયદાનો કોરડો વીંઝતા મામલો ગંભીર બન્યો છે. આગામી દિવસોમાં આ મામલે જવાબદાર અધિકારીઓને કારણદર્શક નોટિસ (શો-કોઝ નોટિસ) ફટકારવામાં આવે તેવી પૂરેપૂરી શક્યતા છે.

સરકારનો ઐતિહાસિક ખેડૂતલક્ષી નિર્ણય

વીજ ટાવર-લાઇન વળતરમાં બમણો વધારો

ટાવર બેઝ વિસ્તારની ગણતરીમાં ચારેય બાજુ વધારાના એક મીટરનો ઉમેરો કરાયો, ૭૬૫ કે.વી. લાઇનમાં ૬૨૫ ચોમી ના બદલે ૭૨૯ ચોમી નુ વળતર ચુકવાશે : અગાઉ ત્રણ તબક્કામાં ચુકવણા ના બદલે એકી સાથે શરૂઆતમાં જ ૧૦૦ % ચુકવણું

રાજકોટ, તા. ૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં કૃષિ મંત્રી જીતુભાઇ વાઘાણી, ઉર્જા મંત્રી ઋષિકેશભાઇ પટેલ અને ઉર્જા રાજ્ય મંત્રી કૌશિકભાઇ વેકરીયાએ ખેડૂતો સાથે ચર્ચા, વિચાર વિમર્શ અને પરામર્શ કરીને તેમજ ખેડૂતોના આર્થિક હિતને સર્વોપરી રાખીને એક મહત્વપૂર્ણ અને ઉદાર નિર્ણય લેવામાં આવ્યો છે. ખેતરોમાંથી પસાર થતી વીજ લાઇન, વીજ ટાવર ઉભા કરવા બદલ ખેડૂતોને આપવામાં આવતા વળતરમાં સરકારે વધારો જાહેર કર્યો છે. આ નિર્ણયથી રાજ્યના લાખો ખેડૂતોને તેમની જમીનનું યોગ્ય અને બજાર આધારિત વળતર મળશે.

ખેડૂતોના ખેતરમાંથી પસાર થતી વીજ લાઇન માટે અત્યાર સુધી ખેતરમાં વીજ પોલ કે લાઇન નાખવા માટે ખેડૂતોને

જંત્રીના બમણા દર (૨૦૦%) લેખે વળતર ચૂકવવામાં આવતું હતું. તે પરત્વે વિવિધ ખેડુત સંગઠનો તરફથી મળતી રજુઆતો અન્વયે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા મોટો સુધારો કરીને, જંત્રી આધારિત નહીં પરંતુ જમીનના પ્રવર્તમાન બજાર ભાવ (ખફસિયર્ ઇક્કર્યિ)ના બમણા ભાવ ચૂકવવાનો ખેડૂત હીત લક્ષી નિર્ણય કરવામાં આવ્યો છે.

તે ઉપરાંત અત્યાર સુધી ખેતરમાં નંખાતા વીજ ટાવરના બેઝ (પાયા) વિસ્તારના વાસ્તવિક માપ પ્રમાણે જ વળતર અપાતું હતું. હવેથી ખેડૂતોના ફાયદા માટે ટાવરના બેઝ વિસ્તારની દરેક બાજુએ વધારાના એક મીટરની ગણતરી કરીને વધુ વળતર ચૂકવવામાં આવશે. ઉદાહરણ તરીકે; ૭૬૫ કે.વી. લાઇનમાં અગાઉ ૬૨૫ ચોરસ મીટર લેખે વળતર અપાતું હતું, જેમાં હવેથી દરેક બાજુએ વધારાના એક મીટરની ગણતરી કરી તે મુજબ વધારીને ૭૨૯ ચોરસ મીટર લેખે ચૂકવવામાં આવશે.

અગાઉ જમીનમાલિકોને વળતર અંગે, ફાઉન્ડેશન તબક્કે ૪૦%, ઇરેક્શન વખતે ૪૦% તથા વાયર લગાડયા બાદ ૨૦% રકમ મુજબની ચુકવણી થતી હતી, તેના બદલે જમીનમાલિકોને એક સાથે અને અગાઉથી વળતર ચૂકવવાનું નિર્ધારિત થયેલ છે. ખેડૂતોની જમીનની વાસ્તવિક બજાર કિંમત તટસ્થ અને પારદર્શક રીતે નક્કી થઈ શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા એમ.આર.સીની રચના કરવામાં આવશે. ખાસ વાત એ છે કે આ સમિતિમાં અસરગ્રસ્ત ખેડૂતોના પ્રતિનિધિ અને ખેડુતોના ઓથોરાઇઝ્ડ માર્કેટ વેલ્યુઅરને પણ સ્થાન આપવામાં આવશે, જેથી ખેડૂતોને અન્યાય ન થાય. માર્કેટ રેટ નિર્ધારણ કરવાની સમિતિમાં કલેક્ટરશ્રી, જમીનમાલિકોના પ્રતિનિધિ અને ટ્રાન્સમીશન સર્વિસ પ્રોવાઈડરના પ્રતિનિધિ પણ હશે.

બીજી તરફ, વીજ લાઇનના રાઇટ ઓફ વે કોરિડોર માટે એમ.આર.સી દ્વારા નિર્ધારીત થયેલ બજાર કિંમતના આધારે વિસ્તાર મુજબ વળતર અપાશે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં બજાર કિંમતના ૩૦%, નગરપાલિકા વિસ્તારમાં બજાર કિંમતના ૪૫% અને મહાનગરપાલિકા વિસ્તારમાં બજાર કિંમતના ૬૦% મુજબ વળતર આપવામાં આવશે. રાજ્ય સરકારે આ નિર્ણયમાં ઉદારતા દાખવતા સ્પષ્ટ કર્યું છે કે, જે ખેડૂતોએ અગાઉ જૂના ભાવ પ્રમાણે વળતર મેળવી લીધું હોય, પરંતુ વીજ લાઇનનું કામ હજી પ્રગતિમાં (ચાલુ) હોય, તેવા તમામ ખેડૂતોને આ નીતિ નો લાભ મળવાપાત્ર રહેશે.

પ્રદેશ ભાજપ દ્વારા સંગઠનમાં ધરખમ ફેરફાર

રાજકોટ જિલ્લાના મહામંત્રી પદે વલ્લભભાઈ ઝાંપડીયા

રાજકોટ, તા. ૩

સૌરાષ્ટ્ર ઝોનમાં ભાજપ સંગઠનને વધુ મજબૂત અને વેગવંતુ બનાવવા માટે પ્રદેશ ભાજપ દ્વારા વિવિધ જિલ્લા અને મહાનગરોના પદાધિકારીઓની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. જેમાં રાજકોટ જિલ્લા, જામનગર શહેર, મોરબી જિલ્લા તેમજ અમરેલી જિલ્લાના મોરચાના પ્રમુખ અને મહામંત્રીઓની નિમણૂક કરવામાં આવી છે ત્યારે પ્રદેશ ભાજપ દ્વારા રાજકોટ જિલ્લાના મહામંત્રીની જવાબદારી વિંછીયાના વલ્લભભાઈ ઝાંપડીયાને સોંપી છે. જામનગર શહેર મહામંત્રીની જવાબદારી ભાવેશભાઈ કાનાણીને સોંપવામાં આવી છે.

મોરબી જિલ્લા મહામંત્રી પદે અરવિંદભાઈ વાંસડીયા તો જિલ્લા મંત્રી પદે ભૂમિકાબેન વિંઝવાડીય, તથા જિલ્લા કોષાધ્યક્ષ તરીકે મહેશભાઈ જાનીની નિયુક્તિ કરવામાં આવી છે. અમરેલી જિલ્લાના અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ પદે મુકેશભાઈ બગડા તથા મહામંત્રી પદે શાંતિલાલ પરમાર જ્યારે મહિલા મોરચાના જિલ્લા

પ્રમુખની જવાબદારી રમાબેન હિરપરાને , સાથે મહિલા મોરચા જિલ્લા મહામંત્રીને જવાબદારી ભાવનાબેન ગોસ્વામીને સોંપાઈ છે.

આગામી સમયમાં સંગઠનાત્મક કાર્યોને વેગ આપવા અને પાયાના સ્તરે પક્ષની પકડ મજબૂત કરવાના હેતુથી પ્રદેશ નેતૃત્વ દ્વારા આ પાયાના અને સનિષ્ઠ કાર્યકરોને મહત્વની જવાબદારીઓ સોંપવામાં આવી છે. તમામ નવનિયુક્ત હોદ્દેદારો પર શુભેચ્છાનો વરસાદ થઈ રહ્યો છે.

તળપદા કોળી સમાજથી આવતા વલ્લભભાઈ ઝાંપડીયાએ અગાઉ અનેક મહત્વના પદ પર જવાબદારી નિભાવી છે જેમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદની ચૂંટણી પ્રક્રિયા, જસદણ વિંછીયાના યુવા મહામંત્રી ની જવાબદારી, જસદણ વીંછીયાના ઉપપ્રમુખની જવાબદારી, એટીવીટીના સભ્ય તરીકે ફરજ નિભાવી, રાજકોટ જિલ્લાના મહામંત્રી પદે, પડધરી તાલુકાના પ્રભારી પદે, રાજકોટ જિલ્લાના કિસાન મોરચાના પ્રભારી પડે અનેકવિધ મહત્વની જવાબદારી નિભાવી છે.

સૌરાષ્ટ્ર ઝોનના જિલ્લા-મહાનગરોમા નવા પદાધિકારીઓની નિમણૂક

ગુજરાતમાં ૬ સાયક્લોનિક સિસ્ટમ સક્રિય

જૂનાગઢમાં રેડ એલર્ટ : માછીમારોને દરિયો ન ખેડવા આદેશ, બંદરો પર ૩ નંબરનું સિગ્નલ

રાજકોટ, તા. ૩

ગુજરાતમાં આ વર્ષે મોડુ બેઠેલ નૈઋત્યનુ ચોમાસુ આજે ૩ જુલાઈના રોજ સમગ્ર સૌરાષ્ટ્રને આવરી લઈને અમદાવાદ-ગાંધીનગર સુધી પહોચી ગયું છે. ગુજરાતમાં વરસાદ વરસાવે તેવી વરસાદી સિસ્ટમ આજુબાજુના પ્રદેશમાં સક્રિય હોવાથી, અમદાવાદ-ગાંધીનગરમાં ધોધમાર વરસાદ વરસવાની આગાહી હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલ અને હવામાન વિભાગે કરી છે. બંગાળની ખાડીના ઉત્તર-પશ્ચિમ અને ઉત્તર ઓડિશા અને પશ્ચિમ બંગાળના નજીકના દરિયાકાંઠા પર એક લો પ્રેશર આકાર પામ્યું છે. તેના કારણે ઉપલા ટોપોસ્ફેરિક સ્તરે સાયક્લોનિક સરક્યુલેશન પણ બનેલ છે. જે ઊંચાઈ સાથે દક્ષિણ પશ્ચિમ તરફ ઝુકેલ છે. આગામી બે દિવસમાં આ સિસ્ટમની ગતિવીધી વધુ સ્પષ્ટ થવાની સંભાવના છે.

નીચલા ટોપોસ્ફેરિક સ્તરે ઉત્તર પશ્ચિમ રાજસ્થાનથી લઈને ઉત્તર પશ્ચિમ બંગાળની ખાડી સુધીના સમગ્ર વિસ્તારમાં ચોમાસુ ટ્રફ અને લો પ્રેશરની સ્થિતિ આકાર પામેલ છે. તેની સાથે સાથે શેરય ઝોન ઉપલા અને નીચલા ટોપોસ્ફેરિકની વચ્ચે છે. તો રાજસ્થાન તરફ વધુ એક વરસાદી સિસ્ટમ આકાર પામેલ છે તેનાથી ગુજરાતના અનેક વિસ્તારોમાં આગામી બે દિવસમાં ધોધમાર વરસાદ વરસવાની સંભાવના હવામાન વિભાગે વ્યકત કરી છે. હવામાન વિભાગે આગાહી કરતા કહ્યું છે કે, ગુજરાતમાં વરસાદી માહોલ વધુ સક્રિય બન્યો છે. તો હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે આગામી દિવસોમાં રાજ્યના અનેક વિસ્તારોમાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. તેમના જણાવ્યા અનુસાર, બંગાળના ઉપસાગરમાં સક્રિય થયેલી હવામાન પ્રણાલીને કારણે આગામી બે દિવસ સુધી વરસાદનું જોર યથાવત રહી શકે છે.

ગુજરાતમાં આ ભૌગોલિક સાયક્લોનિક સરક્યુલેશનના લીધે ખાસ કરીને સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતના વિસ્તારોમાં આગામી છ દિવસ સુધી આકાશી આફત વરસી શકે છે. હવામાન વિભાગના નકશા મુજબ, આજે જ રાજ્યના ચાર સંવેદનશીલ જિલ્લાઓમાં અત્યંત ભારે વરસાદના પગલે 'રેડ એલર્ટ' અને અન્ય પાંચ જિલ્લાઓમાં ભારે વરસાદની સંભાવનાને જોતાં 'ઓરેન્જ એલર્ટ' જાહેર કરીને સ્થાનિક વહીવટી તંત્રને સજ્જ રહેવા સુચના અપાઈ છે. આ આકાશી પરિવર્તનની સૌથી ગંભીર અસર દક્ષિણ ગુજરાતના ભાગોમાં જોવા મળશે, જ્યાં આગામી ચાર દિવસ સુધી અતિભારે વરસાદ ખાબકવાની પૂર્વાનુમાન હોવાથી નીચાણવાળા વિસ્તારો અને નદી કિનારાના ગામોને એલર્ટ કરી દેવાયા છે. સિસ્ટમની તીવ્રતાના કારણે સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના જિલ્લાઓ અને મધ્ય ગુજરાતના પંથકોમાં પણ વ્યાપક નુકસાની અને જળબંબાકાર થવાનો ભય સેવાઈ રહ્યો છે. આ તરફ ઉત્તર અને પ્રદેશના અન્ય વિસ્તારોની વાત કરીએ તો, અમદાવાદ અને પાટનગર ગાંધીનગરમાં પણ આજથી જ વાદળછાયા વાતાવરણ વચ્ચે હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડવાની શરૂઆત થવાની મજબૂત સંભાવના છે.

આ કુદરતી સ્થિતિને પહોંચી વળવા સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમોને એલર્ટ પર મૂકવામાં આવી છે. દરિયામાં કરંટ વધવાની શક્યતા હોવાથી માછીમારોને આગામી આદેશ સુધી દરિયો ન ખેડવાની કડક સૂચના આપવામાં આવી છે. સામાન્ય જનજીવન પ્રભાવિત ન થાય તે માટે લોકોને પણ બિનજરૂરી બહાર ન નીકળવા અપીલ કરાઈ છે. સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં રેડ ઍલર્ટ જેવી સ્થિતિ સાથે અત્યંત ભારે વરસાદની ચેતવણી આપી છે. જેમાં સુરત, નવસારી, ડાંગ, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી તેમજ સૌરાષ્ટ્રના જૂનાગઢ, અમરેલી, ગીર સોમનાથ અને દીવનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત અરવલ્લી, દાહોદ, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરુચ, રાજકોટ, પોરબંદર, ભાવનગર અને દ્વારકામાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. જ્યારે જામનગર, બોટાદ, સાબરકાંઠા, ખેડા, આણંદ, પંચમહાલ અને મહીસાગરમાં ભારે વરસાદની આગાહી છે. બીજી તરફ, અમદાવાદ અને ગાંધીનગરમાં ગાજવીજ સાથે સામાન્યથી મધ્યમ વરસાદી ઝાપટાં પડવાની શક્યતા છે. ખરાબ હવામાન અને દરિયામાં ઉછળતા



ભયાનક મોજાં તેમજ ભારે કરંટને પગલે રાજ્યના મુખ્ય બંદરો પર ૩ નંબરનું ભયસૂચક સિગ્નલ લગાવી દેવામાં આવ્યું છે. દરિયાકાંઠાના વિસ્તારોને હાઈ ઍલર્ટ પર રાખવામાં આવ્યા છે અને વહીવટી તંત્ર દ્વારા માછીમારોને આગામી સૂચના ન મળે ત્યાં સુધી દરિયો ન ખેડવા માટે કડક તાકીદ કરવામાં આવી છે.